بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૦**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૧-૧૪૩૨

વર્ષ : ૦૭, અંક : ૧૨, સળંગ અંક : ૮૪

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


૦૧ હઝરત સૈયદ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ ૦૨

૦૨ **મુહર્રમની રસમો સિવાય હુસૈને પાકથી આપણે સબક શું લીધો ?!** *(તંત્રી લેખ)* ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૦૯

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૧

૦૫ અવલિયા અલ્લાહની કરામતો ૧૩

૦૬ ફતવા વિભાગ ૧૭

૦૭ નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... ૧૮

૦૮ ૭૩માં એક કોણ ? ૨૧

૦૯ હુઝૂર صلی اللہ علیہ وسلم ના ઈલ્મે ગયબનો ઈન્કાર એ કુર્આનનો જ ઈન્કાર છે ! ૨૬

૧૦ ફઝાઈલે અહલે બૈત અને અમુક બનાવટી રિવાયતો ૩૫

૧૧ ઈસ્લામ અને ભાઈચારગી ૪૧

૧૨ સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ૪૩

૧૩ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


## દિલ દર્દ સે બિસ્મિલ કી તરહ લોટ રહા હો

**અઝ : ઉસ્તાદે ઝમન "હસન રઝા" બરેલ્વી** رحمۃ اللہ علیہ

દિલ દર્દ સે બિસ્મિલકી તરહ લોટ રહા હો
સીને પે તસલ્લી કો તેરા હાથ ધરા હો

ગર વકતે અજલ સર તેરી ચૌખટ પે ઝુકા હો
જિતની હો કૂઝા એક હી સજદે મેં અદા હો

ફિરદૌસ કે બાગોં સે ઉધર મિલ નહીં સકતા
જો કોઈ મદીને કે બયાબાં મેં ગુમા હો

દેખા ઉન્હે મેહશર મેં તો રહમત ને પુકારા
આઝાદ હૈ જો આપકે દામન સે બંધા હો

આતા હૈ ફકીરોં પે ઉન્હેં પ્યાર કુછ ઐસા
ખૂદ ભીક દે ઔર ખૂદ કહે મંગતા કા ભલા હો

વિરાં હો જબ આબાદ મકાં સુબ્હે કયામત
ઉજળા હુવા દિલ આપકે જલ્વોં મેં બસા હો

જબ દેનેકો ભીક આએ સરે કુએ ગદાયા
લબ પર યે દુઆ થી મેરે મંગતાકા ભલા હો

દે ડાલિયે અપને લબે જાં બખ્શ કા સદકા
એ ચારએ દિલ દર્દે **"હસન"** કી ભી દવા હો

# હઝરત મીર સૈયદ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ

રજૂ : **અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર**

હઝરત મીર સૈયદ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہનો જન્મ મુબારક હિ.સ. ૬૮૮માં થયો. આપ સિમનાનના શાહી ખાનદાનથી હતા. આપના વાલિદ સુલ્તાન ઈબ્રાહીમ એ સિમનાનના બાદશાહ હતા. આપનાં વાલિદા માજિદાનું નામ ખદીજા બેગમ હતું.

આપની પ્રારંભિક તાલીમ તથા કેળવણી આપના પિતાના હાથ હેઠળ થઈ. આપે સાત વરસની વયે કુર્આન શરીફ હિફઝ કરી લીધું અને કિરાઅત પણ શીખી લીધી. ૧૪ વરસની વયે જાહેરી ઈલ્મોની પ્રાપ્તિથી ફારિગ થઈ ગયા. હજી આપ જાહેરી ઈલ્મોથી ફારિગ જ થયા હતા એવામાં આપના પિતાનો ઈન્તેકાલ થઈ ગયો અને આપ તખ્ત પર બેઠા અને હુકૂમતની લગામ સંભાળી.

આપ હઝરત અવૈશી કરખીની ઝિયારતથી ખ્વાબમાં મુશર્રફ થયા. તેમણે ઝિક્રે અવૈશિયા આપને તાલીમ ફર્માવ્યો. આપ એ ઝિક્રમાં મશગૂલ થયા. એક દિવસે હઝરત ખિઝર علیہ السلامએ તશરીફ લાવીને આપને ફર્માવ્યું કે, ''જો ખુદાની તલબ છે તો દુનિયાને છોડ ! હિંદુસ્તાન જા અને શેખ અલાઉદ્દીન બંગાલીથી પોતાનો હિસ્સો લે.''

હઝરત ખિઝર علیہ السلامની નસીહત આપના જીવનમાં ક્રાંતિ સર્જી ગઈ, આપે તખ્તો તાજનો ત્યાગ કરીને હુકૂમત સુલ્તાન મેહમૂદને સુપ્રત કરી અને પોતાનાં વાલિદાથી ઈજાઝત લઈને હિંદુસ્તાન રવાના થયા. માર્ગમાં ઔચ સ્થળે પહોંચીને હઝરત મખ્દૂમ જહાંનિયા જહાંગશત رحمۃ اللہ علیہ ના રૂહાની ફયૂઝો બરકાતથી માલામાલ થયા. પછી દિલ્હીથી બંગાલ રવાના થયા ત્યાં હઝરત શૈખ અલાઉદ્દીન બંગાળી رحمۃ اللہ علیہએ આપનું શાનદાર સ્વાગત કર્યું. આપના આગમન પર ખુશી પ્રદર્શિત કરી અને પોતાની ઈરાદતના વર્તુળમાં આપને સામેલ કરી લીધા. 'જહાંગીર' લકબ વડે આપને નવાજયા અને ખિલાફતના ખિર્કા વડે સરફરાઝ કર્યા.

આપના પીરો મુર્શિદ હઝરત શયખ અલાઉદ્દીન બંગાલીએ આપને જોનપુર જવાની હિદાયત ફર્માવી. જોનપુરથી આપ હરમૈન શરીફૈનની ઝિયારતના માટે રવાના થયા. ત્યાંથી આપ નજફ શરીફ, કર્બલાએ મુઅલ્લા, દમિશ્ક, બગદાદ થઈને પોતાના વતન સિમનાન રવાના થયા. મશહદમાં આપની મુલાકાત અમીર તૈમૂરથી થઈ. મશહદથી હિરાત, માદરઅલ હિન્દ, તુર્કસ્તાન, બુખારા, ગઝની, કાબુલ, મુલ્તાન, અજોધન, દિલ્હી, અજમેર, ગુલબર્ગા, સરન્દીપ, ગુજરાત થઈને કિછૌછા પરત આવી ગયા અને પોતાની ખાનકાહમાં કયામ કર્યો.

આપ જાહેરી તથા બાતિની ઈલ્મોના સંગમ છે. આપે ચાર ખાનવાદાઓથી ફયઝ હાંસલ કર્યો. આપ ઈલ્મે ઈબાદત, રિયાઝત, મુજાહિદા, ઝોહદો તકવા, હિલમ, જૂદો સખા, તહમ્મુલ તથા બુર્દબારી (સહનશીલતા)માં અજોડ હતા. આપ કશ્ફો કરામતવાળા બુઝુર્ગ છે. આપે કેટલીયે કિતાબો લખી છે. ખુલફાએ રાશિદીન પર આપનો એક રિસાલો તથા 'બશારાતુલ મુરીદૈન' આપની પ્રખ્યાત કિતાબો છે. આપના મક્તૂબાત (પત્રો) તસવ્વુફ તથા ઈર્ફાનનો અણમોલ ખજાનો છે. આપ શાયર પણ હતા, આપનો તખલ્લુસ 'અશરફ' છે. આપના કેટલાંક કથનો રજૂ કરવામાં આવે છે જેને વાંચો અને તેના પર અમલ કરવા કોશિશ કરો :–

★ જે શખ્સ રિયાઝત તથા મુજાહિદા ન કરે તેને મુશાહિદાની દૌલત હાંસલ નથી થઈ શકતી.

★ અરબાબે ઝૌકની નજીક જો એક શ્વાસ પણ નિસ્બતે શરીફાથી ખાલી હોય છે તો અહલે દિલ એને મુર્દા તસવ્વુર કરે છે.

★ વલીના માટે એક શર્ત એ પણ છે કે આલિમ હોય, જાહિલ ન હોય, મુફસ્સિર હોય મુત્તસ્સિલ ન હોય.

★ કોઈને તુચ્છકારની નજરે ન જોવો જોઈએ કેમ કે મોટાભાગે એમાં ખુદાના દોસ્ત છુપા રહે છે.

★ સૂરએ યાસીન જે કામના માટે પઢે તે કામ પૂર્ણ થાય છે.

આપનો વિસાલ **૨૭–મુહર્રમ** હિ.સ. ૮૦૮માં થયો. આપનો મઝાર પુરઅન્વાર કિછોછા શરીફમાં ખાસ તથા આમના માટે શરણની જગા છે. આજે પણ આપના મઝાર પર આસેબની અસર દૂર થાય છે. એવા લોકો (જિનની અસરવાળા) આપના મઝાર મુબારકની બરકતથી સારા થઈ જાય છે. એવું પણ કહેવાય છે કે આપનું નામ મુબારક પઢીને દમ કરી દેવાથી આસેબઝદાની અસર જતી રહે છે.

*(હવાલો : ખુમખાનાએ તસવ્વુફ)*

# મુહર્રમની રસમો સિવાય હુસૈને પાકથી આપણે સબક શું લીધો ?!

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન - દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ - હક્ક઼ કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન**

–(હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)

**તંત્રી લેખ.....**

મુહર્રમની દસમી તારીખનું ઈસ્લામમાં ખૂબ જ મહત્વ છે. હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''માષબત બિસ્સુન્નહ''માં લખે છે કે ઈબ્ને જવઝીએ ઈબ્ને અબ્બાસથી વર્ણન કર્યું કે મુહર્રમની દસમી તારીખ તે છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلامની તૌબા ક઼બૂલ ફર્માવી. હઝરત ઈદરીસ علیہ السلامને ઉચ્ચ મર્તબા પર બિરાજમાન કર્યા. એ જ દિવસે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર આગને ઠંડી કરી. એ જ દિવસે હઝરત નૂહ علیہ السلامની કશ્તી પાર લગાડી અને એ જ દિવસે હઝરત મૂસા علیہ السلام પર તૌરાત નાઝિલ ફર્માવી. હઝરત યૂસુફ علیہ السلام એ જ દિવસે કૈદખાનાથી બહાર આવ્યા અને હઝરત યાકૂબ علیہ السلامની બીનાઈ પરત આવી અને એ જ દિવસે હઝરત યૂનુસ علیہ السلامને માછલીના પેટથી કાઢવામાં આવ્યા. બની ઈસ્રાઈલના માટે દરિયો પણ એ જ દિવસે ફાડવામાં આવ્યો. જે શખ્સ આ દિવસે રોઝો રાખે તે ચાલીસ વરસનો કફ્ફારો થશે. જેણે એ દિવસે ઈબાદત કરી તેણે સાતેવ આસ્માનોવાળાઓના બરાબર ઈબાદત કરી. (સુબ્હાનલ્લાહ !)

### ★ યાદે હુસૈન ફક્ત પ્રોગ્રામો પૂરતી ન હોવી જોઈએ !! ★

આ સર્વ ફઝીલતો ઉપરાંત મુહર્રમ શરીફની દસમીનું મહત્વ એટલા માટે પણ છે કે એ જ દિવસે ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતે પાકના ફરઝંદો તથા હુસૈનના ફિદાઈઓ કર્બલાની તપતી રેત પર ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા રહી દીને હક્ક઼ની રક્ષા ખાતર પોતાની જાનોને રાહે ખુદામાં કુર્બાન કરીને શહાદતના જામ પીએ છે. વર્તમાનકાળમાં વિશેષતઃ મુહર્રમ શરીફને ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતની નિસ્બતથી જ લોકો અધિક માને છે તથા આપની બારગાહમાં ખિરાજે અક઼ીદતના તૌર પર શોહદાએ કર્બલાના ઝિક્રની મેહફિલો થાય છે, કુર્આને પાકની તિલાવત કરવામાં આવે છે, શરબત તથા અન્ય ખાવાની ચીજો પર ફાતિહા અપાવીને શહીદોની રૂહોને ઈસાલે સવાબ માટે ન્યાઝો થાય છે, ગરીબોને ખૈરાત સદક઼ા વહેંચાય છે વગેરે. આ સર્વ ચીજો કરવી સારી વાત છે. **પણ શું કેવળ ઈમામ હુસૈનની યાદમાં આવા બધા પ્રોગ્રામો કરી લઈએ અને આપણા જીવનમાં, આપણા અખ્લાકમાં, આપણા કલ્ચરમાં ઈસ્લામને, ઈસ્લામી તાલીમાતને સ્થાન ન આપીએ તો ઈમામે હુસૈન رضی اللہ عنہની રૂહ ખુશ થઈ જશે ?!** શું તેમણે ખાનદાન, દોસ્તો, સાથીઓ સહિત ફક્ત એટલા જ માટે જાનની કુર્બાની વહોરી હતી કે **આપણે ફક્ત પ્રોગ્રામો કરતા રહીએ અને ઈસ્લામી શરીઅતથી ઉલ્ટુ જીવન જીવ્યા કરીએ !! યાદે હુસૈન ફક્ત પ્રોગ્રામો પૂરતી ઔપચારિક રૂપે ન હોવી**

**જોઈએ, બલ્કે તમો હુસૈની છો તો જીવનની પળે પળમાં એમની શહાદતને તથા કુર્બાનીને લક્ષમાં રાખો કે શા માટે તેમણે આટલી મહાન કુર્બાની આપી હતી ?!**

**★ ઈમામે હુસૈને જાન આપી પણ યઝીદના હાથમાં હાથ કેમ ન આપ્યો ? ! ★**

ઈમામ હુસૈન رضی اللہ عنہએ યઝીદ પલીદથી બયઅતનો (તેના હાથમાં હાથ આપવાનો) ઈન્કાર એટલા માટે કર્યો કે તે ફાસિક઼ તથા ફાજિર હતો, બદ અખ્લાક઼, શરાબી, વ્યભિચારી, જાલિમ, બેઅદબ ગુસ્તાખ હતો, તેની બદમાશીઓ એવી હતી કે બદમાશો પણ શરમાય જાય. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલા رضی اللہ عنہ ફર્માવે છે કે, ''ખુદાની ક઼સમ ! યઝીદ પર હુમ્લાની તૈયારી અમે ત્યારે કરી જયારે અમને યક઼ીન થઈ ગયું કે હવે અમારા પર આસ્માનથી પથ્થર વર્ષા થશે, કેમ કે તેના ફિસ્ક઼ો ફુજૂર (ગુનાહો)નો એ આલમ હતો કે લોકો પોતાની મા, બહેનો, બેટીઓ સાથે નિકાહ કરી રહ્યા હતા. શરાબ પીવામાં આવી રહી હતી અને યઝીદ ખૂદ એ સ્ત્રીઓથી શાદીઓ કરી રહ્યો હતો જેને ઈસ્લામે મેહરમોમાં ગણી છે. લોકોએ નમાઝો છોડી દીધી હતી. તથા અન્ય ઘણી બધી ખરાબીઓ તથા મના કરેલ ચીજોનો એલાનિયા રિવાજ થઈ ગયો હતો. *(તારીખે ખુલફા, સવાનેહે કર્બલા)*

યઝીદ પલીદે મદીનાપાક તથા મક્કા મુકર્રમાની બેહુર્મતી કરાવી, આ બંનેવ પવિત્ર સ્થળો પર હુમ્લો કર્યો. હજારો સહાબા તથા સહાબિયાતને શહીદ કર્યા. મસ્જિદે નબવી શરીફમાં ઘોડા બાંધ્યા ત્યાં સુધી કે ઘોડાઓએ લીંડ પેશાબ કર્યો. અને ત્રણ દિવસ સુધી મસ્જિદે નબવીમાં નમાઝ ન થઈ. એ જ પ્રમાણે મક્કા મોઅઝ્ઝમા તથા ખાનએ કાબા પર પથ્થર વરસાવ્યા, કા'બાના ગિલાફને સળગાવવામાં આવ્યો અને સૈયદાણીઓની બેઈજ્જતી કરવામાં આવી અને હજારો સહાબાએ કિરામને અહીં પણ શહીદ કર્યા.

રૂયાનીએ પોતાની મુસ્નદમાં દર્શાવ્યું. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ જણાવે છે કે મેં ગયબદાં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે, ''મારી સુન્નતને બદલનારો સૌ પ્રથમ બની ઉમૈયાનો એક શખ્સ થશે જેનું નામ "યઝીદ" હશે. *(તારીખુલ ખુલફા)*

અબૂ યઅલાએ પોતાની મુસ્નદમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, ''મારી ઉમ્મત હમેશાં અદલો ઈન્સાફ પર ક઼ાયમ રહેશે, ત્યાં સુધી કે બની ઉમૈયામાં યઝીદ નામનો એક શખ્સ થશે, જે આ અદલમાં ભંગાણ ખડુ કરશે.'' *(તારીખુલ ખુલફા, સવાઈકે મુહર્રમ, બહવાલા તારીખે કર્બલા)*

અલ્‌બિદાયા, ભાગ–૮, પેજ–૨૩૫માં અલ્લામા ઈબ્ને કષીર લખે છે કે એ રિવાયત કરવામાં આવી કે, યઝીદની બાબત એ મશ્હૂર છે કે એ વાજિંત્રો, દારૂ પીવું, ગાયનો સાંભળવા, શિકાર કરવો, યુવાન છોકરાઓ અને ગાવાવાળીઓ અપનાવવી, કૂતરા રાખવા, આખલા, ઘેટાં અને વાંદરાઓમાં મુકાબલો કરાવવો (વગેરેમાં) લાગેલો રહેતો હતો.

وَمَامِنْ يَوْمٍ اِلَّا يُصْبِحُ فِيْهِ مَخْمُوْرًا "કોઈપણ સવાર એવી ન હોતી જેમાં એ નશામાં ન હોય." એ વાંદરાને ઝીનથી શણગારેલ ઘોડા પર બંધાવતો અને દોડાવતો, વાંદરાને સોનાની ટોપી પહેરાવતો અને આમ જ છોકરાઓને એ ઘોડાઓની રેસ પણ કરાવતો. જ્યારે વાંદરો મરી જતો તો એના પર શોક કરતો. (અહલે બયતના યુવાનોને મારી નાખવા પર એને અફસોસ ન થયો પણ વાંદરાને મરી જવાથી એને શોક થતો. અલ્લાહની પનાહ !)

સારાંશ કે આવા બદમાશ શખ્સને મુસલમાનોનો અમીર જો ઈમામે હુસૈન જેવી પાકીઝા શખ્સિયત

સ્વીકારી લેત તો એનો વિરોધ કરનાર કોઈ ન રહેત અને તેનાં કાળાં કરતૂતો ઈસ્લામની શરીઅતની અસલિયતને બેડોળ કરી નાખત. પણ ઈમામે હુસૈને યઝીદથી બયઅતનો ઈન્કાર કરીને દર્શાવી આપ્યું કે **હે મારા ચાહવાવાળાઓ ! અય હુસૈનીઓ ! જાન જાય તો જવા દેશો પણ શરીઅતનું ઉલ્લંઘન કરે તેને તમારો સરદાર કે અમીર ન બનાવશો.** પોતાની તથા પોતાના જિગરના ટુકડાઓની ધડથી જુદા થઈ તડપતી લાશો જોવાનું ગવારા કર્યું, પોતાની જાન પણ છેવટે કુર્બાન કરી અને અહલે બયતની પાકીઝા ખાતૂનોને અલ્લાહ ભરોસો છોડી જવાનું માન્ય રાખ્યું પણ ઈસ્લામની શરીઅતને આંચ આવવા ન દીધી, અને પોતાના ચાહકોને એ પયગામ આપ્યો કે **શરીઅતની રક્ષા કાજે, દીને ઈસ્લામની અસલી રૂહને બાકી રાખવા ખાતર ખાકો ખૂનમાં ભળી જશો, પણ નાનાજાનની શરીઅતનું અપમાન થતુ સહન ન કરશો ! અને ઈસ્લામી શરીઅતના બાગીઓ સાથે કોઈ કાળે સમાધાન ન કરશો !**

### ★ યાદે હુસૈન મનાવવાનો શ્રેષ્ઠ તરીક઼ો ! ★

જ્યારે યઝીદ પલીદને ખબર થઈ કે કર્બલાના કેદીઓ અને ઈમામ હુસૈનનું ધડથી અલગ થયેલ સર મુબારક દમિશ્ક પહોંચવાની તૈયારીમાં છે તો તેણે આખા શહેરને સજાવ્યું અને લોકો ખુશીમાં વાજિંત્રો વગાડવા લાગ્યા. સહાબીએ રસૂલ હઝરત સહલ رضی اللہ عنہએ જ્યારે જાણ્યું કે ઈરાક઼વાળાઓએ યઝીદની સેવામાં ઈમામ હુસૈનનું સર મુબારક હદિયારૂપે મોકલ્યું છે ! તો આપ શહેરના દરવાજે પહોંચ્યા ભાલાની અણીએ ઊંચે ટેકવેલ સર મુબારક જોઈને અનાયાસે રડી પડયા. અહલે બયતમાંથી એકે પૂછયું કે તમે શા માટે રડો છો ? હઝરત સહલે જવાબ આપ્યો કે તમારું નામ શું છે ? ફર્માવ્યું, સકીના બિન્તે હુસૈન છે : તેમણે કહ્યું, હું તમારા નાના જાનનો સહાબી છું, મારા લાયક કોઈ કામ હોય તો હુકમ કરો ! સકીનાએ કહ્યું કે મારા વાલિદના સરને સૌથી આગળ કરાવી આપો જેથી લોકો એ તરફ ધ્યાનીત થઈ જાય અને અમારાથી દૂર થઈ જાય. હઝરત સહલ رضی اللہ عنہએ ચારસો દિરહમ આપીને હઝરત ઈમામના સર મુબારકને ઔરતોથી દૂર કરાવી આપ્યું. *(તઝકેરા, પેજ–૧૦૭, ખુત્બાતે મુહર્રમ)*

**આજે જે લોકો વાજતે ને ગાજતે શરીઅતના હુકમોની અવગણના કરીને તાઝીયાના જુલૂસો કાઢે છે** તેઓ જાણી લે કે **આ ઈમામે હુસૈનની મહોબ્બતના પ્રદર્શનનો તરીકો હરગિઝ નથી !** બલ્કે મુહર્રમમાં **વાજાં, ત્રાંસા, ઢોલ વગેરે વાજિંત્રો વગાડવાં એ** ઈમામે હુસૈનના દુશ્મનો **યઝીદીઓનો તરીકો છે.** શું રંજ મનાવવા માટે પણ કોઈ વાજિંત્રો વગાડતો જોયો છે ?! હા ! ઈમામે હુસૈનની શહાદતની ખુશીમાં યઝીદીઓએ વગાડયાં હતાં.

તો હુસૈનીઓ ! હે અહલે બયતથી મહોબ્બતના દાવેદારો ! કાંઈ સમજો ! અને મુહર્રમમાં આવાં હરામ કામોથી ભરચક જુલૂસોને બંધ કરો ! તમને ખરેખર ઈમામે હુસૈનથી મહોબ્બત છે તો **આજે મુહર્રમની દસમીએ તો તૌબા કરવી જોઈએ કે જે જે ખરાબીઓને લીધે ઈમામે હુસૈન** رضی اللہ عنہએ યઝીદથી બયઅત ન કરી અને સર્વે અહલે બયતે શહાદત વહોરી, તે સર્વ ખરાબીઓ જેને મિટાવવા માટે અહલે બયતનું ખાનદાન ખાકો ખૂનમાં ભળી ગયું તથા અહલે બયતની પાકીઝા ખાતૂનોને કૈદી બનાવવામાં આવી, ઈમામે હુસૈન તથા ફરઝંદોનાં સરોને નેજાઓ પર ટીંગાડીને શહેર શહેર ધૂમાવવામાં આવ્યાં... તો આજથી એ સર્વ ખરાબીઓથી હું તૌબા કરું છું કે હવે પછી કદી એ બુરાં કામો કરીશ નહીં.

## ★ યઝીદી કામો કયાં કયાં છે ?! ★

ઉપરોકત લખાણને વારંવાર વાંચો ! જાણી લો કે **"નમાઝ છોડી દેવી એ યઝીદી કાર્ય છે. વાજિંત્રો વગાડવાં એ યઝીદી કાર્ય છે, શરાબ પીવી એ યઝીદી કાર્ય છે, વ્યભિચાર કરવો એ યઝીદી કાર્ય છે, પોતાની ઔરતોને બેપર્દા બજારોમાં પાર્કોમાં ફેરવવી કે ફરવા દેવી એ યઝીદી કાર્ય છે. નામેહરમ સ્ત્રીઓના ડાન્સ જોવા કે તેમના પર નિગાહો કરવી એ યઝીદી કાર્ય છે, ઉધ્ધત વર્તન કરવું એ યઝીદી કાર્ય છે, દાઢી મૂંડાવવી કે મુઠ્ઠીથી કમ કરવી એ યઝીદી કાર્ય છે બલ્કે આ સુન્નતને મિટાવનાર પ્રથમ શખ્સ યઝીદ જ હતો ! કોઈનો હક્ક મારવો અને હરામ માલ ખાવો એ યઝીદી કાર્ય છે, હરામ ધંધા કરી માલ, મિલ્કત, દૌલત, સત્તા પ્રાપ્ત કરવી યઝીદી કાર્ય છે. જૂઠુ બોલવું યઝીદી કાર્ય છે....** વગેરે શરીઅત વિરૂધ્ધ ચાલવું એ યઝીદી કિરદાર છે અને યઝીદનું અનુસરણ જ છે !

તો હે હુસૈની ભાઈઓ તથા બહેનો ! તમો તમારી પોતાની જાતને પ્રશ્ન કરી લો કે તમે કિરદારમાં હુસૈની છો કે યઝીદી છો ?! જો તમને જણાય કે તમે કિરદારના યઝીદી છો તો એ સર્વ બુરાઈઓથી સત્વરે તૌબા કરી શરીઅતના તથા રસૂલેપાક ﷺની સુન્નતોના પાબંદ બની જાવ તો ઈમામે હુસૈન رضی اللہ عنہની સાચી યાદ તમોએ મનાવેલી ગણાશે અને તમો હવે સાચા હુસૈની કહેવાશો.

હે પ્યારી હુસૈની બહેનો ! ઉપરોક્ત લખાણમાં હઝરત સકીના બિન્તે હુસૈન رضی اللہ عنہاએ સહાબીએ રસૂલ હઝરત સહલ رضی اللہ عنہને જે સર મુબારક આગળ લઈ જવા જણાવ્યું તે શા માટે ? એટલા માટે કે જેથી લોકો એમના તરફ ન જુએ, જ્યારે કે સૌ અહલે બયતની નેક ખાતૂનો પર્દો કરેલ હાલતમાં હતી ! વિચારો ! શું તમારામાં આ હુસૈની કિરદારની ઝલક છે ?! શું તમો તમારા શરીરને ગૈરોથી છુપાવો છો કે બની ઠનીને ફેશનની પૂતળી બનીને ફરો છો ? શું તમો ગૈરોથી તમારા શરીરને ચહેરાને છુપાવો છો કે મોડેલ જેમ અંગોનું પ્રદર્શન કરતી ફરો છો ? વિચારો ! બહેનો ! આ બધુ સાચવવા તો ઈમામે હુસૈન શહીદ થયા અને તમે હુસૈને પાકની મહોબ્બતનો દાવો પણ કરો છો અને યઝીદને જે પસંદ હતું તેવો દેખાવ બનાવીને ફરો છો ! તમોને મહોબ્બતે હુસૈનનો વાસ્તો ! તૌબા કરી લો અને ઈસ્લામની પાબંદ બની જાવ, શરીઅતની પાબંદ બની જાવ.

તમારા પર સહેજ મુસીબત આવે તો તમો ઓઢણીઓ ફંગોટી દો છો અને વાળો વિંઝોટીને પછડાક્યાં ખાઈને ચીસો પાડી રડો તથા હાય વોય કરો છો, પણ અહલે બયતની આ પાકીઝા ખાતૂનો માટે કોઈ દુશ્મન પણ એવું કહી શકે તેમ નથી કે તેમના પર જુલ્મોના પહાડ તૂટયા છતાં બેપર્દગીનું પ્રદર્શન કે હાય વોય તેમણે કરી હોય ! સુબ્હાનલ્લાહ ! તો મારી પ્યારી બહેનો ! તમો પણ એ જ કિરદારને અપનાવો અને બેપર્દગીને ત્યજીને બાપર્દા જીવન શરૂ કરો એ જ સાચા અર્થમાં હુસૈની હોવાની દલીલ છે. જેનાથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ પણ રાજી રહેશે અને અહલે બયતની રૂહો પણ ખુશ થશે.

## ★ એક અફસોસનાક દશ્ય જે મેં જોયું ! ★

એકવાર મુહર્રમના અરસામાં એક જગાએ મારે જવાનું થયું, તો ત્યાં મુસલમાન નવયુવાન છોકરા તથા છોકરીઓ (ફેશનેબલ વર્તમાન પોશાકમાં) કુંડાળુ વળીને જેમ ગરબામાં ગાય છે તેમ નાચી રહી હતી અને વચ્ચે એક આદમી બેઠો બેઠો ઢોલ વગાડી રહ્યો હતો. મને ખૂબ જ આશ્ચર્ય થયું તો મેં પૂછયું કે આ શું થઈ રહ્યું છે ?! તો જણાવવામાં આવ્યું કે, "માતમ ખેલે છે !" વિચારો ! આ કેવી જેહાલત છે ?! "માતમ"ને વળી ખેલવામાં પણ આવે છે ?! અને વળી શહીદોનો "માતમ" (શોક) ઈસ્લામમાં છે જ નથી ! શહીદ ઝિંદા છે, અને ઝિંદાનો માતમ નથી હોતો !

**હુસૈન કા નામ ઔર માતમ ! નહીં યહ અહલે સુનન કા શેવા**
**શહીદ મરતે નહીં હૈ "નઝમી" કુર્આન એલાન કર રહા હૈ**

ભાઈઓ ! બહેનો ! સમજો આ ખરાબીઓ જેને ઈસ્લામથી અહલે સુન્નતથી કાંઈ જ લેવા દેવા નથી, છતાં વહાબી દેવબંદીઓ જાહિલોનાં આવાં કુકર્મોને સુન્નિયત સાથે જોડીને અજ્ઞાનોને બેહકાવી પોતાના તરફ ઘસડી જાય છે કે સુન્નીઓમાં આ બધું જાઈઝ છે ! સમજો ! તમારા કારણે સુન્નિયત બદ્‌નામ થઈ રહી છે, તૂટી રહી છે ! આ ખરાબ કામોથી તૌબા કરો ! પ્યારી બહેનો ! કર્બલાની ધરતી પર અહલે બયતના સર્વ ફરઝંદો પછી છેલ્લે ઈમામે હુસૈન શહીદ થઈ ગયા, બીમાર નાની વયના ઝયનુલ આબિદીન સિવાય કોઈ મર્દ અહલે બયતના તંબૂમાં નથી. કલ્પના કરો કે બેસહારા આ પાકીઝા ખાતૂનો ત્રણ દિવસની ભૂખ્યી, પ્યાસી, પાણીનું ટીપુ નથી, સામે ખાનદાનના યુવાનો, સગીરો તથા ઈમામે હુસૈન વગેરેની લાશો પર યઝીદીઓ ઘોડા દોડાવી રહ્યા છે, છતાં આવી ભયાનક યાતનાના સમયે અસરનો સમય થાય છે તો હઝરતે ઝયનબ رضی اللہ عنہا અહલે બયતની ખાતૂનોને નમાઝનો હુકમ આપે છે કે, "નમાઝ પઢી લો !" અર્ઝ કરવામાં આવે છે કે, "પાણી ટીપુ નથી વુઝૂ શાનાથી બનાવીએ ?! ફર્માવ્યું, "તયમ્મુમ કરી લો !" અર્ઝ કરવામાં આવી, " સઘળી જમીન લોહીથી લથપથ છે કયાં તયમ્મુમ પણ કરીએ ? !" ફર્માવ્યું, "ગમે તેમ કરીને તયમ્મુમ કરો પણ નમાઝ જવા ન દો !" અને સૌ નમાઝ પઢે છે.

વિચારો ! હુસૈની ભાઈઓ બહેનો ! કર્બલાના મન્ઝરને આંખો સામે લાવો કે નજરો સમક્ષ જિગરના ટુકડા કપાઈને પડયા છે, ઘરના મોભીનું સર ઘડથી અલગ પડયું છે, જાહેરી કોઈ સહારો જણાતો નથી, ઉપરથી ત્રણ દિવસનાં ભૂખ્યાં તરસ્યાં ! તો કોના હોશ હવાસ ઠેકાણે રહી શકે ?! પણ આ અહલે બયતનું ખાનદાન છે જે શરીઅત વિરૂધ્ધ કદમ મૂકે તે અશકય છે ! કેમ કે રસૂલે પાક ﷺની તાલીમ તેમને ડાયરેકટ મળી છે. હે હુસૈની ભાઈઓ–બહેનો ! તમે પણ સાચે જ અહલે બયતના ચાહક છો તો આ પ્રસંગો પરથી બોધ લો અને નિશ્ચય કરી લો કે દુનિયા લૂટાઈ જાય પણ એક સમયની નમાઝ કઝા પણ થવા નહીં દઈએ ! તો એ જ સાચી ખિરાજે અકીદત તેમની બારગાહમાં તમોએ પેશ કરેલી ગણાશે અને મહબ્બતે હુસૈનના નામ પર વર્તમાન "તાઝીયાદારી" તથા તેના જુલૂસોમાં શું શું ખરાબીઓ થાય છે તેને નજરો સમક્ષ લાવો અને જાતે જ સમજી લો કે એ રસમ કેટલી ઈસ્લામ તથા શરીઅત વિરૂધ્ધની છે.

## ★ શું તમારા અખ્લાક (વર્તન) આવા છે ખરા ?! ★

હે પ્યારા સુન્ની ભાઈઓ–બહેનો ! અંતમાં એક દિલચશ્પ વાકયો અખ્લાકે હુસૈન વિશે વર્ણવું છું જેને વારંવાર વાંચો અને બોધ ગ્રહણ કરો.

એક દિવસે આપના ત્યાં કેટલાક માનપાત્ર મહેમાનોની દાવત હતી. એક ગુલામે એક ખાવાનું કિંમતી વાસણ લાપરવાહીમાં તોડી નાખ્યું. આપે એના તરફ ગુસ્સાથી જોયું. તે ગુલામ કુર્આને કરીમનો આલિમ હતો. તેણે તરત જ આ આયત પઢી : وَالْكَاظِمِيْنَ الْغَيْظَ "મોમિન ગુસ્સાને પી જનારા છે." એ સાંભળીને ઈમામ હુસૈને ફર્માવ્યું : "મેં ગુસ્સાને પી લીધો." પછી ગુલામે આયતનો આગલો હિસ્સો તિલાવત કર્યો : وَالْعَافِيْنَ عَنِ النَّاسِ "અને લોકોને માફ કરનારા" આપે ફર્માવ્યું, "મેં તને માફ કરી આપ્યો." ગુલામે આયત પૂરી કરતાં પઢયું : وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ "અને અલ્લાહ એહસાન કરનારાઓને પસંદ કરે છે." આપે ફર્માવ્યું : "મેં તને અલ્લાહના ખાતર આઝાદ કર્યો." *(બારહ તકરીરે, પેજ–૩૪)*

પ્યારા હુસૈની ભાઈઓ ! બહેનો ! ઈમામે હુસૈન સંદેશ આપે છે કે કુર્આનના હુકમોને અનુસરીને જિંદગી જીવો ! વારંવાર આ પ્રસંગને વાંચો ને વિચારો ! જો તમે સાચા હુસૈની હોઉ તો કુર્આનને રોજ પઢો, તેને

સમજો, તર્જુમો તફસીર જુઓ, આજે તો થોડીક વાતમાં ભાઈ ભાઈને માફ કરવા તૈયાર નથી, પડોશી પડોશીને માફ કરવા તૈયાર નથી ! તો અન્ય મામૂલી વાતમાં મોટા મોટા ઝઘડા ઉભા થાય છે. પણ મુસલમાન કેવો હોવો જોઈએ તેને આના પરથી સમજી તમારી લાઈફ સ્ટાઈલને બદલો અને ઈમામે હુસૈન رضي الله عنهના કિરદારને અપનાવી સાચા મુસલમાન તરીકે જીવવા કોશિશ કરો.

### ★ યઝીદ દેવબંદીઓનો ''મુત્તક઼ી-અમીરુલ મો'મિનીન'' છે ! ★

મારી સમક્ષ એક ઉર્દૂ કિતાબ ''ઈઝહારે હક્ક઼'' જેનું સમર્થન મૌલાના મુહમ્મદ સાલિમ ક઼ાસમી (મોહતમિમ્ દારુલ ઉલૂમ દેવબંદે) ઈ.સ. ૧૯૯૯માં કરેલું છે જેના લેખક દેવબંદી મુનાઝિર નઝર મુહમ્મદ ક઼ાસમી, પ્રકાશક : મક્તબે તયબહ-દેવબંદ, યુ.પી. છે. જેના પેજ નં. ૧૩ ઉપર છે કે :-

> *''હઝરત યઝીદ જે હઝરત અમીર મુઆવિયા رضي الله عنهના સાહબઝાદા હતા. આપના પછી ખિલાફતના તખ્ત પર બેઠા. યઝીદના સંબંધે લોકોમાં જાતજાતના ખયાલો જોવા મળે છે. કર્બલાના મેદાનમાં અહલે બયતના સાથે એમની ફોજે જુલ્મ તથા ઝિયાદતી કરી છે એનો સૌને સ્વીકાર છે, પરંતુ આ મહાન જુલ્મને યઝીદના માથે નથી નાખી શકાતો. જે લોકો એવું કરે છે તેઓ ગલત કરે છે,* ***અમારા ઉલમાએ દેવબંદે હમેશાં યઝીદની હિમાયત (ફેવર) કરી છે. હઝરત ક઼ારી તૈયબ સાહબે (મોહતમિમ્ : દારુલ ઉલૂમ દેવબંદ) તેમને (યઝીદને) ''મુત્તક઼ી'' તથા ''અમીરુલ મો'મિનીન''ના લક઼બથી યાદ કર્યા છે............*** *(ઈઝહારે હક્ક઼, પેજ-૧૩, દેવબંદ)*

હે સુન્નીઓ ! કેટલા માન સાથે દુશ્મને હુસૈન, યઝીદ પલીદને દેવબંદી મોલ્વી થકી સંબોધન કરવામાં આવ્યું છે. તથા તેને ''મુત્તક઼ી'' (અલ્લાહથી ખૂબ ડરનાર) તથા ''અમીરુલ મો'મિનીન'' કહેવામાં આવ્યો ! આલે રસૂલને જુલ્મથી ક઼ત્લ કરનાર દેવબંદીઓને ત્યાં ''મુત્તક઼ી'' કહેવાય છે ! ''અમીરુલ મો'મિનીન'' કહેવાય છે ! કે જેણે કેવા કેવા જુલ્મો કર્યા તે આ લેખમાં દર્શાવેલ જ છે. વળી અહલે બયતના ક઼તલ તથા જુલ્મનો આક્ષેપ તેના લશ્કર પર નાખીને યઝીદની વકાલત આ દેવબંદી કરી રહ્યા છે પણ એ તેમનો ધોકો છે. યઝીદે જ ઈમામ હુસૈનને શહીદ કરાવ્યા છે. કેમ કે શહીદોનાં સર દમિશ્ક આવ્યાં તો શહેરને સજાવીને ખુશી શા માટે મનાવી ? તેમજ એને આ ક઼ત્લ નાપસંદ હતી તો ઈબ્ને ઝિયાદને કેમ કાંઈ કહ્યું નહીં ? તેને ગવર્નરીમાંથી બરતરફ કેમ ન કર્યો ? વળી જે વ્યક્તિને એ વાતનો અફસોસ હોય તે આટલા મહાન જુર્મ પછી મક્કા મદીના પર હુમ્લો કરાવે ખરો ? વળી ખાસ વાત તો એ કે એને ઈમામ હુસૈનના ક઼ત્લનો અફસોસ હતો તો ભર્યા દરબારમાં હુસૈને પાકના સરની બેઅદબી શાથી કરી ? અલ્બિદાયા, ભાગ-૮, પેજ-૧૯૨માં હાફિઝ ઈબ્ને કષીર મુહદ્દિષ અબુદુનિયાથી રિવાયત કરે છે કે જ્યારે ઈમામે હુસૈનનું માથુ યઝીદ સામે રાખવામાં આવ્યું તો એની પાસે હઝરત અબૂ બુર્ઝા અસ્લમી (સહાબી) હતા, અને યઝીદે લાકડીથી મારવાનું શરૂ કર્યું તો સહાબીએ એને કહ્યું, ''તારી લાકડી ખસાવી લે, મેં રસૂલુલ્લાહ ﷺને એને ચૂમતાં જોયા છે.'' *(તોહફાએ નજાત, ભાગ-૧૧, અઝ : મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાલા)* સારાંશ કે દેવબંદીઓની યઝીદની તરફદારી ગલત તથા શરમજનક છે.

બસ ! વધુ કાંઈ ટીપ્પણી નથી કરતો, કેમ કે જેઓની કિતાબોમાં નબી કરીમ ﷺની ગુસ્તાખી ભરેલી પડી છે તેઓ નવાસાએ રસૂલ ﷺના દુશ્મન યઝીદનો ફેવર ન કરે તો કોનો કરે ? પણ હે હુસૈનીઓ ! આવું જાણવા છતાં તમો દેવબંદીઓની સાથે દોસ્તી, સગાઈ, શાદી વહેવાર, ઉઠક, બેઠક બધું ચાલુ જ રાખશો ?! તો તમે ક્યા મોઢે પોતાને હુસૈની કહો છો ?! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને સાચા અર્થમાં હુસૈની બનાવે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાન તફસીર

هُوَ الَّذِي يُصَوِّرُكُمْ فِي الْأَرْحَامِ كَيْفَ
يَشَاءُ ۚ لَا إِلَٰهَ إِلَّا هُوَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٦﴾ هُوَ
الَّذِي أَنْزَلَ عَلَيْكَ الْكِتَابَ مِنْهُ آيَاتٌ مُحْكَمَاتٌ
هُنَّ أُمُّ الْكِتَابِ وَأُخَرُ مُتَشَابِهَاتٌ ۖ فَأَمَّا الَّذِينَ
فِي قُلُوبِهِمْ زَيْغٌ فَيَتَّبِعُونَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَاءَ
الْفِتْنَةِ وَابْتِغَاءَ تَأْوِيلِهِ ۗ وَمَا يَعْلَمُ تَأْوِيلَهُ إِلَّا
اللَّهُ ۗ وَالرَّاسِخُونَ فِي الْعِلْمِ يَقُولُونَ آمَنَّا بِهِ كُلٌّ
مِنْ عِنْدِ رَبِّنَا ۗ وَمَا يَذَّكَّرُ إِلَّا أُولُو الْأَلْبَابِ ﴿٧﴾
رَبَّنَا لَا تُزِغْ قُلُوبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَهَبْ
لَنَا مِنْ لَدُنْكَ رَحْمَةً ۚ إِنَّكَ أَنْتَ الْوَهَّابُ ﴿٨﴾
رَبَّنَا إِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَا رَيْبَ فِيهِ ۚ
إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ ﴿٩﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا
لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُمْ مِنَ اللَّهِ
شَيْئًا ۖ وَأُولَٰئِكَ هُمْ وَقُودُ النَّارِ ﴿١٠﴾ كَدَأْبِ آلِ
فِرْعَوْنَ وَالَّذِينَ مِنْ قَبْلِهِمْ ۚ كَذَّبُوا بِآيَاتِنَا
فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ ۗ

### ત.....ર્જુ.....મો.....

જે તમારી તસ્વીરો બનાવે છે (માતાઓના) ગર્ભોમાં જે રીતે ચાહે છે, કોઈ મઅબૂદ (ઈબાદતને પાત્ર) નથી એના સિવાય, તે જ ગાલિબ છે હિકમતવાળો છે. તે જ છે જેણે નાઝિલ કરી આપના પર કિતાબ એની કેટલીક આયતો "મોહકમ" છે[૭]. એ જ કિતાબની અસલ છે એને બીજી આયતો "મુતશાબેહ" છે. તો તે લોકો જેમના દિલોમાં ટેઢાપણુ છે જેથી તેઓ અનુસરણ કરે છે (કેવળ) એ આયતોનું જે મુતશાબેહ છે. કુર્આનથી (એમનો હેતુ) ફિત્નાઅંગેઝી અને (ગલત) અર્થની તલાશ છે. અને નથી જાણતા[૮] તેના સાચા અર્થને અલ્લાહ તઆલા સિવાય અને મજબૂત ઈલ્મવાળા કહે છે અમે ઈમાન લાવ્યા એની સાથે. સર્વ અમારા રબની પાસેથી છે અને નથી નસીહત કબૂલ કરતા પણ બુદ્ધિશાળી. હે અમારા રબ ! ન ટેઢાં કર અમારા દિલને એના પછી કે તે હિદાયત આપી અમને અને અતા ફર્માવ અમને તારી પાસેથી રહમત, બેશક ! તું જ સર્વ કાંઈ ખૂબ જ અધિક આપનારો છે. હે અમારા પરવરદિગાર ! બેશક ! તું એકત્ર કરનાર છે સર્વ લોકોને એ દિવસના માટે નથી કોઈ શંકા જેના (આવવા)માં, બેશક ! અલ્લાહ તઆલા નથી ફરતો પોતાના વાયદાથી, બેશક ! તે લોકો[૯] જેમણે કુફ્ર ઈખ્તિયાર કર્યુ. અને તે જ (બદ્‌બખ્ત) બળતણ છે આગનુ. (એમનો તરીકો) આલે ફિરઔનના તરીકા જેમ અને એ લોકો જેમ હતો જેઓ એમનાથી અગાઉ હતા, તેમણે જૂઠલાવી અમારી આયતોને, તો પકડી લીધા તેમને અલ્લાહ તઆલાએ તેમના ગુનાહોના કારણે[૧૦].

### તફસીર..............

૭. "મોહકમ"ની વ્યાખ્યા ઈમામ રાગિબે આ પ્રમાણે કરી છે : મોહકમ આયત તે છે જેનો ભાવાર્થ સ્પષ્ટ તથા ઉઘાડો ન હોય. એના શબ્દ તથા અર્થના એતબારથી એના પર કોઈ પ્રકારની શંકા ન ઊભી થતી હોય અને તેનો અર્થ તથા તફસીર કોઈ શાબ્દિક તથા ભાવાર્થના હિસાબે ગુંચવણને કારણે મુશ્કેલ હોય, ઈર્શાદ થાય છે કે કુર્આનની અમુક આયતો તદ્દન સ્પષ્ટ અને દરેક શંકા કુશંકાથી પર છે. અને એ જ આખી કિતાબની

અસલ તથા પાયો છે. અને અમુક આયતો એવી છે જેનો ભાવાર્થ સ્પષ્ટ નથી થતો અને એમાં વિવિધ તાવીલોની શક્યતા હોય છે. જેમનાં દિલ હક્કથી વિમુખ હોય છે તેઓ અન્ય ભોળા મુસલમાનો સમક્ષ મુતશાબેહાત આયતોની એવી તાવીલો કરે છે જે મોહકમ આયતોથી વિરુધ્ધ હોય છે. અને આ રીતે એમનાં દિલોમાં કુર્આન તથા ઈસ્લામના વિશે જાત જાતની શંકાઓ તથા વસવસાઓ પેદા કરીને તેમને પોતાના દીનથી ખોટા ગુમાનમાં ફેંકવાની કોશિશ કરે છે. જ્યારે કે એવું હોવું જોઈતુ હતું કે મુતશાબેહ આયતોની તાવીલો કરતી વખતે મોહકમ આયતોનું અનુસરણ કરવામાં આવતુ અને એની રોશનીમાં એનો ભાવાર્થ દર્શાવવામાં આવતો, પરંતુ કેમ કે નિય્યત ખરાબ હોય છે જેથી તે સીધી રાહને છોડીને ખોટી રાહ અપનાવે છે.

૮. અમુક ઉલમાએ والراسخونનો અતફ અલ્લાહ પર કર્યો છે. એ કૌલના પ્રમાણે અર્થ એ થશે કે મુતશાબેહાતનો હકીકી હેતુ અલ્લાહ તઆલા તથા ઉલમાએ રાખેસીન (અતિ માહિર) સિવાય કોઈ નથી જાણતુ. પરંતુ અન્ય ઉલમાએ إلَّا الله પર વકફ કર્યો છે અને والرَّاسخون الخ-- ને મુસ્તકિલ વાકય ઠરાવી આપ્યું છે એમના કથનાનુસાર અર્થ એ થશે કે મુતશાબેહાતનો ઈલ્મ કેવળ અલ્લાહ તઆલાને છે અને ઉલમાએ રાસિખીન ન જાણવા છતાં એ આયતોની હક્કાનિયત અલ્લાહ તરફથી ઉતરનાર હોવા પર ઈમાન ધરાવે છે. હવે એ શંકા ઉઠે છે કે શું કુર્આને કરીમમાં એવી પણ આયતો છે જેનો ભાવાર્થ કોઈની જાણમાં નથી ?! જો એવું છે તો એને નાઝિલ કરવાનો ફાયદો શું ? જ્યારે એને કોઈ સમજી નથી શકાતુ અને એનાથી હિદાયત નથી હાંસલ કરી શકાતો મુફસ્સિરોએ આ શંકાનો જવાબ એ આપ્યો છે કે જે ઉલમા

ما التاثره الله تعالٰی بعلمه كقيام الساعة والحروف المقطعة فی اوئل السور

પર વકફ કરે છે તેઓ મુતશાબેહાતનો આમ અર્થ મુરાદ નથી લેતા બલ્કે એમની નજીક મુતશાબેહાતથી મુરાદ તે બાબતો છે જેનો ઈલ્મ અલ્લાહ તઆલાએ પોતાના માટે ખાસ કરેલો છે, જેમ કે કયામતનો સમય, સૂરતોથી પહેલાં હુરૂફે મુકત્તેઆત વગેરે. હવે અહીં એ ચીજ ખટકે છે કે શું એ બાબતોનો ઈલ્મ અલ્લાહ તઆલાએ કોઈને પણ નથી બતાવ્યો ?! તો એનો એકદમ સ્પષ્ટ જવાબ અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી બગદાદીએ આપ્યો છે. ફર્માવે છે : જે ઉલમાની નજીક મુતશાબેહાતથી મુરાદ એ બાબતો છે જેનો ઈલ્મ અલ્લાહ તઆલાએ પોતાના માટે ખાસ કર્યો છે. તે ઉલમા પણ એ વાતનો ઈન્કાર નથી કરતા કે અલ્લાહ તઆલાએ એ બાબતોનો ઈલ્મ વહી થકી પોતાના રસૂલ ﷺને આપ્યો, અથવા અવલિયાએ કામિલીનના દિલોમાં ઈલ્કા ફર્માવ્યો છે. કેમ કે જે શખ્સ હુઝૂરના ઉચ્ચ મકામ અને હુઝૂરની ઉમ્મતના અવલિયાએ કામિલીનના મર્તબાને ઓળખે છે તે એનો ઈન્કાર નથી કરી શકતો. નફી (નકાર) ઈલ્મે મુહીત (ઘેરેલ ઈલ્મ)ની છે અને એ ઈલ્મની જે માણસ પોતાના બુદ્ધિચિંતન વડે હાંસલ કરે છે. ન એ ઈલ્મની જે અલ્લાહ પોતાના નબીને વહી થકી અથવા કોઈ વલીને ઈલ્હામ થકી અતા કરે છે.

૯. મોટા ભાગે જોવામાં આવ્યું છે કે માલ તથા ઔલાદની અધિક્તા માણસમાં ઘમંડ તથા મોટાઈ પેદા કરી આપે છે જે એને એ વાતની રજા નથી આપતું કે તે પોતે અપનાવેલા બાતિલ અકીદાને ત્યજીને હક્ક તથા સદાકતની દા'વત સ્વીકારે. આ આયતમાં એવા લોકોને બતાવવામાં આવી રહ્યું કે આ માલ તથા દૌલત અને બાળ બચ્ચાંઓ તેને અલ્લાહની પકડથી નથી છોડાવી શકતાં. અને આગલી આયતમાં દષ્ટાંત આપીને સ્પષ્ટ કરવામાં આવ્યું કે જરા ફિરઔન તથા ફિરઔનીઓની જાહોજલાલી પર દષ્ટિ દોડાવો, જ્યારે અલ્લાહનો અઝાબ આવ્યો તો કોઈ ચીજ તેમને બચાવી ન શકી. જો ફિરઔન જેવો જબરદસ્ત બાદશાહ અલ્લાહના કહેર સામે ટકી ન શક્યો તો તમારી શું હકીકત છે !

૧૦. એ હકીકતને કુર્આન વારંવાર સ્પષ્ટ કરે છે કે કોઈ કૌમ પર અલ્લાહનો ગઝબ વિના કારણે નાઝિલ નથી થતો બલ્કે તેમની તબાહી તથા બર્બાદી તેઓના બદ્ અમલોનું પરિણામ હોય છે. જે કૌમ પોતાના અમલો તથા કિરદારથી પોતે પોતાને ઈજ્જત તથા અઝમતને પાત્ર નથી સાબિત કરી શકતી તેને એ નેઅમતથી વંચિત કરી દેવામાં આવે છે.

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

*હઝરત અબી ષઅલ્બા ખુશૈયીથી[૧] રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહે કેટલાક ફર્ઝો લાઝિમ કર્યા તેને ન વેડફો[૨]. કેટલાક મુહર્રમાત હરામ કર્યા તેની હુર્મત ન તોડો[૩] કેટલીક હદો નિશ્ચિત કરી તેનાથી આગળ ન વધો[૪]. કેટલીક ચીજોથી (ભૂલ્યા વિના) ખામોશી કરી તેનાથી બહષ ન કરો[૫]. આ ત્રણેવ હદીષોને દારકુત્નીએ રિવાયત કરી.*

## ★ કિતાબુલ ઈલ્મ (પ્રથમ વિભાગ) ★

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મારાથી લોકોને પહોંચાડો ભલે એક જ આયત હોય[૬]. અને બની ઈસ્રાઈલથી હિકાયતો લો કોઈ વાંધો નથી[૭]. જે જાણીબુઝીને મારા પર જૂઠ બાંધે તે પોતાનું ઠેકાણુ આગમાં બનાવી લે[૮]. (બુખારી)*

### સ....મ....જૂ....તી....

**૧.** આપનું નામ જરષૂમ બિન નાસિર છે. કબીલા બની કઝાઆના ખાનદાન ખશનથી સંબંધિત છે. આપ જલીલુલ કદર સહાબી છે. બયઅતે રિદ્વાનમાં હાજર હતા. આપના કારણે આપની કૌમ ઈસ્લામ લાવી. શામમાં વસવાટ કર્યો. હિ.સ. ૭૫માં વફાત પામ્યા. આપનાથી ૪૦ હદીષો રિવાયત પામી છે.

**૨.** એટલે ફર્ઝ અમલો કુર્આનથી સાબિત હોય કે હદીષથી તેના પર જરૂર પાબંદી કરો તેમજ ઈખ્લાસ સાથે અદા કરો. ખયાલ રાખશો કે ફર્ઝ તે છે જેની સાબિતી પણ યકીની હોય અને તલબ (અદા માટેનો હુકમ) પણ યકીની હોય. તેને ત્યજનાર ફાસિક છે અને નકારનારો કાફિર છે.

**૩.** એ રીતે કે હરામની નજીક પણ ન જાવ, કરવાનું તો દૂરની વાત.

**૪.** એટલે કે હલાલ તથા હરામની હદોને ન તોડો. નમાઝો પાંચ ફર્ઝ છે, ચાહે કે છ ન માનો. ઝકાત માલનો ચાલીસમો હિસ્સો ફર્ઝ છે, વધારે કે ઓછીનો અકીદો ન રાખો. ચાર સ્ત્રીઓ સુધી નિકાહ જાઈઝ છે પાંચમીને હલાલ અને ચોથીને હરામ ન સમજો વગેરે.

**૫.** અમુક ચીજોની હિલ્લત (હલાલ હોવું) તથા હુર્મત (હરામ હોવું) સ્પષ્ટપણે કુર્આન અથવા હદીષમાં વર્ણન થયેલ નથી તો તેની ચર્ચામાં ન પડો, તે મુબાહ છે અમલ કર્યે જાવ. એમના બારામાં રબ ફર્માવે છે : عَفَى اللّٰهُ عَنْهَا હુઝૂર ﷺ ફર્માવે છે, જેના સંબંધે ખામોશી હોય તે માફ છે, જેમ કે "કિતાબુલ અત્ઈમા"માં આવશે. *(અઝ : મિર્આત વગેરે)*

**૬.** એટલે કે ઈલ્મ શીખવા તથા શીખવાડનારના ફઝાઈલ. ઈલ્મથી મુરાદ શરીઅતનો ઈલ્મ છે. એટલે કુર્આન તથા હદીષ, ફિક્હ વગેરે યાદ રાખશો કે ઈલ્મ નૂરે ઈલાહી છે જે બંદાને અતા થાય છે જો બશર (માનવ)થી હાંસલ થાય તો કસબી કહેવાય છે, નહીં તો લદુન્ની કહેવાશે. લદુન્નીના ઘણા પ્રકાર છે : વહી, ઈલ્હાક, ફરાસત વગેરે. વહી અંબિયા સાથે ખાસ છે, ઈલ્હામ અવલિયા અલ્લાહ સાથે અને ફરાસત દરેક મો'મિનને ઈમાનની મજબૂતીના પ્રમાણે નસીબ થાય છે. ફરાસત તથા ઈલ્હામ તે જ વિશ્વસનીય છે જે શરીઅત વિરુદ્ધ ન હોય, જો શરીઅત વિરુદ્ધ હોય તો વસવસો છે.

**૭.** આયતનો શાબ્દિક અર્થ નિશાની. એ લેહાઝથી હુઝૂરના મો'જિઝાઓ, હદીષો, કુર્આની અહકામ તથા

આયતો સર્વ આયતો છે. ઈસ્તેહાલ (શરઈ બોલી)માં કુર્આનના એ શબ્દોને આયત કહેવામાં આવે છે જેનું મુસ્તકિલ નામ ન હોય. નામવાળા મઝમૂન (લખાણ)ને સૂરત કહે છે. અહીં આયતોથી શાબ્દિક અર્થ મુરાદ છે એટલે કે જેને કોઈ મસ્અલો અથવા હદીષ અથવા કુર્આન શરીફની આયત યાદ હોય તે બીજાને પહોંચાડી આપે. **તબ્લીગ કેવળ આલિમો પર ફર્ઝ નથી, દરેક મુસલમાન ઈલ્મના પ્રમાણે મુબલ્લિગ છે.** અને શક્ય છે કે આયતના ઈસ્તેલાહી અર્થો મુરાદ હોય અને એનાથી આયતના શબ્દો, અર્થ, મતલબ, મસાઈલ સર્વ મુરાદ હોય. એટલે જેમ કે એક આયત યાદ હોય તેના વિશે અમુક મસાઈલ માલૂમ હોય તે લોકો સુધી પહોંચાડે. તબ્લીગ પણ ઘણી જ મહત્વની ઈબાદત છે.

૮. એટલે એમનાથી કિસ્સા, ખબરો, દ્દષ્ટાંતો સાંભળો અને લોકોને વર્ણવો જ્યારે કે તે ઈસ્લામની વિરુદ્ધની ન હોય. યાદ રાખશો કે બની ઈસ્રાઈલથી ખબરો લેવાની ઈજાઝત છે. તૌરાત તથા ઈન્જીલના હુકમો લેવાની મનાઈ છે કેમ કે એ કિતાબોના હુકમો મન્સૂખ થઈ ચૂક્યા છે ન કે ખબરો, જેથી આ હદીષ હઝરત ઉમર ફારૂકની એ રિવાયતની વિરુદ્ધ નથી જેમાં હુઝૂરે તેમને તૌરાત પઢવાથી મના ફર્માવી આપ્યું, કેમ કે ત્યાં હુકમો લેવામાં આવી રહ્યા હતા. જેથી બંનેવ હદીષો મોહકમ છે, કોઈ મન્સૂખ નથી.

૯. એટલે કે જૂઠી હદીષો ઘડનારો દોઝખી છે. એનાથી જાણવા મળ્યું કે હદીષ ઘડવી ગુનાહે કબીરા છે બલ્કે ક્યારેક કુફ્ર પણ છે કેમ કે એમાં જૂઠ પણ છે અને દીનમાં ફિત્નો ફેલાવવું પણ છે અમુક જાહિલ સૂફીઓએ નમાઝે તહજ્જુદ અને કુર્આની સૂરતોના ફઝાઈલમાં કેટલીક હદીષો ઘડી તો તેઓ આના પરથી બોધગ્રહણ કરે. યાદ રાખશો કે બનાવટી (મૌઝૂઅ) હદીષ અલગ છે અને ઝઈફ હદીષ અલગ છે. ઝઈફ હદીષ એ અમલોના ફઝાઈલમાં વિશ્વસનીય છે જ્યારે કે મૌઝૂઅ (બનાવટી) હદીષ ક્યાંય વિશ્વાસપાત્ર નથી. એટલા માટે મોહદ્દિષોએ હદીષની ખિદમતમાં પોતાની જિંદગી ખર્ચી કાઢી, અલ્હમ્દુલિલ્લાહ ! એ કોશિશોથી મૌઝૂઅ (બનાવટી) હદીષ ઝપટાઈ ગઈ. યાદ રાખશો કે અહીં ઈરાદાપૂર્વકની શરત છે, જો કોઈ અજાણતામાં મૌઝૂઅ હદીષ વર્ણન કરી જાય તો ગુનેહગાર નથી.

**નોંધ** : આ હદીષ મુતવાતિર છે, ૬૨ સહાબાથી નકલ થયેલી છે જેમાં અશરાએ મુબશ્શિરા પણ છે. આ હદીષ સિવાય કોઈ હદીષમાં અશ્રાએ મુબશ્શિરા એકત્ર નથી થયા. *(મિર્કાત)*

## અઝહરી એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે મદ્રસ–એ–ગૌષિયાનો સંગે બુન્યાદ

**નડીઆદ** : ૦૯ ઝિલકદ ૧૪૩૧ તા. ૧૮/૧૦/૨૦૧૦ને પીર બાદ નમાઝે અસર કુર્આન ખ્વાનીથી પ્રોગ્રામ શરૂ થયો તથા હુઝૂર તાજુશ્શરીઆએ ગાંધીનગરમાં ખાસ ઈંટ જેના ઉપર ★ ૨૨ કલામેપાક ★ ૩૨ હજાર દુરૂદ શરીફ ★ ૫૧ યાસીન ★ ૨૫ તબારક શરીફ ★ ૧૧૦૦ કલમએ તૈયબા ★ ૧૦૦ કલમએ તમજીદ તથા અસંખ્ય વિર્દ વઝાઈફ સાથેની આ ઈંટને ઉલ્મા એ એહલે સુન્નત–નડીઆદની હાજરીમાં શેહઝાદ–એ–અઝીમે મિલ્લત હઝરત મુઈનુદ્દીન બાબાના દસ્તે અકદસથી ટ્રસ્ટના સ્થાપક તથા ચેરપરસન આલે રસૂલ સૈયદ ઝૈનુલઆબેદીન (કાદરીયુલ જીલાની)એ મૂકાવી. બાદે ઈશા એક શાનદાર નાઅતે પાકનો જલસો યોજાયો જેમાં પણ શહેરના ઉલ્મા–એ–એહલે સુન્નત તથા સાદાતે કિરામે ખુસૂસી હાજરી આપી. આસપાસથી બહોળી સંખ્યામાં ગૌષપાકના ચાહકો ગૌષપાકની ઓલાદની દા'વતને માન આપી હાજર રહ્યા. સર્વેને ગૌષ પાક આપની ગુલામીમાં કુબૂલ કરે તથા આપની યાદમાં જે જે લોકો એ ભાગ લીધો મૌલા તઆલા સર્વે મુહિબ્બે સાદાત જે ગુલામાને ગૌષ પાકમાં કુબૂલ કરે. આમીન. **"નૂરાની લિટલ ફલાવર"**નો સંગે બુન્યાદ હઝરત યૂસુફબાવાના હાથ મુબારકથી ફેબ્રુ. ૨૦૧૧માં થશે. (ઈન્શાઅલ્લાહ !) – *સેક્રેટરી : અઝહરી એજ્યુકેશન ટ્રસ્ટ–નડીઆદ*

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : **અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**
*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**શું દુનિયામાં દીદારે ઈલાહી કરામતરૂપે થઈ શકે છે ? :** એના બારામાં મજબૂત ફેંસલો એ જ છે કે નથી થઈ શકતો. એના પર સર્વની એકમતિ થઈ ચૂકી છે. મેં ઈમામ અબૂબક્ર બિન ફવરકથી સાંભળ્યું તે ફર્માવતા હતા, કે આ મસ્અલામાં અબુલ હસન અશ્અરીએ કિતાબુલ રૂયતિલ કબીરમાં બે કથનો નક્લ કર્યા છે.

**શું એવું થઈ શકે છે કે કોઈ અત્યારે તો વલી હોય પણ બાદમાં તે એવો ન રહે ? :** જે લોકોએ વિલાયતના માટે ''સારી રીતે હક્ક પૂરો કરવો''ની શરત લગાડી છે તેઓ એને જાઈઝ નથી ગણતા કે વલીની આકેબત બદલાઈ જાય, પણ જેઓ એવું કહે છે કે વલી અત્યારે હકીકી મો'મિન છે છતાં એવું થઈ શકે છે કે બાદમાં એની હાલત બદલાય જાય તો કોઈ વાંધાજનક વાત નથી, કોઈ અત્યારે તો સાચો વલી હોય અને પછી બદલાય જાય. આપણે આ વાતને માન્ય રાખી છે.

એ પણ થઈ શકે છે કે વલીને કરામતના રૂપે એ વાતનો ઈલ્મ આપવામાં આવ્યો હોય કે તે તેનો અંજામ ખૈર (ઈમાન)ની સાથે થશે. અને તે અંજામ થવાનું નહીં બદલાય. આ સ્થિતિમાં આ મસ્અલો એ જ પ્રકારનો છે જેનું વર્ણન અમે અગાઉ કરી ચૂક્યા છીએ કે એ જાઈઝ છે કે વલીને પોતે વલી હોવાનો ઈલ્મ થઈ જાય.

**શું વલી સાથે ધોકાનો ડર જતો રહે છે ? :** જો વલી પોતાના મશ્હૂદ (રબની યાદમાં અતિ તલ્લીનતા)માં ડૂબેલો હોય અને પોતાની હાલતના કારણે પોતાનો એહસાસ ખોઈ ચૂક્યો હોય તો એવો શખ્સ તો હાલના ગલ્બા (હાલની કૈફિયત) હેઠળ હોવાના કારણે પોતે પોતાને ખોઈ બેઠો છે (હોશ વિનાનો છે) અને ડર તો એ લોકોને લાગે છે જેના એહસાસો (હોશ) હાજર હોય.

**હોશની હાલતમાં વલી પર કેવી કૈફિયત છવાય છે ? :** વલી હોશમાં હોવાની હાલતમાં સાચા દિલથી હક્ક સુબ્હાનહૂના હક્કો અદા કરે છે તેમજ દરેક સંજોગોમાં તે મખ્લૂકની સાથે મહેરબાની તથા પ્રેમપૂર્વક વર્તાવ કરે છે. સર્વ મખ્લૂક પર તે પોતાની રહમતને ફેલાવે છે અને સારા અખ્લાકની સાથે તેમની વાતો વગેરેને અને લોકોના દરખાસ્ત કર્યા વિના તે ખૂદ જ અલ્લાહ તઆલાને દરખાસ્ત કરે છે કે તેના પર પોતાનું એહસાન કરે. અને પોતાનું સર્વ ધ્યાન એમાં લગાડેલ રાખે છે કે મખ્લૂકને નજાત હાંસલ થાય. તે **લોકોથી બદલો નથી લેતો** અને એ વાતથી બચે છે કે ક્યાંક એમાં એનાથી કીનો રાખવાનો એહસાસ પેદા ન થઈ જાય. તેમજ તે **પોતાનો હાથ લોકોનો માલ લેવા માટે નથી લંબાવતો** અને દરેક રીતે **લાલચને ત્યજી આપે છે.** પોતાની જીભ પર કાબૂ રાખે છે કે ક્યાંક તેમને બુરા ન કહે, અને પોતાના નફ્સને તેમની બુરાઈઓ જોવાથી બચાવે છે અને તે આ દુનિયામાં તથા આખેરતમાં કોઈની સાથે કોઈ પ્રકારનો ઝઘડો નથી કરતો.

**સૌથી મહાન કરામત કઈ છે ? :** યાદ રાખો કે અવલિયાની સૌથી મહાન કરામત એ છે કે અલ્લાહ તઆલા તેમને પોતાની ફર્માંબરદારી કરવાની સદા તૌફીક આપતો રહે અને ગુનાહ તથા ખુદાના હુકમોના વિરોધથી બચાવે છે.

**કુર્આન મજીદથી કરામતની દલીલ :**

વલીઓની કરામતના જાહેર થવા વિશે કુર્આનમાં જે ગવાહી વર્ણન કરતાં ફર્માવે છે [જો કે તે (હઝરત મરયમ) ન નબી હતાં ન રસૂલ] :–

**كُلَّمَا دَخَلَ عَلَيهِا زَكَرِيَّاا المِحرَابَ وَجَدَ عِندَهَا رِزقاً**

''ઝકરિયા عليه السلام જયારે પણ એમની પાસે બાલાખાના (ઉપલા માળે) જતા તો એમની પાસે રિઝક (ખાવા) પામતા.'' ઝકરિયા તેમને કહે છે : **أَنّٰى لَكِ هٰذَا** ''આ તમારી પાસે કેવી રીતે આવ્યું ?'' તો મરયમ કહે છે : **هُوَ مِنْ عِنْدِ اللّٰه** ''આ અલ્લાહ તઆલા તરફથી આવ્યું છે.''

**કરામતની દલીલ અલ્લાહ તઆલાનું આ ફર્માન પણ છે :–**

**وَهُزِّىٓ اِلَيكَ بِجِدعِ النَّخلِهِ تُسَا قِطْ عَلَيكِ رُطَباً جَنِيّاً**

''ખજૂરની ડાળીને પોતાના તરફ હલાવો તો તરોતાઝા ખજૂરો પડશે.'' જ્યારે કે એ તાજી ખજૂરોની ઋતુ ન હતી.

એ જ પ્રમાણે અસ્હાફે કહફ (ગુફાવાળાઓ)ના કિસ્સામાં પણ કરામતની દલીલ જોવા મળે છે. ચિત્ર વિચિત્ર બનાવો તેમની સાથે ઉપસ્થિત થયા, દા.ત. કે કૂતરાનું તેમની સાથે વાતચીત કરવું વગેરે.

કરામતમાં જ ''ઝુલકરનૈન''નો કિસ્સો છે કે અલ્લાહ તઆલાએ તેમને એ કામ કરવાની કુદરત (શક્તિ) આપી જેને અન્ય લોકો ન કરી શક્યા.

કુર્આની દલીલોમાંથી એ કરામત પણ છે જે અનોખી વાતો હઝરત ખિઝર عليه السلامથી જાહેર થઈ. દા.ત. દીવાલને ઊભી કરી આપવી અને ચિત્ર વિચિત્ર બાબતો, અને એ કે આપ એ વાતોને જાણતા હતા કે જે મૂસા عليه السلامથી છુપી હતી. આ સર્વ આદતો સામાન્ય નિયમ વિરુદ્ધની (ખારિકે આદત) વાતો છે જેની સાથે ખિઝર عليه السلامને વિશિષ્ટતા પ્રાપ્ય હતી.

કરામતના બારામાં જે હદીષો રિવાયત થયેલી છે એમાં એક હદીષ જરીહ રાહિબની છે. અમને અબૂ નુઐમ અબ્દુલ માલિક બિન હસન અસ્ફરાઈનીએ વર્ણન કર્યું કે અબૂ અવાના યાકૂબ બિન ઈબ્રાહીમ બિન ઈસ્હાક઼ અમને કહ્યું, અમ્માદ બિન રિજાએ તેમને કહ્યું, વસ્ફ બિન જરીર બિન હ઼ાઝિમે કહ્યું, મારા પિતાએ કહ્યું કે મેં મુહમ્મદ બિન સીરીંથી સાંભળ્યું, તેમણે કહ્યું કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

અબૂ અવાનાની રિવાયત છે કે એમને અસ્સગ઼ાની તથા અબૂ ઉમૈયાએ કહ્યું કે તેમનાથી અલ હસીન બિન મુહમ્મદ મરૂઝીએ કહ્યું કે અમને જરીર બિન હાઝિમ મુહમ્મદ બિન સીરીંથી રિવાયત કરી કે અબૂ હુરૈરહ્એ કહ્યું, નબી ﷺએ ફર્માવ્યું : ''ત્રણ શખ્સોએ એ વખતે વાત કરી જયારે તે હજી ખોળામાં હતા. ઈસા ઈબ્ને મરયમ, અને જરીહના કાળમાં એક બાળકે, તેમજ એક અન્ય બાળકે. ઈસાને તો તમે લોકો જાણો જ છો.''

જરીહનો કિસ્સો એ છે કે એ શખ્સ બની ઈસ્રાઈલમાં ઘણો જ ઈબાદતગુઝાર હતો. એની એક મા મૌજૂદ હતી. એક દિવસે એ નમાઝ પઢી રહ્યો હતો એવામાં એની માતાને તેની મુલાકાતની ઈચ્છા થઈ જેથી તેને બૂમ પાડી, ''હે જરીહ !'' તેણે કહ્યું, હે ખુદા ! શું નમાઝ બેહતર છે કે એ બેહતર છે કે હું એમની પાસે જાઉં ! પછી નમાઝ પઢવા લાગ્યો. માએ ફરી બોલાવ્યો, તેણે ફરી એ જ શબ્દો કહ્યા અને પછી નમાઝ પઢતો રહ્યો. તેની માને એ વાત ન ગમી અને તેણીએ બદ્દુઆ કરી, ''હે અલ્લાહ ! એને મરતા પહેલાં ઝાનિયા (બદચલન વ્યભિચારીણી) સ્ત્રીઓના ચહેરા બતાવી આપજે.'' બની ઈસ્રાઈલમાં એક ઝાનિયા સ્ત્રી હતી. તેણીએ કહ્યું, એને ગુમરાહ કરીશ ત્યાં સુધી કે એ ઝિના કરે. જેથી તેણી આવી પણ તેને ગુમરાહ ન કરી શકી. એક ભરવાડ રાત્રે જરીહના રૂમની પાસે રહ્યા કરતા હતો. જ્યારે જરીહને ગુમરાહ કરવાથી થાકી ગઈ તો તેણે ભરવાડને ફોસલાવી લીધો અને તેણીએ તેની સાથે ઝિના કર્યો જેનાથી એક બાળક જન્મ્યો. તે સ્ત્રીએ કહ્યું કે આ બાળક જરીહના નુત્ફાથી પેદા થયો છે. આ સાંભળીને બની ઈસ્રાઈલ જરીહની પાસે આવ્યા અને તેનું ઈબાદતખાનુ તોડી

નાખ્યુ અને તેને ગાળો આપી. ત્યારબાદ જરીહે નમાઝ પઢી અને દુઆ કરી અને બાળકને હલાવ્યું. મુહમ્મદ કહે છે કે અબૂ હુરૈરહ્‌ ફર્માવે છે, હું નબી ﷺને હજી પણ જોઈ રહ્યો છું જ્યારે આપ એ વાત વર્ણવી રહ્યા હતા, અને એ આબિદે પોતાના હાથ વડે બાળકની તરફ ઈશારો કરીને કહ્યું, તમારો બાપ કોણ છે ? તો બાળકે જવાબ આપ્યો, "ભરવાડ !" એનાથી બની ઈસ્રાઈલને પોતાના કૃત્ય પર શરમ આવી અને તેમણે જરીહથી માફ ચાહી અને કહ્યું, તમારું ઈબાદતખાનુ સોના તથા ચાંદી વડે બનાવી દઈએ છીએ ! પણ જરીહે ન સ્વીકાર્યું અને પહેલાં જેવું હતું એવું જ બનાવી લીધું.

બીજા બાળકનો બનાવ આ પ્રમાણે છે કે એક સ્ત્રી એક દૂધ પીતા બાળકને લઈને ઊભી હતી એવામાં એક ખૂબસૂરત તથા સારા દેખાવવાળો નવયુવાન ત્યાંથી પસાર થયો. સ્ત્રીએ કહ્યું, હે અલ્લાહ ! મારા પુત્રને એના જેવો કરી આપજે. તો બાળક બોલ્યું, હે ખુદા ! મને એના જેવો ન બનાવતો !

મુહમ્મદ કહે છે, અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہએ ફર્માવ્યું, હું હજી પણ જાણે મુહમ્મદ ﷺને જોઈ રહ્યો છું જ્યારે કે એ બાળકની વાત વર્ણન કરી રહ્યા હતા અને તે દૂધ પી રહ્યો હતો.

આ બનાવ પછી એ સ્ત્રી પાસેથી એક સ્ત્રી પસાર થઈ જેના વિશે લોકો કહેતા હતા કે તેણીએ ઝિના તથા ચોરી કરી તેણીને તેની સજા આપવામાં આવી. બાળકવાળી સ્ત્રીએ કહ્યું, મારા પુત્રને આ સ્ત્રી જેવો ન કરતો. પણ તરત જ બાળક બોલ્યું, હે ખુદા ! મને એના જેવો બનાવજે ! માએ તેનું કારણ પૂછયું તો કહ્યું કે ખૂબસૂરત નવજવાન એક જાલિમ બાદશાહ છે, અને આ સ્ત્રી વિશે લોકો કહે છે કે તેણીએ ઝિના અને ચોરી કરી છે, પણ તેણીએ ન તો ઝિના કર્યો છે ન ચોરી, અને તેણી કહે છે, "મારા માટે અલ્લાહ પૂરતો છે."

આ રિવાયત હદીષની સહીહ કિતાબોમાં જોવા મળે છે. ગુફાવાળી (અસ્હાબે કહફ) હદીષમાં પણ કરામતનું વર્ણન છે અને આ એક મશ્હૂર હદીષ છે જેનું વર્ણન હદીષની સહીહ કિતાબોમાં આવ્યું છે.

**હદીષે ગાર (ગુફા)** : અમને અબૂ નુઐમ અબ્દુલ મલિક બિન હસન અસ્ફરીનીએ બયાન કર્યું કે અબૂ અવાના યાકૂબ ઈબ્ને ઈબ્રાહીમ બિન ઈસ્હાક઼ે તેમને કહ્યું કે મુહમ્મદ બિન ઔફ (હિ.સ. ૧૨૪૭) અને યઝીદ બિન અબ્દુસ્સમદ દમિશ્કી (૧૨૪૮) અને અબ્દુલ કરીમ બિન ક઼ાસિમ દીરઆકૂલી (૧૨૪૯) તથા અબૂ હસીબ બિન મુસ્તનીર મસીસીએ તેમને કહ્યું કે અબુલ યમાન (૧૨૫૦)એ તેમને કહ્યું કે શોઐબે (૧૨૫૧) ઝુહરીથી અને તેમણે સાલિક (૧૨૫૧) તથા તેમણે પોતાના પિતાથી સાંભળ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"તમારાથી પહેલાં જે લોકો થયા છે તેમનામાંથી ત્રણ માણસો નીકળ્યા અને તેમણે રાતે એક ગુફામાં આશરો લીધો અને તેની અંદર ચાલ્યા ગયા. બનવા જોગ એવું બન્યું કે પહાડ પરથી એક પથ્થર સરકીને ગુફાના મુખદ્વાર પર આવી ગયો જેનાથી ગુફાનું દ્વાર બંધ થઈ ગયું. અને તેમણે આપસમાં એકબીજાને કહ્યું કે તમે આ પથ્થરથી કેવળ એ રીતે નજાત પામી શકો છો કે તમે પોતાના નેક અમલોના વસીલાથી અલ્લાહ તઆલાથી દુઆ કરો. જેથી એમનામાંથી એકે વર્ણન કર્યું :–

મારાં વૃદ્ધ માતા પિતા હતાં. હું તેમનાથી પહેલાં કોઈને દૂધ પીવા દેતો ન હતો, ન ઘરવાળાઓને ન અન્યને. એક દિવસે ઝાડોની શોધમાં મને મોડુ થઈ ગયું અને સાંજે ઘરે પરત આવ્યો તો તે બંનેવ સૂઈ ગયાં હતાં. મેં તેમના માટે દૂધ દોહ્યું અને જ્યારે લઈને તેમની પાસે પહોંચ્યો તો તેમને સૂતેલાં પામ્યાં. મેં તેમને જગાડવાનું પસંદ ન કર્યું અને એ પણ ન ચાહ્યું કે તેમનાથી પહેલાં મારાં બીવી બચ્ચાંને આપું. હું પ્યાલો લઈને ઊભેલો રહ્યો અને તેમના જાગૃત થવાની રાહ જોતો રહ્યો, ત્યાં સુધી કે સવાર થઈ ગઈ અને તેઓ જાગ્યાં અને તેમણે દૂધ પીધું. હે અલ્લાહ ! જો મેં આ કામ તારી રઝામંદીને ખાતર કર્યું છે તો જે મુસીબતમાં અમે સપડાયેલા છીએ તેને દૂર કરી આપ. એનાથી પથ્થર એટલા પ્રમાણમાં

ખુલી ગયો કે તેઓ એમાંથી બહાર નીકળી શકતા ન હતા.

પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : બીજાએ કહ્યું, હે ખુદા ! મારી એક કાકાની છોકરી હતી જેનાથી મને ખૂબ જ મહોબ્બત હતી. મેં તેને આકર્ષવાની કોશિશ કરી પણ તે ન માની, ત્યાં સુધી કે તે દુકાળમાં સપડાઈ ગઈ અને તે મારી પાસે આવી. તો મેં તેણીને એ શર્ત પર એકસો વીસ દીનાર આપવાનો વાયદો કર્યો કે તેણી પોતાને મારા હવાલે કરી આપે, તેણી એના પર રાજી થઈ ગઈ જેથી મેં તેણીના પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો. તો કહેવા લાગી, તારા માટે જાઈઝ નથી કે તું હક્કના વિના મારી મહેર તોડે. જેથી હું તેણી સાથે સંભોગ કરવાથી દૂર થઈ ગયો અને તેણીને છોડી મૂકી. જો કે મને તેનાથી મહોબ્બત હતી, અને જે દીનાર મેં તેણીને આપ્યા હતા તે પણ તેણીની પાસે રહેવા દીધા. હે અલ્લાહ ! જો મેં આ કાર્ય તને રાજી કરવા માટે કર્યું છે તો જે મુસીબતમાં અમે સપડાયેલા છીએ એનાથી છૂટકારો આપ. તો પથ્થર અધિક ખસી ગયો પણ હજી પણ તેઓ એ ગુફામાંથી નીકળી શકે તેમ ન હતા.

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે પછી ત્રીજાએ કહેવાનું શરૂ કયું :–

હે ખુદા ! મેં અમુક મજૂરો પાસે મજૂરીથી કામ કરાવ્યું અને મેં તેમને તેમની મજૂરી આપી દીધી, પણ એક શખ્સ રહી ગયો તે પોતાનો હક્ક છોડીને ચાલ્યો ગયો. તેની મજૂરી મારી પાસે વધતી ગઈ. કેટલાક મુદ્દત પછી તે મારી પાસે આવ્યો અને પોતાની મજૂરીની માંગણી કરી. મેં કહ્યું, આ સર્વ ઊંટો, ઘેટાં, બકરાં, ગાય અને ગુલામ જે તને દેખાય છે એ તારાં છે. એના પર એણે કહ્યું, હે અલ્લાહના બંદા ! મારાથી મઝાક ન કરો ! મેં કહ્યું, હું તારાથી મઝાક નથી કરતો. જેથી તે સર્વ માલ હાંકીને લઈ ગયો અને કોઈ ચીજ બાકી ન રાખી. હે ખુદા ! જો મેં આ કામ તારી ખુશ્નુદી ખાતર કર્યું છે તો અમને આ મુસીબતથી છૂટકારો આપ ! અને આવું કહેવા પર પથ્થર હટી ગયો અને ગુફાથી નીકળીને તેઓ ચાલ્યા ગયા.''

આ એક સહીહ હદીષ છે જેના પર બુખારી તથા મુસ્લિમની એકમતિ છે.

આ કરામતોમાંથી તે હદીષ પણ છે જેમાં નબી ﷺએ વર્ણન કર્યું છે કે ગાયે એમની સાથે વાત કરી.

અમને અબૂ નુઐમ અસ્ફરાઈનીએ કહ્યું કે અબૂ અવાનાએ તેમને વર્ણન કર્યું કે યૂનુસ ઈબ્ને અબ્દુલઆ'લા (૧૨૫૨)એ તેમને કહ્યું કે ઈબ્ને વહબે (૧૨૫૪) તેમને કહ્યું, તેમને યૂનુસ બિન યઝીદે ઈબ્ને શહાબ (૧૨૫૫)થી રિવાયત કરી કે સઈદ બિન મુસૈયિબે કહ્યું કે અબૂ હુરૈરહએ બયાન કર્યું કે નબી ﷺએ ફર્માવ્યું,

''એકવાર એક શખ્સ પોતાની ગાય લઈને જઈ રહ્યો હતો અને તેના પર બોજ લાદેલ હતો. અચાનક ગાયે તેના તરફ ધ્યાનિત થઈને કહ્યું, હું આ કામને માટે પેદા કરવામાં નથી આવી ! હું તો ખેતીવાડીના માટે પેદા કરવામાં આવી છું. આ સાંભળીને લોકોએ સુબ્હાનલ્લાહ ! કહ્યું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું અબૂબક્ર તથા ઉમર સૌ એના પર ઈમાન લાવીએ છીએ.

એ જ પ્રમાણે ઉવૈસ કરનીવાળી હદીષ છે અને પછી જે કાંઈ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ એમની સાથે પરિસ્થિતિનો અનુભવ કર્યો. ત્યાર બાદ ઉવૈસનું હરમ બિન હ્યાન (૧૨૫૭)થી મુલાકાત કરવું અને એકબીજાને સલામ કહેવું તેમ છતાં કે એથી પહેલાં બંનેવ એકબીજાને ઓળખતા ન હતા. આ સર્વ બનાવો સામાન્ય નિયમો વિરુદ્ધ છે. અમે ઉવૈસવાળી હદીષ એટલા માટે નથી વર્ણવી કે એ હદીષ ઘણી જ મશહૂર છે. સહાબા, તાબઈન તથા તેમના પછીના લોકો થકી એટલા પ્રમાણમાં કરામતો જાહેર થઈ કે એ ખૂબ જ ખ્યાતિ પામી ચૂકેલ છે.

કરામતોના વિશે ઘણી કિતાબો પ્રસિદ્ધ કરવામાં આવી છે. અમે અમુક કરામતોને ટૂંકાણમાં વર્ણન કરીશું, ઈન્શાઅલ્લાહુ તઆલા ﷻ.

કાર્યાલય

# ફતવા વિભાગ

## જનાઝાના ચાર ખંભા સિવાય જનાઝા નીચે ટેક આપીને ચાલવું મકરૂહ

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતના મુફ્તીઓ નીચેના મસ્અલામાં કે :–

અમારા તરફ એક રિવાજ બનતો જઈ રહ્યો છે કે, કોઈના બાપ કે માનો ઈન્તેકાલ થઈ જાય છે તો એ મરનારના પુત્રો કે પૌત્રો ચાર છેડાઓ પર કાંધો રાખવાના બદલે જનાઝા નીચે ભરાઈને તેને માથા પર ઉઠાવે છે જો કે ચારેવ છેડાઓ પર લોકો ખાંધો આપી જ રહ્યા હોય છે. પણ આ પુત્ર કે પૌત્ર ચારેવ ખૂણાઓ પર વારાફરતી ખાંધ આપવાને બદલે કેવળ વચ્ચે એ રીતે માથા કે પીઠ પર વજન રાખીને ચાલ્યા કરે છે, જેનાથી એમને પણ અધિક મહેનત પડે છે અને ખંધો આપનારાઓને પણ તેમના લીધે અગવડ પડતી રહે છે. અને **આ કદાચ મરનાર પ્રત્યે ખૂબ જ મહોબ્બત હોવાના પ્રદર્શનમાં થાય છે !** તો પૂછવાની વાત એ છે કે આ રીતે જનાઝાની નીચે રહીને જનાઝાને માથે કે પીઠ પર ઉઠાવીને ચાલવું કેવું છે ? *[પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

### દારુલ ઉલૂમ શૈખ અહમદ ખટ્ટુ સરખેજનો જવાબ

**અલજવાબ** : જનાઝો ઉઠાવવાનો સુન્નત તરીકો એ છે કે એક પછી એક ચારેવ પાયાઓને ખાંધ આપે અને દરેક વખતે દસ દસ કદમ ચાલે, એ રીતે કે પ્રથમ જમણી બાજુ આગલા સિરહાને ખાંધ આપે, પછી જમણી બાજુ પગો તરફ. પછી ડાબી બાજુ સિરહાને પછી ડાબી બાજુ પગો તરફ. એનાથી વિરૂધ્ધ ચાલશે તો તે સુન્નત વિરૂધ્ધ થશે. અને ન તો સામાનની જેમ જનાઝાને ઉઠાવે કેમ કે સામાનની જેમ જનાઝાને ઉઠાવવો મકરૂહ છે. કિતાબુલ મબસૂતમાં છે : (અર્થ) : સુન્નત એ છે કે જનાઝાને ચારેવ બાજુથી ઉઠાવવામાં આવે અને એટલા માટે આ તરીક઼ો મશહૂર અને જનાઝો ઉઠાવનારાઓ માટે આસાન પણ છે અને આ તરીક઼ો બોજ ઉઠાવનારાઓની જેમ પણ નથી. એ તરીક઼ા પ્રમાણેનો હુકમ પણ થયો છે એના કારણે પીઠ પર લાદવું મકરૂહ છે. જેથી જનાઝો ઉઠાવવામાં એવો તરીકો અપનાવવો જોઈએ જેનાથી બોજ ઉઠાવવાથી ન મળતાપણુ થાય અને ન તો અન્ય લોકોને ખાંધ આપવામાં પરેશાની ઉભી થાય. અલ્લાહ બેહતર જાણનાર છે.

### દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામનો જવાબ

**અલ્જવાબ** : દર્શાવેલ સ્થિતિમાં જનાઝો લઈને ચાલવાનો સુન્નત તરીકો એ છે કે ચાર જણા ચાર પાયાને હાથો વડે પકડીને ખભા પર રાખે, પછી એક પછી એક ચારેવ પાયાઓને ખાંધ આપે અને દરેક વખતે દસ દસ કદમ ચાલે. પ્રથમ જમણા સિરાહને ખાંધ આપે પછી જમણી બાજુ પગો તરફ. પછી ડાબા સિરહાને પછી ડાબી બાજુ પગો તરફ. આ રીતે કુલ ૪૦ કદમ થયા. અને હદીષમાં છે કે, "જે ૪૦ કદમ જનાઝો લઈને ચાલે તેના ૪૦ કબીરા ગુનાહ મિટાવી દેવામાં આવશે." અને બીજી હદીષ શરીફમાં છે કે, "જે જનાઝાના ચારેવ પાયાઓને ખાંધ આપે અલ્લાહ તઆલા તેની યક઼ીની મગફિરત ફર્માવી આપશે." *(જૌહરા, આલમગીરી, દુર્રે મુખ્તાર)* અને માથા પર જનાઝો ઉઠાવી લઈને ચાલવાથી હદીષ શરીફની બશારત (ખુશખબરી)થી મેહરૂમી તથા ખિલાફે સુન્નત તથા મકરૂહ છે. *(ફતાવા રદ્દુલ મુહતાર, ૩/૧૩૫)*

**લખનાર** : (મુફ્તી) નઝરુલ હક્ક઼ મિસ્બાહી, ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામ (ઠે. રઝા નગર, જિ. ભરૂચ, તા.૧૩–૫–૨૦૧૦)

### માણસ માત્ર ભૂલને પાત્ર

બરકાતે ખ્વાજા (માસિક) ઓકટોબર–૨૦૧૦, પેજ નં. ૨૯, જમણી બાજુની કોલમમાં છેલ્લો ફકરો, લીટી નં. ૩માં શરતચૂકથી "અલ્લાહની ગૈરત બેદાર"શબ્દ મૂકાયો છે જેને છેકીને "અલ્લાહનો ગઝબ નાઝિલ" એ શબ્દો લખી આપવા નમ્ર વિનંતિ છે. અમારી ભૂલ બદલ ખુદાની બારગાહમાં અમો તૌબા કરીએ છીએ, કલ્મો પઢીએ છીએ : લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ. *લિ.–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા*

(ફરિયાદ)



# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

## નાનોત્વીનો ક઼બ્રથી મદદ માટે નીકળવાનો બીજો બનાવ !

દેવબંદી જમાઅતના મશ્હૂર ફાઝિલ મનાઝિર અહસન ગીલાનીએ ''સવાનેહે કાસિમી'' નામની એક કિતાબ દારુલ ઉલૂમ (દેવબંદ)ના સ્થાપક મૌલ્વી મુહમ્મદ ક઼ાસિમના જીવન વૃતાંતની લખી છે, એ કિતાબને ''દારુલ ઉલૂમ'' (દેવબંદે) પ્રસિદ્ધ કરી છે. પોતાની એ કિતાબમાં મોલ્વી મહેમૂદુલ હસનના હવાલાથી તેમણે કોઈ વાઈઝ મૌલાનાની સાથે એક દેવબંદી વિદ્યાર્થી સાથેના ''મુનાઝરા''ની એક ''આશ્ચર્યકારક ઘટના'' નક઼લ કરી છે, એ ''દેવબંદી વિદ્યાર્થી''ના સંબંધે તેમનું એ લખાણ વાંચવાને લાયક છે :–

*''એ (દેવબંદી ઈમામ) પંજાબ તરફના ઈલાકામાં ચાલ્યો ગયો, અને કોઈ ગામડાની મસ્જિદમાં લોકોએ તેમને ઈમામની જગ્યા આપી, ગામવાળા તેમની સાથે ખૂબ હળી મળી ગયા અને સારી રીતે સમય વીતવા લાગ્યો, એ સમયમાં કોઈ મૌલ્વી સાહબ ફરતા ફરતા એ ગામમાં આવી ચડયા, ત્યાં તેમણે વાએઝો શરૂ કરી. ત્યાંના લોકોમાં કેટલાક તેમના પ્રશંસક થઈ ગયા, તેમણે પૂછયું કે અહીંની મસ્જિદનો ઈમામ કોણ છે ? તેના જવાબમાં કહેવાયું કે, દેવબંદમાં શિક્ષણ લીધેલા એક મૌલ્વી સાહેબ છે. દેવબંદનું નામ સાંભળતાં જ વાઈઝ મૌલાના ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને ફત્વો આપ્યો કે, આ સમયમાં જેટલી નમાઝો આ દેવબંદી ઈમામની પાછળ તમે લોકોએ પઢી છે એ તમામે તમામ નમાઝો બરબાદ થઈ ગઈ. અને જેમ કે દસ્તૂર છે, દેવબંદી આ છે અને તે છે, આમ કહે છે ને તેમ કહે છે, ઈસ્લામના દુશ્મન છે, અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم પ્રત્યે અદાવત રાખે છે, વગેરે વગેરે. ગામડાના ગરીબ બિચારા મુસલમાનો પરેશાન થઈ ગયા કે, નાહક્ક઼ આ (દેવબંદી) મૌલ્વી ઉપર રૂપિયા બરબાદ થયા અને નમાઝો. એક પ્રતિનિધિમંડળ એ ગરીબ દેવબંદી ઈમામની પાસે આવ્યું અને (દેવબંદી ઈમામને) કહ્યું કે મૌલાના વાઈઝ સાહબ જે અમારા ગામમાં આવ્યા છે તેમના જે આરોપો–વાંધાઓ છે તેનો તમે જવાબ આપો નહીંતર પછી એ કહો કે અમારે તમારી સાથે કેવો વર્તાવ કરવો ?!*

*બિચારા ગરીબ (દેવબંદી ઈમામ)ની જાન ખતરામાં પડી ગઈ, અને નોકરી તો ખતમ થઈ ગઈ એમ*

*લાગ્યું, જો કે તેમનું શિક્ષણ સાધારણ હતું, ભયભીત થઈ ગયા કે ખુદા જાણે "વાઈઝ મૌલાના" સાહબ કેવા મોટા આલિમ છે ?*

*ફિલસૂફી અને તર્ક વધારશે અને પોતે ગરીબ સીધોસાદો મુલ્લાં છે, તેમને હરાવી શકાશે કે કેમ ?! લાચાર હતા, તેના સિવાય બીજો કોઈ પણ ઉપાય ન હતો, ડરતાં ડરતાં મુનાઝરાનો વાયદો કરી લીધો, તારીખ સમય અને સ્થળ પણ નક્કી થઈ ગયાં.*

*વાઈઝ મૌલાના સાહબ મોટી લાંબી પાઘડી માથા પર બાંધીને કિતાબોનો પોટલો સાથે લઈને મજલિસમાં પોતાના પ્રશંસકોની સાથે આવી પહોંચ્યા. ત્યાં એ ગરીબ દેવબંદી ઈમામ મિસ્કીન જેવી સૂરત સાથે ભયથી ધ્રુજતાં ધ્રુજતાં અલ્લાહ ! અલ્લાહ ! અલ્લાહ ! કરતો આવ્યો, સાંભળવા જેવી વાત એ છે કે જે એ દેવબંદી મૌલ્વીએ જાતે જોઈને વાત કહી. કહે છે કે, મૌલાના વાઈઝ સાહબ સામે બેસી ગયા. હજી વાતચીત શરૂ ન થઈ હતી કે, અચાનક પોતાને લાગ્યું કે એક શખ્સ જેને પોતે ઓળખતા ન હતા તે પણ આવીને બેસી ગયો અને મને એ અજાણ્યા માણસે કહ્યું કે હા ! વાતચીત શરૂ કરો, ગભરાવ નહીં ! મારા મનમાં હિંમત પેદા થઈ ગઈ, ત્યાર પછી શું થયું ? દેવબંદી ઈમામ સાહબનું બયાન છે કે, મારી જબાનથી એવાં વાક્યો (શબ્દો) નીકળી રહ્યાં હતાં, અને એવી રીતે નીકળી રહ્યાં હતાં કે, હું પોતે જાણતો ન હતો કે હું શું કહી રહ્યો છું, જેના જવાબો શરૂ શરૂમાં તો મૌલાના વાઈઝ સાહબે આપ્યા, પરંતુ સવાલ જવાબનો સિલસિલો લાંબો થયો, હું જોઈ રહ્યો હતો કે મૌલાના વાઈઝ સાહબ ઊભા થઈ ગયા અને મારા કદમો પર પોતાનું માથુ નાખીને રડી રહ્યા હતા, તેમની પાઘડી વિખરાઈ ગઈ હતી, તેઓ કહેતા હતા કે, આપ જે કાંઈ ફર્માવી રહ્યા છો એ બરાબર સાચુ છે, દુરુસ્ત છે, હું જ ભૂલમાં હતો ! આ એક એવું દશ્ય હતું કે જેને જોઈને આખી સભા દિગ્મુઢ બની ગઈ હતી ! શું વિચારીને લોકો આવ્યા હતા ને શું જોઈ રહ્યા હતા ! દેવબંદી ઈમામ સાહબે કહ્યું કે અચાનક આવનારી અજાણી વ્યક્તિ ત્યાર પછી મારી નજરથી ગાયબ થઈ ગઈ, અને કાંઈ ખબર નથી કે તે કોણ હતા અને આ કિસ્સો શું હતો ? (સવાનેહે ક઼ાસિમી, ભાગ–૧, પેજ : ૩૩૦/૩૩૧)*

*હઝરત શયખુલ હિંદ (એટલે મોલ્વી મહેમૂદુલ હસન સાહેબ) ફર્માવતા હતા કે, મેં એ દેવબંદી ઈમામ સાહબને પૂછયું કે, અચાનક હાજર થઈ જનારી વ્યક્તિ શરીરે કેવી હતી ? તેણે જે બયાન કર્યું તે હું સાંભળ તો હતો અને મારી નજર સામે હઝરતેવાલા ઉસ્તાદ (મોલ્વી ક઼ાસિમ સાહેબ નાનોત્વી)ના શરીરનું અંગે અંગ આવતું જતું હતું,* ***જ્યારે તેણે બયાન પૂરું કર્યું તો મેં તેમને કહ્યું કે, એ તો હઝરત ઉસ્તાદ (મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વી) હતા, જેઓ તમારી મદદ માટે અલ્લાહ તઆલા તરફથી જાહેર થયા !"*** *(સવાનેહે ક઼ાસિમી, ભાગ–૧, પેજ–૨૩૨)*

કિસ્સો પૂરો થયો, કિસ્સામાં સાચા ખોટાની ચર્ચા કર્યા વિના જોવાનું એ છે કે, **આ બનાવમાં મોલ્વી ક઼ાસિમ નાનોત્વીના સંબંધે કેટલા "મુશ્રિકાના અક઼ીદાઓ"નો સ્વીકાર કરવામાં આવ્યો છે,** પ્રથમ તો એ કે કેટલી ઉદારતાપૂર્વક તેમની અંદર ગયબદાની (ઈલ્મે ગયબ)ની એ શક્તિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જેના દ્વારા **તેમને "બરઝખની દુનિયા" (ક઼બ્ર)માં જ ખબર પડી જાય છે કે,** એક દેવબંદી ઈમામ દુનિયામાં ફલાણા સ્થળે "મુનાઝરા"ના મયદાનમાં બિલકુલ એકલો નિઃસહાય હાલતમાં દમ તોડી રહ્યો છે તો ત્યાં ચાલીને તેની મદદ કરવી જોઈએ, બીજું એ કે તેમના **(મૌલ્વી ક઼ાસિમ નાનોત્વી) સંબંધે એ મદદ કરવાની શક્તિ (તસર્રુફ)નો સ્વીકાર** કરવામાં આવ્યો છે, કે તેઓ પોતાના જાહેરી શરીર સહિત (સદેહે) **પોતાની ક઼બ્રમાંથી નીકળીને જ્યાં ચાહે ત્યાં કોઈપણ પ્રકારની રોકટોક વિના જઈ શકે છે,** ત્રીજું એ કે મરી ગયા પછી જીવતા ઈન્સાનોની **મદદ કરવાનો અખ્તયાર** ભલે "દેવબંદી–શ્રીમાનો"ની નઝદીક

અવલિયા અને અંબિયાને માટે પણ સાબિત ન હોય, પરંતુ પોતાના મૌલાનાઓને માટે એ બરાબર સાબિત છે ! જેમ કે દેવબંદીઓની પાયાની કિતાબમાં તેમનો અસલ અક઼ીદો જુઓ :–

*"કોઈ અંબિયા, અવલિયા અથવા ઈમામ અને શહીદ સંબંધે હરગિઝ એ અક઼ીદો ન રાખે કે તેઓ ગયબની વાત જાણે છે, બલ્કે હઝરત પયગંબરના સંબંધે પણ એવો અક઼ીદો ન રાખે, ન તો તેમની તા'રીફમાં એવી વાત કહે." (કિતાબ : ઉર્દૂ તક઼વિયતુલ ઈમાન, પેજ–૨૬)*

તેમજ એ જ કિતાબમાં બીજા ઠેકાણે છે :–

*"જો કોઈ માણસ કોઈ નબી કે વલીને, જિન કે ફરિશ્તાને, ઈમામ કે ઈમામના પુત્રને, પીર કે શહીદને..........આ પ્રકારનાં (ગયબ જાણનાર) માને તો એવો માણસ **મુશ્રિક** અને આ આયતનો મુન્કિર બની જાય છે. (તક઼વિયતુલ ઈમાન ગુજરાતી, પેજ–૬૮, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, જિ. ભરૂચ)*

**વાંચકો ! ઈન્સાફ કરો !** અહીં તો દેવબંદી ઈમામે મુસીબતમાં ક઼ાસિમ નાનોત્વીને પુકાર્યા પણ નથી ! છતાં જૂઠો કિસ્સો કેવો રચ્યો કે ક઼બ્રમાં જ તેમને એક દેવબંદી દુનિયામાં મુસીબતમાં સપડાઈ રહ્યાનો ગયબથી ઈલ્મ થઈ ગયો ! એટલું જ નહીં, ઈખ્તિયાર તો જુઓ કે ક઼બ્રેથી ઉઠીને નાનોત્વી આવ્યા અને મદદ પણ ફર્માવી ! **વાહ ! વાહ ! દેવબંદી ધરમ ! આ જ વાતો ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર વિશે, હાઝિર નાઝિર હોવા વિશે નબી વલી માટે સત્ય ઘટના પૂર્વજ બુઝુર્ગોથી હવાલા સાથે રજૂ કરનાર મુશ્રિક ઠરે અને ઉપરોક્ત આટલા સ્પષ્ટ કિસ્સા ઈલ્મે ગયબ તથા હાઝિર નાઝિર સાબિત થવાના તથા મદદે પહોંચવાના દેવબંદી મોલ્વીના રજૂ કરનારા મોલ્વીઓ મુશ્રિક ન ઠરે !** આ પોલીસી તેમની નબી વલીથી અદાવત તથા દુશ્મનીને જાહેર નથી કરતી ?! જરૂર કરે છે !

વધુ માટે જુઓ : અહમદ, તિર્મિઝી, ઈબ્ને હબ્બાન અબૂ સઈદ ખુદરી થી રિવાયત કરે છે કે નબી કરીમ ફર્માવે છે કે, "હું ક઼યામતના દિવસે તમામ માનવોનો સરદાર છું અને આ કાંઈ ફખ્રથી નથી કહેતો. અને મારા હાથમાં લવાએ હમ્દ હશે, અને ફખ્રના લીધે નથી કહેતો, એ દિવસે સૌ મારા ઝંડા હેઠળ હશે." *(તિર્મિઝી અબવાબુત્તફસીરે બની ઈસ્રાઈલ, હદીષ : ૩૧૫૯)*

દારમી બયહકી, અબૂ નુઐમ હઝરત અનસ થી રિવાયત કરે છે. હુઝૂર ફર્માવે છે, "હું ક઼યામતમાં આદમીઓનો સરદાર છું અને કાંઈ ગર્વ નથી. અને **હું સૌથી પહેલાં જન્નતમાં પ્રવેશ કરીશ !** અને કાંઈ ગર્વ નથી." *(દલાઈલુન્નબુવ્વહ લિલ્ બયહક઼ી, ૪૭૯/૫ બહવાલા ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩૦ મુતરજિમ, પેજ–૨૦૦)*

આટલી સ્પષ્ટ અન્ય કેટલીય હદીષો છતાં દેવબંદીનો અક઼ીદો નબી પાક માટે તો આ જ છે :–

*અલ્લાહ તઆલા પોતાના બંદાઓ સાથે દુનિયામાં યા ક઼બ્રમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી. ન કોઈ નબી અને ન તો કોઈ વલી–બુઝુર્ગ આ હક઼ીકત જાણે છે. **તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી** તો બીજાની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ? (તક઼વિયતુલ ઈમાન ગુજરાતી, પેજ–૮૦, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ)*

હવે તમો કહો કે તેઓને નબી પાક થી અદાવત તથા દુશ્મની છે કે નહીં ?! કેમ કે જેનાથી મહોબ્બત છે તેમની (પોતાના મોલ્વીઓની) તારીફોમાં જૂઠા બનાવટી કિસ્સા લખે છે અને જેમનાથી અદાવત છે તેમના વિશે આવી સ્પષ્ટ હદીષોને અવગણીને આવું લખે છે જે તમારી સમક્ષ જ છે. ફેંસલો તમારા હાથમાં છોડુ છું.

# ૭૩માં એક કોણ ?

અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદીન રઝવી** (સદર મુફતી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*તા. ૧૭–૧–૨૦૧૦ (૧૨ સફર, હિ.સ. ૧૪૩૧) મંગળવારે તેહરીકે* **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના *હેઠળ મુંબઈમાં યોજાયેલ "જલ્સાએ દઅવતો ઈર્શાદ" બનામે "તોત્તેરમાં એક કોણ ?"માં મુફતી સાહબ કિબ્લાએ મઝકૂર વિષય હેઠળ સવા કલાક અતિશય આલિમાના તથા મોહક્કિકાના બયાન કર્યુ જે અહીં હિદાયતના તાલિબોની સેવામાં રજૂ કરીએ છીએ, જે અહલે સુન્નત અવામના ઈમાનને મજબૂત કરશે અને જેઓ અજાણતામાં ગલત ફિર્કા પાછળ દોરાતા હશે તેમના માટે પણ હિદાયતનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ !*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

હઝરાત ઉલમાએ કિરામ ! મિમ્બરે અક્દસ પર જલ્વા ફર્મા સદરે ઈજલાસ અને સર્વ હાજરજનો અહલે સુન્નત વ જમાઅત ! અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ.

**نحمده ونصلی علیٰ رسوله الکریم، اما بعد ! عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ : قَالَ رَسُولُ اللّٰهِ ۔ صلی الله علیه وسلم ۔ : إِنَّ بَنِی إِسْرَائِیلَ تَفَرَّقَتْ عَلَی ثِنْتَیْنِ وَسَبْعِینَ مِلَّةً وَتَفْتَرِقُ أُمَّتِی عَلَی ثَلَاثٍ وَسَبْعِینَ مِلَّةً، کُلُّهُمْ فِی النَّارِ إِلَّا مِلَّةً وَاحِدَةً، قَالُوا : وَمَنْ هِیَ؟ یَارَسُولَ اللّٰهِ ! قَالَ : مَا أَنَا عَلَیْهِ وَأَصْحَابِی۔**

**رواه الترمذی وفی روایة احمد وابی داؤد عن معاویة : ثِنْتَانِ وَسَبْعُونَ فِی النَّارِ وَوَاحِدَةٌ فِی الْجَنَّةِ وَهِیَ الْجَمَاعَةُ۔ صدق رسول اللّٰه صلی اللّٰه علی وسلم۔**

એ પહેલાં કે આપણે આપણી ચર્ચાનો આરંભ કરીએ, આવો સૌ પ્રથમ હુઝૂર સૈયદે આલમ, તાજદારે બની આદમ વ આદમ, નબીએ ઉમ્મી, ફિદાહે અબી વ ઉમ્મી જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺની બારગાહે બેકસ પનાહમાં બુલંદ અવાજથી દુરૂદે પાકનો હદિયો પેશ કરો.

**اللهم صلی علیٰ سیدنا ومولانا محمد مدن الجود والکرم وآله واصحابه وبارك وسلم صلاة وسلاماً علیك یا حبیبی یا رسول الله !**

**તોત્તેરમાં એક કોણ ?** : એનો જવાબ ખૂદ એ જ હદીષે પાકમાં મૌજૂદ છે જે હદીષને સામે રાખીને આ સવાલ પેદા થયો છે. ફિર્કાઓ તો ઘણા છે પરંતુ મોટાભાગના ફિર્કા એવા છે કે જેના માટે આજ કાલના મશહૂર ફિર્કાઓની પણ એકમતિ છે કે તે ફિર્કા નજાત પામનારા (નાજી) નથી બલ્કે નારી (જહન્નમી) ફિર્કા છે. તો જેમના નારી તથા જહન્નમી હોવા પર સૌની એકમતિ છે હું તેનો અહીં હાલમાં કોઈ ઉલ્લેખ કરતો નથી, પરંતુ ત્રણ ચાર જે મશહૂર ફિર્કા છે તેનું અમે નામ લઈશું, એટલા માટે નહીં કે અમે તેમના દિલને રંજ પહોંચાડવા ચાહીએ છીએ અને એટલા માટે પણ નહીં કે તેમની રદ કરવા ચાહીએ છીએ, બલ્કે એટલા માટે કે સવાલનો જવાબ આપવા માટે એ ફિર્કાઓનું નામ લેવું ગમે તે રીતે અનિવાર્ય બને છે. અને એટલા માટે પણ કે જો એ ફિર્કાના લોકો પણ દૂર તથા નજીક ક્યાંકથી સાંભળી રહ્યા હોય તો અમે હુઝૂર સૈયદે આલમ ﷺની હદીષોની રોશનીમાં તેમને પણ સમજાવવા ચાહીએ છીએ. જ્યાં સુધી જીવન છે અને દમમાં દમ છે ત્યાં

સુધી અમે કોશિશ કરીશું કે એ ભટકેલા લોકોને પણ હદીષો સંભળાવી સંભળાવીને સુન્નતે નબવિય્યહ્ની નજીક લાવીએ અને સિરાતે મુસ્તક઼ીમ પર ચલાવવાની કોશિશ કરીએ. ન કોઈના દિલને ઠેસ પહોંચાડીશું ન અહીં કોઈના પર લા'નત મલામત થશે, કેમ કે અમે એક મુબલ્લિગની હૈસિયતથી આપની સમક્ષ આવ્યા છીએ. અમારું કામ છે અલ્લાહ તઆલા અને તેના પ્યારા હબીબ ﷺનો પયગામ સૌના સુધી પહોંચાડી આપવો. ઈર્શાદે રસૂલ છે : بَلِّغُوا عَنِّی وَلَوْ اٰیَۃً "મારા તરફથી પહોંચાડી આપો ભલે એક જ આયત હોય." અમે કોશિશ કરીશું કે સરળ શબ્દોમાં ખૂબ જ આસાન વાતો રજૂ કરીએ જેથી દરેક શખ્સ તેને સમજી શકે અને કાલે ક઼યામતના દિવસે એવું કોઈ બહાનુ ન કરી શકે કે મુબલ્લિગોએ અમારા સુધી અલ્લાહ વ રસૂલનો પયગામ પહોંચાડયો જ નથી, એટલે અમે ભટકી ગયા.

સારું ! તમે લોકો અમને સવાલ જ કરશો કે પછી અમારા પણ સવાલનો જવાબ આપશો ? અત્યાર સુધી દરેક મજમામાં તો એ જ થતુ રહ્યું છે કે આપ લોકો સવાલ કરતા હતા અને હું જવાબ આપતો હતો, પરંતુ જરૂરત પડશે તો આજે હું પણ તમને સવાલો કરીશ !

**મશ્હૂર મશ્હૂર ફિર્ક઼ા કયા છે ? :** પ્રથમ ફિર્ક઼ો જે અત્યારે મશ્હૂર છે તે "વહાબી" ફિર્ક઼ો છે. અમે તેમને વહાબી કહીએ છીએ પણ તેઓ પોતે પોતાને "અહલે હદીષ" તથા "ગૈર મુક઼લ્લિદ" કહે છે. "અહલે હદીષ" હદીષની જાણકારી પ્રતિ નિસ્બત કરીને નહીં, બલ્કે એક ફિર્ક઼ાની હૈસિયતથી. ક઼ાદયાની ખૂબ મશ્હૂર છે જેમનો અક઼ીદો એ છે કે, "હુઝૂર ﷺ પછી નવો નબી આવી શકે છે અને અલ્લાહ તઆલાએ ગુલામ અહમદને ક઼ાદયાનમાં પોતાનો નબી બનાવીને મોકલ્યો." તે લોકો પોતાને "અહમદી" કહે છે ગુલામ અહમદ ક઼ાદયાની પ્રતિ નિસ્બત કરીને અને આપણે તેમને ક઼ાદયાની કહીએ છીએ. એક ફિર્ક઼ો ચકળ ાલ્વીઓનો છે એટલે હદીષના મુન્કિરોનો. એ લોકો કહે છે કે આપણા માટે કુર્આન અલ્લાહની કિતાબ પૂરતી છે તો હદીષની શું જરૂરત ? રસૂલે પાક ﷺની હદીષ આપણા માટે હુજ્જત (દલીલ) નથી. અમે એમનું નામ રાખીએ છીએ "મુન્કિરે હદીષ" કેમ કે એઓ હદીષે રસૂલ હુજ્જત હોવાનું માનતા નથી. હદીષે રસૂલને એ લોકો નથી માનતા પણ એ લોકો પોતાનું નામ રાખે છે અહલે કુર્આન. એક ફિર્ક઼ો છે દેવબંદી, એ લોકો પણ પોતાની નિસ્બત એ પ્રમાણે કરે છે અને આપણે તેમને દેવબંદી કહીએ છીએ, તેઓ પણ પોતે પોતાને દેવબંદી સમજે તથા કહે છે. અને કદી કદી લોકોને બેહકાવવા માટે જ્યાં જેવો મોક઼ો જોયો એ લેહાઝથી તે પોતાને કાંઈ ઓર પણ બતાવી આપે છે, ક્યાંક પોતાને ક઼ાસમી કહે આપે છે ક્યાંક (અશ્રરઅફ અલી થાનવીની નિસ્બતથી) અશરફી કહી આપે છે, ક્યાંક રશીદી તથા ઈમદાદી પણ કહી આપે છે. આ અલગ અલગ તેમનાં નામો છે, લિબાસ છે અને અસલમાં તે દેવબંદી છે. દેવબંદી એટલા માટે કહેવામાં આવે છે કે દેવબંદના કેટલાક ઉલમા છે જેમના બાતિલ અક઼ીદાઓને એ લોકો માને છે એ લેહાઝથી તેઓ "દેવબંદી" છે. તો આ પ્રમાણે આ અમુક મશ્હૂર ફિર્ક઼ા થયા. વહાબી કે અહલે હદીષ તથા ક઼ાદયાની કે અહમદી, ચકળાલ્વી કે મુન્કિરીને હદીષ કે અહલે કુર્આન તથા દેવબંદી ફિર્ક઼ો. ફિર્ક઼ાની હૈસિયતથી આ ચારેવ ફિર્ક઼ા ખૂબ જ મશ્હૂર છે. એક ફિર્ક઼ો અન્ય છે જે ફિર્ક઼ાની હૈસિયતથી મશ્હૂર છે તે છે અહલે સુન્નત વ જમાઅત, તે કોણ છે ? તે આપણે સૌ છીએ. الحمد لله !

આ એક સંક્ષિપ્ત પ્રસ્તાવના થઈ. આ પ્રસ્તાવનાને દિમાગમાં રાખીને હવે તમો એ હદીષે પાકનો તર્જુમો સાંભળો જેની રોશનીમાં આ સવાલ (તોત્તેરમાં એક કોણ ?) ઉઠાવવામાં આવે છે.

**"અહલે સુન્નત વ જમાઅત" નામ હદીષથી છે :** રસૂલે પાક ﷺના સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે. તેમનું બયાન છે કે અલ્લાહ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બેશક ! બની ઈસ્રાઈલ બોત્તેર મઝહબોમાં, બોત્તેર ફિર્ક઼ાઓમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત તોત્તેર (૭૩) ફિર્ક઼ાઓમાં વહેંચાઈ જશે. کلهم فی النار "સર્વ ફિર્ક઼ા જહન્નમી છે એક ફિર્ક઼ા સિવાય" તો એ પ્રસંગે સહાબાએ કિરામે અર્ઝ કરી હતી :

من هى يارسول الله ؟ "યા રસૂલલ્લાહ ! એ તોત્તેરમાં એક કોણ છે ?" તો જરા આવો ! પ્યારા હબીબ ﷺનો પ્યારો જવાબ સાંભળો ! ફર્માવે છે : **ما انا عليه واصحابى** "જે મઝહબ પર હું છું અને મારા સહાબા છે." હુઝૂર ﷺ જે મઝહબ પર છે એ કયો મઝહબ છે ? મઝહબે સુન્નત છે. હુઝૂરની સુન્નત જ હુઝૂરનો મઝહબ છે. અને સહાબાઓનો શો મઝહબ છે ? જે હુઝૂરની સુન્નત છે એ જ સહાબાનો પણ મઝહબ છે : **ما انا عليه واصحابى** "જે મઝહબ પર હું છું અને મારા સહાબા છે." હુઝૂર પણ પોતાની સુન્નત પર છે અને સહાબા પણ હુઝૂર ﷺની સુન્નત પર છે, એટલા માટે **ما انا عليه واصحابى**નો મતલબ શું થયો ? "અહલે સુન્નત". આ હદીષ ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી છે.

મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ તથા સુનને અબૂ દાઊદની રિવાયત હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہથી આ શબ્દોમાં છે કે સરકાર ﷺએ ફર્માવ્યું, "બોત્તેર ફિર્કા જહન્નમી છે અને એક જ ફિર્કો જન્નતી છે." સહાબાએ પૂછયું કે એ જન્નતી ફિર્કો કયો છે ? તો હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, **هى الجماعة** "તે જમાઅત છે." જેથી "સુન્નત" તથા "જમાઅત" બંનેવને મિલાવીને એ જ જમાનામાં એ ફિર્કાનું નામ પડી ગયું હતું "અહલે સુન્નત વ જમાઅત". કોઈ વિચારશે કે આ તો તમે મતલબ કાઢી લીધો, **ما انا عليه واصحابى**થી તથા **هى الجماعة**થી ! તો હું કહીશ કે હા ! એ ઠીક છે, આ સહીહ હદીષથી આ મતલબ યકીની તૌર પર સાબિત થાય છે, અને સમર્થનના રૂપે અમે એક હદીષ શરીફ અન્ય રજૂ કરીએ છીએ.

તકમિલા બહર્રુરાઈક્માં છે : સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? તો સરકાર ﷺએ એના જેવો જ જવાબ આપ્યો. જેથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعينએ આ હદીષે પાકથી પોતાનો મઝહબ "અહલે સુન્નત વ જમાઅત" સમજ્યો. અને એટલા માટે તેમણે પૂછયું કે યા રસૂલલ્લાહ ! "અહલે સુન્નત વ જમાઅત" કોણ છે ? અથવા સુન્નત વ જમાઅત પર કોણ છે ? તો એના મુનાસિબ જવાબ સરકાર ﷺએ અતા ફર્માવ્યો.

ઘણા જ મશ્હૂર તાબઈ ઈમામ ઈબ્ને સીરીં رضی اللہ عنہ છે. સહીહ મુસ્લિમ શરીફ–કિતાબુલ ઈમાનમાં તેમની એક હદીષ છે જેમાં એ સ્પષ્ટતા છે કે આ હદીષ દીન છે, તો તમે લોકો એના પર નજર કરી લો કે કોની પાસેથી દીન હાંસલ કરી રહ્યા છો, તે અહલે સુન્નત વ જમાઅત છે કે નહીં ? જો અહલે સુન્નત વ જમાઅતથી છે તો એનાથી દીનનો ઈલ્મ હાંસલ કરો, અને અહલે સુન્નત વ જમાઅતથી નથી તો તેને છોડી આપો. *(સહીહ મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૧)*

જેથી આ નામ સરકાર ﷺથી સાબિત છે. હદીષમાં "અહલે સુન્નત વ જમાઅત"નો શબ્દ આવ્યો છે. અને સહીહ મુસ્લિમ શરીફ એ કિતાબ છે જેની દલીલને પાત્ર હોવા પર વહાબી પણ સહમતિ ધરાવે છે. અને આપણે પણ સહમતિ ધરાવીએ છીએ. તો હુઝૂર સૈયદે આલમ ﷺએ એ વખતે સહાબાના જવાબમાં દર્શાવી આપ્યું હતું કે, "તોત્તેરમાં એક કોણ છે ? અહલે સુન્નત વ જમાઅત" તો જે સવાલ છે એનો જવાબ ખૂદ હદીષે રસૂલુલ્લાહ ﷺમાં મૌજૂદ છે.

## અહલે સુન્નતની ઓળખ શું ?!

થોડીવારના માટે એ ગલતફહમી કોઈ પેદા કરી શકે છે અને કહી શકે છે કે તેઓ પણ અહલે સુન્નત છે ! દા.ત. જ્યારે દેવબંદી ગ્રૂપના લોકોએ જોયું કે આ તો હદીષ શરીફથી સાબિત થઈ જાય છે, અહલે સુન્નત વ જમાઅત. તો તેઓ પણ પોતાના અમુક ઉલમાને "ઈમામે અહલે સુન્નત" કહેવા લાગ્યા ! તો એના કારણે શંકા પેદા થઈ ગઈ, તો એ શંકાને દૂર કરવાના માટે પણ કાંઈક સમજાવવાની જરૂરત છે. વહાબીઓએ તો પોતાનો મામલો બિલકુલ સાફ કરી લીધો કે તેઓ "અહલે સુન્નત વ જમાઅત"થી નથી, કેમ કે તેઓ પોતે પોતાને "અહલે હદીષ" કહે છે. ક઼ાદયાનીઓએ પણ પોતાનો ફેંસલો સાફ કરી લીધો કે તે "ક઼ાદયાની" છે અથવા "અહમદી" છે, અહલે સુન્નત નથી. ચકડાલ્વીઓએ પણ પોતાનો ફેંસલો કરી લીધો કે તેઓ

"અહલે કુર્આન"થી છે અહલે સુન્નતથી નથી. અને દેવબંદીઓએ પણ એક હદ સુધી પોતાનો ફૈસલો કરી લીધો છે કે પોતાને દેવબંદની પ્રતિ સંબંધિત કરી લીધા. પણ કદી કદી એ લોકો પોતે પોતાને "અહલે સુન્નત" કહે છે, એટલા માટે સમજાવવાની જરૂરત પડી. અને સાથોસાથ એની શંકા છે કે આ વહાબી લોકો કહે કે હવે અમારું નામ વહાબી રહેશે નહીં, હવે અમારું નામ અહલે હદીષ નહીં રહે, અમારું પણ નામ "અહલે સુન્નત વ જમાઅત" રહેશે. ત્યારે તો પછી પરેશાની થઈ જશે ને ! અને ક઼ાદયાની પણ કહેવા લાગશે કે અમારું નામ ક઼ાદયાની અથવા અહમદી રહેશે નહીં, બલ્કે અહલે સુન્નત વ જમાઅત રહેશે. પરંતુ એવું એ લોકો કહી શક્શે નહીં, કેમ કે મુસ્તફા ﷺનો ઈક઼્તેદાર એમને એવું કરવા નહીં દે. તેમ છતાં એ શંકા દૂર કરવી જરૂરી છે.

જરૂરત છે કે દલીલોની રોશનીમાં અમે તમને સમજાવી દઈએ કે તે મઝહબ કયો છે જેના પર હુઝૂર ﷺ છે અને હુઝૂર ﷺના સહાબા છે. તો એના માટે અમે અમારો પણ અક઼ીદો વર્ણન કરીશું અને કાંઈક તેમનો પણ અક઼ીદો વર્ણવીશું અને એની રોશનીમાં પછી વિચારણા કરવામાં આવશે કે શું હુઝૂર ﷺ તથા સહાબાનો આ અક઼ીદો હતો કે નહીં ? તમારું ઈમાન જેના બારામાં ગવાહી આપે કે આ અક઼ીદો સહાબાનો ન હતો, આ અક઼ીદો હુઝૂર ﷺનો ન હતો તો તમે યક઼ીન માનો કે તે ૭૨ (બોત્તેર) લોકોમાંથી છે, અને જેના બારામાં તમારું ઈમાન ગવાહી આપે કે આ જ અક઼ીદો હુઝૂર ﷺનો છે અને આ જ અક઼ીદો સહાબાએ કિરામનો છે, તો તમે સમજી લો કે તે જ હક્ક઼ પર છે અને એ જ અહલે સુન્નત વ જમાઅત છે. એના સિવાય મારે કાંઈ કહેવું નથી કે **વહાબી** પણ **કહે છે** કે હુઝૂર ﷺના માટે **ગયબનો ઈલ્મ માનવું શિર્ક** છે અને **દેવબંદી પણ કહે છે** કે હુઝૂર ﷺના માટે ગયબનો ઈલ્મ માનવો શિર્ક છે. તો હવે અમે કહીએ છીએ કે આ જ હદીષે પાકની રોશનીમાં કે બતાવો કે જે વખતે હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે ૭૩ ફિર્ક઼ા મારી ઉમ્મતમાં થશે, એક ફિર્ક઼ો જેમાં હું તથા મારા સહાબા છે તે જન્નતી છે અને બાકીના ૭૨ ફિર્ક઼ા જહન્નમી છે, એ વખતે ૭૨ ફિર્ક઼ા હતા ? હરગિઝ નહીં ! તે વખતે તો કેવળ એક જ ફિર્ક઼ો હતો, **ما انا عليه واصحابي** એહલે સુન્નત વ જમાઅત, બાકી ફિર્ક઼ા તો ઘણા બાદમાં પેદા થયા, પણ સરકાર ﷺએ તેમના જાહેર થવાની ખબર આપીને બતાવો કે ગયબની ખબર આપી કે નહીં ?! **વહાબીઓથી પૂછો કે આ ગયબની ખબર છે કે નહીં ?** ક઼ાદયાનીઓને પૂછો કે આ ગયબની ખબર છે કે નથી ? અને ચકળાલ્વીઓને પૂછો કે આ ગયબની ખબર છે કે નથી ? જો તેઓ એવું કહે છે કે આ ગયબની ખબર છે અને એ તમામ ફિર્ક઼ા દુનિયામાં જાહેરમાં થઈ ચૂક્યા છે. તો હવે કહો કે હુઝૂર ﷺએ ગયબની ખબર આપીને કઈ વાતની તરફ નિર્દેશ કર્યો ? શું સમજાવ્યું ?! જેની પાસે સમજ છે તે સ્વીકાર કરી લેશે કે હદીષ એવું સૂચવી રહી છે કે **જે હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનશે તે અહલે સુન્નત વ જમાઅત છે, તે હક્ક઼ પર છે અને જે હુઝૂર ﷺના ગયબદાનીનો ઈન્કાર કરશે, હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનવાને શિર્ક કહેશે તે બાતિલ પર છે, નાહક્ક઼ પર છે, ભલે પોતાનું નામ ગમે તે રાખે.** હદીષ તેઓ પણ પઢે છે પણ સમજતા નથી ! આ જ હદીષ બતાવી રહી છે કે હુઝૂર ﷺ ગયબ જાણનાર નબી છે, તો બતાવો ! સરકાર ﷺએ ગયબની ખબર આપીને શિર્ક કર્યું ? (મઆઝલ્લાહ !) સારું ! સહાબાએ કિરામે આ હદીષને માની કે નહીં ?! શું તેમણે શિર્ક કર્યું ? સારું ! સહાબાની વાત છોડો સાહબ ! આ દેવબંદીઓથી, આ વહાબીઓથી જેઓ આજ કાલના લોકો છે તેમને પૂછો કે સરકાર ﷺએ ગયબની ખબર આપીને શિર્ક કર્યું ? (મઆઝલ્લાહ !) બલ્કે એ લોકો ખૂદ જ પોતાના દિલમાં વિચાર કરે કે સરકાર ﷺએ જે ગયબની ખબર આપી છે એ સહીહ આપી છે કે ગલત આપી છે ? જો કહો કે ગલત છે તો તમે હુઝૂર ﷺને ગલત કહ્યા ! અને હુઝૂર ﷺને ગલત કહેનાર મુસલમાન નથી, તે બાતિલ છે. અને જો કહો કે સરકાર ﷺએ સાચુ કહ્યું, તો હે વહાબી જમાઅતમાં શરીક રહેનારા ભલાભોળા અવામી ભાઈઓ ! તથા દેવબંદી

મઝહબમાં સામેલ રહેનાર ભોલાભાળા અવામી બંધુઓ ! તમારા પેશવાઓએ ગલત કહ્યું કે હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનવું શિર્ક છે, તેઓ પણ માને છે કે ઈલ્મે ગયબ છે, તેઓ પણ માને છે કે એવું થયું.

આ છે અમારો અક઼ીદો કે સરકાર ﷺ ગયબ જાણનાર નબી છે અને હુઝૂર ﷺની ગયબદાની ખૂદ આ જ હદીષે પાકમાં છે.

તેમજ મુસ્લિમ શરીફની હદીષ છે : "એક સહાબીએ રસૂલ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા. અર્ઝ કરી : "મને આપ એવો અમલ બતાવો કે જો તે કામ હું કરું તો જન્નતમાં ચાલ્યો જાઉં. એટલે કે જન્નતનો હક્ક઼દાર થઈ જાઉં. તો સરકાર ﷺએ ફર્માવ્યું, નમાઝ પઢો, ઝકાત આપો, રોઝા રાખો. એ સમય સુધી આ જ ત્રણ એહકામ આવ્યા હતા. તો સહાબી ઉઠયા અને એવું કહીને ચાલ્યા કે ખુદાની ક઼સમ ! મારા તરફથી આ હુકમોમાં ન કોઈ વધારો કરીશ અને ન કોઈ ઘટાડો કરીશ. એટલે અલ્લાહનો હુકમ અધિક આવશે તો અધિક માનીશ, પણ પોતાના તરફથી આ ફર્ઝોમાં કાંઈ વધારો ઘટાડો કરીશ નહીં. જ્યારે આવું કહીને નીકળે છે, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : **"જેને એ વાતથી ખુશી થાય કે કોઈ જન્નતી માણસને જુએ તો આ સહાબીને જુએ."** *(મુસ્લિમ શરીફ, ૧/૪૪)*

ઈમામ નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, એમાં સરકાર ﷺના માટે કેટલીયે ગયબદાનીની સાબિતી છે. સરકાર ﷺએ એવું બતાવીને એ વાતની ખબર આપી દીધી કે આ સહાબીએ જે વાયદો કર્યો છે તેને પૂરો કરશે, અને તેમનો ખાત્મો (મૌત) ઈમાન પર થશે, એટલા માટે એ જન્નતમાં જશે. વાયદો પૂરો કરશે, બતાવેલા હુકમો પર અમલ કરશે એ ગયબના ઈલ્મની (ગયબદાનીની) **પ્રથમ** સાબિતી છે. અને તેમનો ખાત્મો ઈમાન પર થશે, કેમ કે જેનો ખાત્મો ઈમાન પર થશે નહીં તે જન્નતમાં કદી નહીં જાય, એ **બીજી** ગયબદાનીની સાબિત છે. અને એ જન્નતમાં જશે **ત્રીજી** ગયબની સાબિતી થઈ ગઈ. આ સંક્ષિપ્ત શબ્દોમાં આપણા આક઼ા ﷺએ એક નહીં પણ ત્રણ ત્રણ ગયબની ખબરો આપી છે, તો આ શિર્ક છે ? સર્વ સહાબીઓએ માની લીધું. સરકાર ﷺએ ખબર આપીને બતાવી આપ્યું કે મારો અક઼ીદો એ છે કે હું ગયબ જાણનાર છું, મારી સુન્નત એ છે કે હું ગયબ જાણનાર (ગયબદાં) છું. અને સહાબીઓએ એને માની લઈને એ સ્વીકારી લીધું કે અમારા લોકોનો પણ મઝહબ એ જ છે કે હુઝૂર ﷺ ગયબદાં છે. હવે જેઓ હુઝૂર ﷺને ગયબદાં નથી માનતા, અને કહે છે કે હુઝૂર ﷺને ગયબ જાણનાર માનવું શિર્ક છે, જેમ કે વહાબી, દેવબંદી. તો તેઓ પોતાનો ફૈસલો કરે ! તેઓ તો માનવાના નથી, પબ્લિક કદાચ માની જાય ! પરંતુ તમો તો સમજી ગયા ને કે બાતિલ શું છે અને હક્ક઼ શું છે ? *(ક્રમશઃ)*

## ગુજરાત અહલે સુન્નત વતી

### ★ તાજુશ્શરીઅહ હુઝૂર અઝહરીમિયાં સાહબને અક઼ીદતનું નઝરાણુ ! ★

"રાઈલ ઈસ્લામિક સ્ટ્રેજિક સ્ટડીઝ–ઓમાન"ની ગૈર સરકારી સ્વંય સંચાલિત સંશોધન સંસ્થાનો બીજો વાર્ષિક રિપોર્ટ બહાર પડયો જેમાં જિંદગીના વિવિધ ક્ષેત્રમાં ક઼ાઈદાના (લીડરશીપની) હૈસિયત ધરાવનાર દુનિયાની મુસ્લિમ હસ્તીઓમાં હિંદુસ્તાનની ત્રણ વ્યક્તિઓની પસંદગી થઈ. અહલે સુન્નતના માટે ખુશખબરી છે કે પૂરી દુનિયાની પચાસ એવી હસ્તીઓમાં હુઝૂર તાજુશ્શરીઅહ ક઼ાઝીયુલ કુઝાત મુફતી અખ્તર રઝાખાં અઝહરી બરેલ્વીને ૨૬મો નંબર અને હિંદની ત્રણ વ્યક્તિઓમાં પ્રથમ નંબર આપવામાં આવ્યો છે. અમો બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા થકી તથા **સુન્ની દાવતે ઈસ્લામી (ગુજરાત ઝોન)** તરફથી હઝરત ક઼િબ્લા અઝહરીમિયાં સાહબને મુબારકબાદ પેશ કરીએ છીએ. તથા હઝરતની તંદુરુસ્તી માટે દુઆ કરીએ છીએ કે આપનો સાયો તાદેર અમ સુન્નીઓ પર રહે. (આમીન) *–તંત્રી "બરકાતે ખ્વાજા" (માસિક)*

# હુઝૂર صلی اللہ علیہ وسلم ના ઈલ્મે ગયબનો ઈન્કાર એ કુર્આનનો જ ઈન્કાર છે !

અઝ : **પ્રોફેસર ડોક્ટર મુહમ્મદ મસ્ઊદ અહમદ મુજદ્દિદી** رحمۃ اللہ علیہ (M.A.Ph.D.)

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

ઈલ્મ તથા એજ્યુકેશન એક મહાન શક્તિ છે. આધુનિક યુગમાં ઈલ્મનું મહત્વ તથા તેની શકિત અધિક સ્પષ્ટ થઈને નઝરો સમક્ષ આવી ગઈ છે. કુર્આને કરીમે માનવીને લખવા વાંચવા તથા એજ્યુકેશન તેમજ ઈલ્મ પ્રાપ્તિ તરફ પણ ધ્યાન દોર્યું છે અને માનવીને એવા રહસ્યમય ભેદોથી માહિતગાર ફર્માવ્યો કે તેનું દિમાગ રોશન તથા ઉજ્જવળ બની ગયું. કુર્આને કરીમ ઈલ્મ તથા જ્ઞાનનો મહાન ખઝાનો છે, તેમાં ઈલ્મ (જ્ઞાન) તથા ઈલ્મી સંશોધનોનું આઠસો (૮૦૦)થી વધુ સ્થાનોએ વર્ણન કરવામાં આવ્યું છે, તેમજ કિતાબ તથા લખાણનું છ સો (૬૦૦)થી વધુ સ્થાનોએ વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી કુર્આને કરીમની દ્રષ્ટિએ ઈલ્મ તથા એજ્યુકેશનના મહત્વનો અંદાજો લાગે છે.

હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : "હું મોઅલ્લિમ (કાઈનાતના ટીચર તેમની શાન મુજબ) બનાવીને મોકલવામાં આવ્યો છું." આપ صلی اللہ علیہ وسلم એ ઈલ્મ પ્રાપ્તિની તાકીદ ખૂબ જ ફર્માવી તથા ઈલ્મની ફઝીલતને પણ બયાન ફર્માવી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે, "ફઝીલત (શ્રેષ્ઠતા)નો માત્ર ઈલ્મવાળાઓને જ પ્રાપ્ત છે." *(ઈબ્ને અબ્દુલ બર, પેજ ૪૭)*

ખૂદ કુર્આને કરીમમાં હઝરત તાલૂત علیہ السلام ને ઈલ્મના જ કારણે બની ઈસ્રાઈલના બાદશાહ બનાવવામાં આવ્યા. *(સૂ. બક઼રહ, આ. ૨૪૭)* અને ઈલ્મના જ કારણે હઝરત આદમ علیہ السلام એ ફરિશ્તાઓ ઉપર ફઝીલત પ્રાપ્ત કરી. જેથી અંદાજો લગાડી શકાય કે નબુવ્વત, રિસાલત તેમજ ક઼યાદત (નેતૃત્વ), બાદશાહતના માટે ઈલ્મ કેટલો મહત્વનો છે ?

ઈલ્મ તથા જ્ઞાન બે પ્રકારનું હોય છે. : એક તે ઈલ્મ જે આપણે મદ્રસાઓ, સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓમાં પ્રાપ્ત કરીએ છીએ. આપણે તેને જ ઈલ્મ સમજીએ છીએ અને તેના ઉપર જ ભરોસો કરીએ છીએ. પરંતુ એક અન્ય ઈલ્મ તે છે જે સીધી રીતે (ડાયરેકટ) વિના કોઈ આધારે શીખવવામાં આવે છે. તેના માટે ન કોઈ મદરસાની જરૂરત છે, ન કોઈ સ્કૂલ, કોલેજ કે યુનિવર્સિટીની જરૂરત પડે છે. આ એક ગુપ્ત ઈલ્મ છે જેને કુર્આને કરીમે ''ઈલ્મે ગૈબ''નું નામ આપ્યું છે. *(સૂ. કહફ, આ. ૬૫)*

અને તેના ઉપર ઈમાન લાવવાને દરેક મુસલમાનની નિશાની બતાવી છે. તે ઈલ્મ તથા જ્ઞાન તે છે જેને ન તો માનવ બુધ્ધિ પામી શકે છે, અને ન તો તેના જાહેરી તથા આંતરિક અંગો પામી શકે છે. આ ઈલ્મ તમામ ઈલ્મો તથા જ્ઞાનો ઉપર ગાલિબ (પ્રભાવિ) છે તથા કોશિશ કરવાથી તેને હાંસલ કરવા સાથે તેનો કોઈ સંબંધ નથી. તે ફક્ત અલ્લાહના ફઝ્લો કરમ (કૃપા)થી વર્ષાની જેમ વરસતો રહે છે, ઝરણાની જેમ વહેતો રહે છે.

### ★ ઈલ્મે ગયબનું વર્ણન કુર્આનમાં ★

કુર્આને કરીમે કેટલીયે આયતોમાં ''ઈલ્મ ગૈબ''નું

વર્ણન કર્યું છે અને બતાવ્યું છે કે આ ઈલ્મ માત્ર અને માત્ર અલ્લાહના માટે જ સાબિત છે.

જેમ કે આ આયતોમાં છે :–

**અર્થાત** : (૧) અને તેની જ પાસે છે ચાવીઓ ગૈબની, જેને તે જ (અલ્લાહ) જાણે છે. *(સૂ. અન્આમ, આયત ૫–૫૯, કન્ઝુલ ઈમાન)*

(૧) હું જાણું છું આસ્માનો તથા જમીનોની દરેક છુપી (ગુપ્ત) વસ્તુઓ *(સૂ. બક્રહ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

(૩) હે મેહબૂબ ! તમે ફર્માવી આપો કે ગૈબ તો અલ્લાહ માટે જ છે. *(સૂ. યૂનુસ, આ. ૨૦)* અને હુઝૂર ﷺ ને ફર્માવ્યું કે તમે પણ એલાન કરી આપો :–

(૪) તમે ફર્માવી આપો કે હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન આમ કહું કે હું પોતે (આપમેળે) ગૈબ જાણી લઉં છું.'' *(સૂ. અન્આમ–૫૦, સૂ. હૂદ–૩૧)*

## ★ અલ્લાહ પોતાના પસંદીદા રસૂલોને ઈલ્મે ગયબ આપે છે ★

ઉપરોક્ત આયતોથી જાણવા મળ્યું કે ગૈબ અલ્લાહ માટે જ છે. કોઈ પોતાની જાતે (સ્વંય) ગૈબ નથી જાણતો, તેમજ અલ્લાહની અતા વિના કોઈની પાસે અલ્લાહના ખજાના નથી. આ આયતોને ધ્યાનપૂર્વક વાંચવાથી જાણવા મળશે કે **અલ્લાહે ક્યાંય પણ એવું નથી ફર્માવ્યું કે આ "ઈલ્મે ગૈબ" અમે કોઈને નથી આપતા** અને આ ખજાના અમે કોઈને નથી અતા કરતા. (એવું ક્યાંય પણ નથી ફર્માવ્યું) આ જ સૌથી મહત્વનો મુદ્દો છે જેના ઉપર મુસલમાનોએ ધ્યાન આપવું જોઈએ. અલ્લાહ ત્આલા કુર્આને હકીમમાં ફર્માવે છે :–

(૧) "ગૈબ જાણનાર તે જ છે જેથી તે કોઈને પોતાના ગૈબ ઉપર માહિતગાર નથી કરતો, હા ! માત્ર પોતાના કોઈ બરગુઝીદા (ચહીતા) પૈગમ્બરને. *(સૂ. જિન–૨૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૨) અલ્લાહ એવા ગૈબી (ગૈબ સંબંધિત) કામો ઉપર માહિતગાર નથી ફર્માવતો, પરંતુ હા ! જેને તે ચાહે અને તે અલ્લાહના પૈગમ્બરો છે જેમને નિયુક્ત ફર્માવી લે છે. *(સૂ. આલિ ઈમરાન–૧૭૯, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

અને વળી એટલું જ નહીં કે માત્ર એ વાત કહેવામાં આવી તથા ''ઈલ્મે ગૈબ'' અતા કરવામાં ન આવ્યો હોય, નહીં ! નહીં ! અલ્લાહ ત્આલાએ પોતાના બરગુઝીદા (પ્રિય) પયગમ્બરોને આ ઈલ્મ અતા પણ ફર્માવ્યો જેનું કુર્આન હકીમમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે આ આયતોમાં ફર્માવવામાં આવ્યું છે :–

## ★ નબીઓને આપેલા ઈલ્મે ગયબની જાહેરાત કુર્આનમાં ★

(૧) અને ઈલ્મ (જ્ઞાન) આપી દીધો અલ્લાહ ત્આલાએ આદમને દરેક વસ્તુનાં નામોનો ત્યારબાદ તે વસ્તુઓ ફરિશ્તાઓ સમક્ષ કરી આપી. *(સૂ. બક્રહ– ૩૧, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૨) હઝરત દાઊદ عليه السلام વિશે ફર્માવ્યું : "અને જે પણ મંજૂર થયું તેમને તાલીમ ફર્માવ્યું." *(સૂ. બકરહ–૨૫૧)*

(૩) હઝરત સુલૈમાન عليه السلامએ આ ઈલ્મે ગૈબનું વર્ણન આ રીતે ફર્માવ્યું : ''હે લોકો ! અમને પંખીઓની બોલી (વાણી)ની તાલીમ કરવામાં આવી છે. અને અમને દરેક પ્રકારની વસ્તુઓ આપવામાં આવી છે.'' *(સૂ. નમ્લ–૧૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૪) હઝરત લૂત عليه السلامના માટે ફર્માવ્યું : ''અને લૂતને અમે હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો. *(સૂ. અંબિયા–૭૪, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૫) હઝરત યાકૂબ عليه السلام વિશે ફર્માવ્યું : ''અને તે વિના શંકાએ મોટા આલિમ હતા એ કારણે કે અમે તેમને ઈલ્મ આપ્યો હતો, પરંતુ વધુ પડતા લોકો

જાણતા નથી.'' *(સૂ. યુસૂફ–૬૭, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૬) હઝરત યાકૂબ علیہ السلام એ પોતે પણ તેમના દિકરાઓ સમક્ષ આ અતાએ રબ્બાની (અલ્લાહના અણમોલ તોહફા)નો ઈઝહાર કરતાં ફર્માવ્યું : ''કેમ મેં તમને કહ્યું ન હતું ? કે અલ્લાહની વાતોને જેટલી હું જાણું છું તમે નથી જાણતા.'' *(સૂ. યુસૂફ–૯૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૭) હઝરત યુસૂફ علیہ السلام વિશે ફર્માવ્યું : ''અને જ્યારે તે પોતાની જવાનીમાં (યુવાવસ્થામાં) પહોંચ્યા અમે તેમને હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો.'' *(સૂ. યુસૂફ–૨૨, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૮) અને હઝરત મૂસા علیہ السلام વિશે ફર્માવ્યું : '' અને જ્યારે (તેઓ) પોતાની ભરી જવાનીમાં પહોંચ્યા તથા સીધા થઈ ગયા, અને તેમને હિકમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો. *(સૂ. કસસ–૧૪, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૯) હઝરતે ખિઝર علیہ السلام વિશે ફર્માવ્યું : ''તેમણે અમારા બંદાઓમાંથી એક બંદાને પામ્યો જેમને અમે પોતાની ખાસ (વિશેષ) રહમત આપી હતી. અને અમે તેમને પોતાની પાસેથી ખાસ (વિશેષ) રીતનો ઈલ્મ શિખવાડયો હતો.'' *(સૂ. કહફ–૬૫, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ આયતો દ્વારા જાણવા મળ્યું કે, અલ્લાહ તઆલાએ પોતાના પ્રિય નબીઓને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો. પરંતુ કેટલાયે લોકો નથી જાણતા. આ બરગુઝીદા હઝરતોએ પણ કયારેક કયારેક આ ઈલ્મનો ઈઝહાર (જાહેર) કર્યો છે. જેમ કે કુર્આને કરીમમાં હઝરત ઈસા علیہ السلام પોતાના (અનુયાયીઓ)ને આ ઈર્શાદ ફર્માવે છે :–

## ★ નબીઓ થકી ઈલ્મે ગયબ મળ્યાની જાહેરાત કુર્આનમાં ★

(૧૦) અને હું તમને બતાવી આપું છું, જે કાંઈ પણ (તમારા) ઘરોમાં (તમે) ખાવ છે અને જે (કાંઈક) રાખી મૂકો છો. *(સૂ. આલિ ઈમરાન–૪૯)*

એટલે કે જે જેણે જે કાંઈ પણ પોતાના ઘરની ચાર દીવારીમાં ખાધુ અને જે કાંઈ પણ બચાવી રાખ્યું સર્વ આપની નજરો સમક્ષ હતું.

હઝરત યૂસુફ علیہ السلام કેદખાનામાં (જેલમાં) કેદીઓને સ્વપ્નની તાબીર બતાવતા પહેલાં ફર્માવે છે :–

(૧૧) ''જે ખાવા (ભોજન) તમારી પાસે આવે છે જે તમને ખાવા માટે મળે છે, હું તેના આવતા પહેલાં તેની હકીકત બતાવી આપું છું. આ બતાવી દેવું તે ઈલ્મની બદૌલત (કારણે) છે જેની મને મારા પરવરદિગારે તાલીમ ફર્માવી છે.'' *(સૂ. યુસૂફ–૩૭, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ આયતોથી માલૂમ થયું કે **અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા (પ્રિય) રસૂલોને ઈલ્મે ગૈબ અતા ફર્માવ્યો છે. આ વિશેષ અતા (ઈનામ)નો અસ્વીકાર કુર્આનનો અસ્વીકાર છે. આ ઈલ્મ કોઈ મામૂલી ઈલ્મ નથી,** ઘણી વ્યવસ્થા તથા તૈયારીની સાથે અતા કરવામાં આવે છે અને તેના આગળ પાછળ ફરિશ્તાઓનો પેહરો (સુરક્ષા) લગાડી દેવામાં આવે છે. જેમ કે ઈર્શાદ છે :–

''અને તે પોતાના ગૈબ ઉપર કોઈને આગાહ નથી કરતો, હા ! પરંતુ પોતાના કોઈ બરગુઝીદા પૈગમ્બરને, તો તે (પૈગમ્બર)ના આગળ તથા પાછળ મુહાફિઝ (સુરક્ષા કરનાર ફરિશ્તાઓ)ને મોકલી આપે છે.'' *(સૂ. જિન–૨૬, તર્જુમો : દેવબંદી અશરફ અલી થાનવી)*

બેશક ! જેને આ ઈલ્મ અતા કરવામાં આવ્યો તેને ઘણુ બધું અતા કરવામાં આવ્યું, તમામ અંબિયાએ કિરામને એક સમાન તથા સરખો ઈલ્મે ગૈબ, પ્રાપ્ત નથી, બલ્કે અંબિયા તથા રસૂલોમાં તેમના દરજ્જા મુજબ. *(સૂ. બકરહ–૨૫૩)*

આ પ્રમાણે ઈલ્મે ગૈબ પણ દરજ્જા તથા મર્તબા મુજબ આપવામાં આવ્યો છે. કુર્આને હકીમ દ્વારા જેનું સમર્થન થાય છે. હઝરત મૂસા علیہ السلام ની હઝરત

ખિઝર عليه السلامસાથે મુલાકાત થઈ. હઝરત મૂસા عليه السلامએ તે "ઈલ્મે ગૈબ" શીખવાની દરખાસ્ત કરી કે જે અલ્લાહે તેમને (હઝરત ખિઝરને) અતા ફર્માવ્યો હતો. હઝરત ખિઝર عليه السلامએ દરખાસ્ત મંજૂર કરી પરંતુ હિદાયત કરી કે "જોતા જજો, બોલશો નહીં, જ્યાં સુધી હું ન કહું." *(સૂ. કહફ-૭૦)* હઝરત ખિઝર عليه السلام જે કાંઈ પણ કરતા ગયા હઝરત મૂસા عليه السلام ન સમજી શકયા, અંતમાં તેમનાથી રહેવાયું નહીં તો પૂછી લીધું, હઝરત ખિઝર عليه السلامએ ભેદ તથા રાઝથી પડદો ઉઠાવી આવ્યો પરંતુ ત્યાર પછી હઝરત મૂસા عليه السلامને પોતાની સાથે ન રાખ્યા. આ સંપૂર્ણ તફસીલ કુર્આને હકીમમાં મૌજૂદ છે. *(સૂ. કહફ-૬૫ થી ૭૨, તર્જુમા : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

આ કિસ્સાથી સમજી શકાય છે કે તમામ અંબિયાને એક સરખો ઈલ્મે ગૈબ નથી આપવામાં આવ્યો.

## ★ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ એ તેમનો સૌથી મહાન મો'જિઝો ★

ઈલ્મે ગૈબ હુઝૂરે અન્વર ﷺને પણ કરવામાં આવ્યો. આ "ઈલ્મે ગૈબ" જ આપ ﷺનો સૌથી મોટો મોજિઝો છે. અલગ અલગ નબીઓને અલગ અલગ મોજિઝાઓ આપવામાં આવ્યા. પરંતુ હુઝૂર ﷺને એ (ઈલ્મે ગૈબનો) મોજિઝો અતા ફર્માવ્યો કે લગભગ એક લાખ ચોવીસ હજાર નબીઓને જે ઈલ્મે ગૈબ આપવામાં આવ્યો તે તમામ આપ ﷺને આપવામાં આવ્યો, અને તેના સિવાય જે કાંઈ પણ આપ્યું તે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું. હુઝૂરે અનવર ﷺ તમામ અંબિયા عليهم السلامની સર્વ ખૂબીઓનો સંગ્રહ હતા. તથા તેમના ઈલ્મો તથા મઅરેફતોનો પણ સંગ્રહ હતા. હુઝૂરે અકરમ ﷺને જે કાંઈ પણ આપવામાં આવ્યું તેના સંબંધે ઈર્શાદ છે :-

"અને તમને શિખવાડી આપ્યું જે કાંઈક પણ તમે ન જાણતા હતા, અને અલ્લાહનો તમારી ઉપર મોટો ફઝ્લ છે." *(સૂ. નિસાઅ-૧૧૩)*

આ આયત દ્વારા જાણવા મળ્યું કે હવે કોઈ એવી વસ્તુ નથી રહી જે આપ ન જાણતા હોય. એટલા માટે જ આ નેઅમતને અલ્લાહ તઆલાએ "ફઝ્લે અઝીમ" કહી છે. હુઝૂરે અકરમ ﷺને જે કાંઈ પઢાવવામાં આવ્યું તે અલ્લાહે પઢાવ્યું છે. *(સૂ. આઅ્લા-૬)*

જો ઉસ્તાદ શાગિર્દને આ વાત કહે કે "મેં તને પઢાવ્યું છે તું તો કાંઈ પણ જાણતો ન હતો" તો આ હક્ક છે, ગુસ્તાખી તથા બેઅદબી નથી. પરંતુ કોઈ શાગિર્દ અથવા શિષ્ય પોતાના ઉસ્તાદ તથા ગુરૂને કહે કે તમે તો કશું જ જાણતા ન હતા, તમારા ઉસ્તાદે તમને શિખવાડયું છે ! તો આ સરાસર બે અદબી તથા ગુસ્તાખી છે. માનવ ઈતિહાસમાં આવો બેઅદબ શાગિર્દ તથા શિષ્ય જોવા નથી મળતો. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને પઢાવ્યું, જે કાંઈ અતા ફર્માવ્યું છે અલ્લાહ તઆલાએ અતા ફર્માવ્યું છે, તો પછી તેણે કુર્આન હકીમમાં અતા કરતા પહેલાંની સ્થિતિને આ રીતે બયાન કરી કે : "આથી પહેલાં તમે ન તો કિતાબ જાણતા હતા, ન તો શરઈ એહકામની તફસીલ." *(સૂ. શુરા આયત-૫૨)*

તો આ પ્રમાણે કહેવું અલ્લાહની શાનના લાયક છે. આપણા માટે જાઈઝ નથી કે બેઅદબ ગુસ્તાખ શાગિર્દની જેમ આપ ﷺની બારગાહમાં તે વાત કહીએ જે અલ્લાહ ત્આલાએ, આપ ﷺ ની સાથે ફર્માવી. **બેશક ! અલ્લાહે તો આપ ﷺને ' 'ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો. જે વ્યકિત આ ફઝ્લે ઈલાહીનો ઈન્કાર કરે છે, અથવા તેને હલકુ સાબિત કરે છે, તે અલ્લાહના ફઝ્લ (ઈનામ)નો ઈન્કાર કરે છે અને અલ્લાહના ફઝ્લને હલકો સાબિત કરે છે. અને જે આમ કરે તેને કોણ મુસલમાન કહી શકે છે ?** તૌહીદના દાવેદારની શાન તો એ છે કે તે અલ્લાહના દરેક હુકમનું કાળજીપૂર્વક સન્માન કરે છે. તેના ઉપર પોતે પણ અમલ કરે છે અને બીજાઓને અમલની તાકીદ કરે છે. હુઝૂરે અનવર ﷺનો દરબાર તો એક મહાન દરબાર છે તેમના સમક્ષ ઊંચા અવાજે

બોલવાથી જિંદગીભરના અમલો પણ બેકાર તથા નકામા થઈ જાય છે. જેમ આપ ﷺની મુબારક મહેફિલમાંથી વિના ઈજાઝતે ઉઠી જનારને ભયાનક અઝાબની ધમકી (વઈદ) સંભળાવવામાં આવે છે. તમે પણ સાંભળો ! ઈર્શાદ થાય છે : "તમે લોકો રસૂલને બોલાવવાને એમ ન સમજો જેમ કે તમે એકબીજાને બોલાવી લો છો ! અલ્લાહ તઆલા તે લોકોને જાણે છે જેઓ આડ લઈને તમારામાંથી ખસ્કી (સરકી) જાય છે. અને જે લોકો અલ્લાહના હુકમનો વિરોધ કરે છે તેમણે તે વાતથી ડરવું જોઈએ કે તેમના ઉપર કોઈ આફત આવી પડે અથવા તેમના ઉપર કોઈ દર્દનાક અઝાબ નાઝિલ થઈ જાય. *(સૂ. નૂર–૬૩, તર્જુમો : દેવબંદી અશરફ અલી થાનવી)*

તમે જાતે અંદાજો લગાડો કે જે મુબારક મેહફિલનો આ અદબ હોય તો તેમાં રોનક અફરોઝ (બિરાજમાન) સરકારે દો આલમનો શું અદબ હશે ?! સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ આ પવિત્ર મેહફિલમાં માથુ ઝુકાવી દમ બખૂદ રહેતા હતા, વાત વાત પર કહેતા "યા રસૂલ્લાહ ! ﷺ મારા માં–બાપ આપ પર કુરબાન !" દરેક સવાલનો એક જ જવાબ આપતા "અલ્લાહ તથા તેના રસૂલ સૌથી વધારે જાણે છે."

બેશક ! હુઝૂરે ﷺને તેમના પરવરદિગારે "ઈલ્મે ગૈબ" અતા ફર્માવ્યો, આ હકીકત તથા વાસ્તવિક્તાને ત્રણ તરીકાઓ (દિશાઓ)થી સમજી શકાય છે.

(૧) "આપ ﷺને સીધી રીતે (ડાયરેકટ, વિના કોઈ આધારે) ઈલ્મે ગૈબ આપવામાં આવ્યો."

(૨) "આપ ﷺને કુર્આન આપવામાં આવ્યું જે 'ઈલ્મે ગૈબ'નો ખજાનો છે."

(૩) "આપ ﷺને શાહિદ (ગવાહ) બનાવી મોકલવામાં આવ્યા અને શાહિદ તે જ હોય જે વાકિઆ તથા ઘટનાના સમયે ત્યાં ઉપસ્થિત પણ હોય અને જોઈ પણ રહ્યો હોય, એટલે કે તેને દરેક વાતનું ઐનુલ્ યકીન તથા હક્કુલ યકીન પ્રાપ્ત હોય છે."

હુઝૂરે અકરમ ﷺના ઈલ્મે ગૈબને પહેલી દિશાથી જોવામાં આવે તો આયતો આપના ઈલ્મે ગૈબની તસ્દીક (સમર્થન) તથા સચ્ચાઈ બયાન કરે છે :

(૧) "આ વાતો દરેક ગૈબની ખબરોમાંથી છે કે અમે મોકલીએ છીએ તારી તરફ." *(સૂ. હૂદ–૪૯, તર્જુમો : મોલ્વી મેહમૂદુલ હસન દેવબંદી)*

(૨) "આ ખબરો છે ગૈબની જે અમે મોકલીએ છીએ તારી પાસે." *(સૂ. યૂસુફ–૧૦૨, તર્જુમો : મોલ્વી મેહમૂદ હસન દેવબંદી)*

(૩) "અને આ (આપ ﷺ) ગૈબની વાતો બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર–૨૪)*

હુઝૂરે અકરમ ﷺના ઈલ્મે ગૈબને બીજી દિશાથી જોવામાં આવે તો આ આયતો આપણી આંખો ખોલવા માટે કાફી છે :–

(૧) "અમે તમારા ઉપર કુર્આન ઉતાર્યું છે જે તમામ વાતોને બયાન કરનાર (સ્પષ્ટ રીતે રજૂ કરનાર) છે." *(સૂ. નહલ–૮૯, તર્જુમો : અશરફ અલી થાનવી)*

(૨) "આ (કુર્આન) કાંઈ બનાવેલ (મનઘડત) વાત નથી પરંતુ મુવાફિક (સમર્થક) છે તેનું જે તેનાથી પેહલાં છે અને દરેક વસ્તુનું બયાન." *(સૂ. યૂસુફ–૧૧૧, તર્જુમો : મેહમૂદ હસન દેવબંદી)*

(૩) "અમે આ કિતાબમાં કશુ ન બાકી ન રાખ્યું." *(સૂ. અન્આમ–૩૮, કન્ઝુલ ઈમાન)*

(૪) "બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી એક નૂર આવ્યું તથા રોશન કિતાબ." *(સૂ. માઈદા–૧૫, કન્ઝુલ ઈમાન)*

(૫) "અને કોઈ વસ્તુ (એવી) નથી જે આસ્માન તથા જમીનમાં ગાયબ (અદ્રશ્ય) હોય પરંતુ મૌજૂદ (ઉપસ્થિત) છે ઉઘાડી કિતાબમાં." *(સૂ.નમ્લ–૭૫, તર્જુમો : મહેમુદ હસન દેવબંદી)*

(૬) "અને કોઈ દાણો જમીનના અંધકારોમાં અને ન કોઈ હરીભરી વસ્તુ તથા ન કોઈ સૂકી વસ્તુ, પરંતુ તે કિતાબે મુબીનમાં છે." *(સૂ. અન્આમ–૫૯, તર્જુમો : મહેમૂદ હસન દેવબંદી)*

તમે જોયું ! આ આયતોમાં સૌ પ્રથમ કિતાબે મુબીન (ઉઘાડી કિતાબ) કુર્આને હકીમનું વર્ણન ફર્માવ્યું. ત્યારબાદ એ રજૂ કર્યું કે આ રોશન કિતાબમાં શું શું છે. વિચાર કરો ! આ રોશન કિતાબ જેમાં જમીન તથા આસ્માનની દરેક વસ્તુનું વર્ણન છે. તો જેના ઉપર એને ઉતારવામાં આવી તેના ઈલ્મ તથા જ્ઞાનનો શું આલમ હશે ?

### ★ હુઝૂર ﷺ સર્વ કાંઈ જોઈ રહ્યા છે ! ★

સરકાર ﷺના ઈલ્મે ગૈબને ત્રીજી દિશાથી જોવામાં આવે તો આ આયતો આપણને એક નવી દુનિયામાં લઈ જશે, જયાં આપણે આશ્ચર્યથી એકબીજાનું મોઢું જોઈએ છીએ ! પરંતુ જે કાંઈપણ કહેવામાં આવ્યું, તેના ઉપર દિલોજાનથી ઈમાન લાવીએ છીએ. જો ઈમાન ન લાવીએ તો કયાંયના નહીં રહીએ ! આ આયતોને ખૂબ ધ્યાનપૂર્વક વાંચો અને ઈલ્મે મુસ્તફા ﷺની વિશાળતા તથા ગેહરાઈઓનું અનુમાન લગાડો. અલ્લાહુ અકબર ! આપણે શું અંદાજો લગાડી શકીએ છીએ ! તેમનો પરવરદિગાર જ જાણે કે તેણે પોતાના હબીબે કરીમ ﷺને કેટલો ઈલ્મે ગૈબ અતા કર્યો ?! ઈર્શાદ થાય છે :

(૧) ''અમે આપને ગવાહી આપનાર તથા ખુશખબરી સંભળાવનાર તેમજ ડરાવનાર બનાવીને મોકલ્યા.'' *(સૂ. ફતહ્–૮, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૨) ‘‘અને આપને તે લોકો ઉપર ગવાહી દેવા માટે હાજર કરીશું.’’ *(સૂ. નિસાઅ–૪૧, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

(૩) ''બેશક ! અમે તમારી પાસે એક રસૂલ મોકલ્યા છે જે તમારી ઉપર ગવાહી આપશે.'' *(સૂ. મુઝમ્મિલ, ૧૫, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફઅલી થાનવી)*

(૪) ''અને જે દિવસે અમે દરેક ઉમ્મતમાંથી એક એક ગવાહ જે તેમનામાંથી હશે તેમના સામે કાયમ કરીશું. અને એ લોકોની સામે આપને ગવાહ બનાવીને લાવીશું.'' *(સૂ. નહલ–૮૯, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

ઉપરોક્ત આયતો દ્વારા જાણવા મળ્યું કે કયામતના દિવસે હઝૂરે અકરમ ﷺ ફકત આપની ઉમ્મતના જ નહીં બલ્કે બીજા નબીઓની ઉમ્મતના અમલોની પણ ગવાહી આપશે, અને ગવાહી તે જ આપી શકે છે જેના સામે (રૂબરૂ) કોઈ કામ અથવા કોઈ વાત થઈ ચૂકી હોય. જેથી જાણવા મળ્યુ કે હુઝૂરે અકરમ ﷺ જે કાંઈ પણ થઈ રહ્યું છે બધુ જ મુલાહેઝા (જોઈ) ફર્માવી રહ્યા છે, આપ ﷺ આપણી હાલતો, પરિસ્થિતિઓ તથા અમલોથી બેખબર નથી.

**ફરયાદ ઉમ્મતી જો કરે હાલે ઝાર મેં**
**મુમ્કિન નહીં કે ખૈરે બશર કો ખબર ન હો**

*–(આ’લા હઝરત رحمۃ اللہ علیہ)*

આ દ્રષ્ટાંતમાં અમુક હદીષો પણ જોઈ લો !

(૧) હદીષે પાકમાં ફર્માવ્યું : જે રીતે હું આગળ જોઉં છું એ જ પ્રમાણે હું પાછળ પણ જોઉં છું. *(મુસ્લિમ શરીફ, ૧૧૬/૨)*

(૨) બીજી હદીષમાં છે કે ‘‘મદીના મુનવ્વરહથી મક્કા મોઅઝઝમા તરફથી જતાં (રસ્તામાં) વાદીએ અઝરકમાં હઝરત મૂસા علیہ السلامને ઊંચા અવાજથી તલબિયા (લબ્બૈક) પઢતા જોયા, ત્યારબાદ વાદીએ હશ્શામાં હઝરત યુનૂસ علیہ السلامને ઊની જભ્ભો પહેરીને ઊંટ ઉપર સવાર (હાલતમાં) જોયા. *(ઈબ્ને માજા, ૨૦, ૨૦૭)*

(૩) ત્રીજી હદીષથી માલૂમ થાય છે કે આપ ﷺ જન્નત તથા દોઝખને મુલાહેજા ફર્માવી (જોઈ) રહ્યા હતા. *(મુસ્લિમ શરીફ, ૧૮૦–૨)*

(૪) ચોથી હદીષેપાકથી જાણવા મળ્યું કે આપ જન્નત તથા દોઝખમાં જનારા દરેક વ્યકિતને તેના નામ સાથે જાણે છે. *(મિશ્કાત–૧૯)*

(૫) પાંચમી હદીષથી જાણવા મળે છે કે જયારે એક વ્યક્તિએ આપ ﷺ ની મેહફિલે પાકમાં પૂછયું કે શું તે (વ્યક્તિ) જન્નતમાં જશે કે દોઝખમાં ? આપ ﷺએ તુરંત ફર્માવ્યું, તું દોઝખમાં જઈશ ! *(બુખારી શરીફ–૮૫૫)*

(૬) છટ્ઠી હદીષમાં ફર્માવ્યું : મારી સંપૂર્ણ ઉમ્મત પોતાના તમામ અમલો નેક તથા બુરાની સાથે મારી સમક્ષ રજૂ કરવામાં આવી. *(મુસ્લિમ શરીફ, ૨૦૭–૧, અંબાઉલ મુસ્તફા–૯, મુસ્નદે અહમદના હવાલાથી)*

(૭) સાતમી હદીષમાં ફર્માવ્યું : રાતના સમયે મારી સંપૂર્ણ ઉમ્મત મારા આ કમરા (ઓરડા)ની પાસે મારી સમક્ષ રજૂ કરવામાં આવી, ત્યાં સુધી કે બેશક ! તેની દરેક વ્યક્તિને તેનાથી વધુ (સહી રીતે) ઓળખું છું જેમ કે તમારામાંથી કોઈ પોતાના સાથીને ઓળખે છે. *(અંબાઉલ્ મુસ્તફા–૯, તિબ્રાનીના હવાલાથી)*

કુર્આને કરીમમાં એક જગ્યાએ ઈર્શાદ છે : ''શું તે વ્યકિત પાસે ઈલ્મે ગૈબ છે કે તેને જોઈ રહ્યો છે ?'' *(સૂ. નજમ : ૩૫)* જેથી સમજી શકાય છે કે ઈલ્મે ગૈબ તેની જ પાસે હોય છે જે જોઈ પણ રહ્યો હોય. કુર્આને કરીમમાં કેટલીયે જગ્યાએ હુઝૂરની શાને દીદ (જોઈ શકવાની શકિત)ને બયાન કરવામાં આવી છે. *(સૂ. મુજાદિલા–૭, સૂ. ઈબ્રાહીમ–૧૯, સૂ. બકરહ–૨૪૩, ૨૫૮)*

એક સત્ય હકીકત છે કે જેણે અલ્લાહની પવિત્ર ઝાતને નિહારી લીધી હોય, તેની આગળ કોઈ ચીજ છુપી ન રહી, સૌ જાહેર થઈ ગઈ. હુઝૂરે અન્વર ﷺ ખૂદ ફર્માવે છે કે, ''મેં મારા પરવરદિગારને જોયો તેણે પોતાના દસ્તે કુદરત મારી પીઠ પર રાખ્યો. મારા સીનામાં તેની ઠંડક મેહસૂસ થઈ, તે જ સમયે દરેક વસ્તુ મારી ઉપર રોશન થઈ ગઈ અને મેં બધુ જ જાણી લીધું.'' *(તિર્મિઝી હઝરત મુઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ની રિવાયતથી, મિશ્કાત–૭૨)*

અહિંયા સુધી તો સરકાર ﷺની ઈલ્મ સંબંધી વિશાળતા તથા આપ ﷺની દૃષ્ટિ, નજર તથા જોવા સંબંધે વાતો રજૂ કરવામાં આવી, પરંતુ જે ઈલ્મે ગૈબ આપ ﷺને અતા કરવામાં આવ્યો અને જે કાંઈ પણ આપને દેખાડવામાં આવ્યું, શું આ અણમોલ નેઅમતની ખૈરાત પોતાના ગુલામોને પણ આપ ﷺએ વહેંચી છે ?!

કેટલીયે હદીષો દ્વારા સાબિત થાય છે કે આપ ﷺએ અતા ફર્માવ્યું અને ખૂબ અતા ફર્માવ્યું, અને કેમ અતા ન ફર્માવતા ! જયારે કે અલ્લાહ ત્આલાએ આપ ﷺને અતા કરવા તથા વહેંચવા માટે જ તો મોકલ્યા છે. મશ્હૂર તથા મેહબૂબ સહાબી હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ ફર્માવે છે :–

(૧) રસૂલુલ્લાહ ﷺએ અમને એ સ્થિતિમાં છોડયા એટલે કે (અમારી એવી હાલત બનાવી આપી) કે હવામાં પાંખો મારનાર (પાંખો હલાવનાર) કોઈ પંખી એવું નથી જેનું ઈલ્મ (જ્ઞાન) હુઝૂર ﷺએ અમારી સામે બયાન ન ફર્માવી આપ્યું હોય. (એટલે કે અમને જણાવ્યું ન હોય) *(અંબાઉલ્ મુસ્તફા–૮, મુસ્નદે અહમદ તથા તબક઼ાતે ઈલ્મે સઅ્દના હવાલાથી)*

(૨) ''રસૂલુલ્લાહ ﷺએ એકવાર અમારા દરમિયાન ઉભા થઈને ત્યારથી લઈને ક઼યામત સુધી જે કાંઈ પણ થવાનુ હતું (ઘટના થવાની હતી) સર્વ બયાન ફર્માવી આપ્યું તથા કોઈ વસ્તુને બાકી ન રાખી, જેને યાદ રહ્યું તેને યાદ રહ્યું, જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(અંબાઉલ મુસ્તફા–૭, બુખારી, મુસ્લિમ, મુસ્નદે અહમદના હવાલાથી)*

એક હદીષમાં છે :–

(૩) ન છોડયા અલ્લાહના રસૂલ ﷺએ દુનિયાના અંત સુધી કોઈ ફિત્ના કરનારને (ફસાદ ફેલાવનારને) પરંતુ અમને તેનું (ફિત્નો કરનારનું) નામ, તેના બાપનું નામ તથા તેના કબીલાનું નામ પણ બતાવી આપ્યું. *(મિશ્કાત, બાબુલ ફિતન)*

(૪) ૧૭, રમઝાનુલ મુબારક હિ.સ. ૨/ઈ.સ. ૬૨૪માં ગઝવએ બદર (નો વાકયો) પેશ આવ્યો. જંગ શરૂ થતાં પહેલાં જ મેદાને જંગમાં પોતાના પવિત્ર હાથ વડે ક઼તલ થનારા ઈસ્લામના દુશ્મનોની નિશાની બયાન ફર્માવી કે ફલાણો, ફલાણો દુશ્મન આ જગ્યાએ ક઼ત્લ કરવામાં આવશે. જયારે જંગ પૂરી થઈ તો જે દુશ્મન માટે (કત્લ થવાની) પોતાના દસ્તે મુબારક વડે જે જગ્યાની નિશાની બતાવી હતી તે વ્યકિત ત્યાં જ પડેલો મળ્યો, એક ઈંચ પાછળ પણ નહીં અને આગળ પણ નહીં. *(મુસ્લિમ શરીફ, ભા.–૨, કિતાબુલ જિહાદ)*

બુખારી શરીફમાં એક વિસ્તૃત (લાંબી) હદીષ આવી છે. જે આપણી આંખો ખોલવા માટે કાફી છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે :–

(૫) સૂરજ ઢળ્યા પછી (ઝવાલ પછી) નબીએ કરીમ ﷺ બહાર તશરીફ લાવ્યા અને અમને ઝોહરની નમાઝ પઢાવી, જયારે સલામ ફેરવી તો આપ મિમ્બર ઉપર જલ્વા અફરોઝ થયા અને કયામતનું વર્ણન ફર્માવ્યું તેમજ તે મોટી મોટી ઘટનાઓનું વર્ણન ફર્માવ્યું જે તેનાથી (કયામતથી) પહેલાં થવાની છે. ત્યારબાદ ફર્માવ્યું, જો કોઈ મારાથી કોઈ વસ્તુ વિશે પૂછવા માંગતો હોય તો પૂછી લે, કેમ કે ખુદાની કસમ ! તમે મારાથી કોઈ (એવી) વસ્તુના વિશે નહીં પૂછશો પરંતુ હું તમને તેના વિશે બતાવી આપીશ ! જયાં સુધી કે હું આ જગ્યાએ (બેઠો) છું. હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે લોકો ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને રસૂલુલ્લાહ ﷺ વારંવાર ફર્માવતા રહ્યા કે મારાથી પૂછી લો ! મારાથી પૂછી લો ! (જે કાંઈક પૂછવું હોય તે) *(બુખારી શરીફ ભા.–૩, પેજ–૮૫૫)*

આ હદીષે પાક ઉપર આ આયતે કરીમા ગવાહ છે : "અને તેઓ ગૈબની વાતો બતાવવામાં બખીલ નથી." *(સૂ. તકવીર–૨૪)*

એટલે કે જે કાંઈ પણ પૂછશો તે બતાવવામાં આવશે, જે કાંઈ પણ માંગશો તે આપવામાં આવશે. હુઝૂર ﷺનું કસમ ખાઈને આ રીતે ફર્માવવું, જે પૂછશો તે બતાવવામાં આવશે, અને પાછું વારંવાર ફર્માવવું, મારાથી પૂછી લો ! મારાથી પૂછી લો ! એ હકીકતનો પુરાવો છે કે હુઝૂર ﷺને અલ્લાહના ફઝ્લો કરમથી ગૈબનો ઈલ્મ પ્રાપ્ત છે. એક અરબ આલિમ શૈખ અહમદ બિન મુહમ્મદ ઈબ્ને અસ્સિદીક અલગમ્મારી અલહસનીએ કિતાબ લખી છે જેમાં તેમણે તે ગૈબી ખબરોનો સંગ્રહ (જમા) કર્યો છે. જે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવી છે. વાંચી વાંચીને આશ્ચર્યમાં વધારો થઈ જાય છે, અને એમ લાગે છે કે ભૂતકાળ તથા ભવિષ્ય હુઝૂર ﷺના સમક્ષ એક આઈનાની જેમ છે. અને કેમ ન હોય ?! સરકાર ﷺખૂદ ફર્માવે છે. ''મારી પાસે જમીનના ખઝાનાની ચાવીઓ લાવવામાં આવી અને મારા હાથોમાં રાખી દેવામાં આવી.'' *(બુખારી શરીફ–૮૪૮, મુસ્લિમ, ૧૧૬–૨)*

મુફતી અહમદમિયાં બરકાતીએ ''ઈસ્લામ તથા આધુનિક શોધો''ના નામે તેનો તર્જુમો કર્યો છે જે ૧૯૮૦માં લાહોરથી પ્રકટ થઈ ચૂકી છે.

ખજાનાનો માલિક તે હોય છે જેની પાસે તેની ચાવીઓ હોય છે. પરંતુ તેનો મતલબ હરગિઝ એ નથી કે મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલા ઈખ્તિયાર (અધિકાર) વિનાનો થઈ ગયો ! બલ્કે તેનાથી તેની કુદરત તથા ઈખ્તિયાર અધિક જાહેર થાય છે.

અલ્લાહ તઆલાએ પોતાના કરમથી પોતાના હબીબ ﷺને કેટલા નવાઝયા છે ! આ જ તો કુંજીઓ છે જેનાથી કુર્આની આયતોના અર્થો તથા માઈનાઓનો ખજાનો ખોલવામાં આવે છે. કુર્આનને આપણે પણ જોઈએ છીએ, આપણે પણ પઢીએ છીએ પરંતુ કુર્આની આયતોમાં નિગાહે મુસ્તફા ﷺ જે કાંઈ જુએ છે તેને આપણે નથી જોઈ શકતા ! માત્ર એક ઉદાહરણ રજૂ કરું છું, કુર્આને કરીમમાં એક આયત છે :

''અને તેમના માટે તૈયાર રાખો જે "કુવ્વત" તમારાથી બની શકે.'' (એટલે કે ઈસ્લામના દુશ્મનો માટે) *(સૂ. અન્ફાલ, આ.–૬૦)*

અહીંયા "કુવ્વત" શબ્દમાં જાહેરી રીતે કોઈ ભેદ જણાતો નથી. પરંતુ જયારે આ રાઝ તથા રહસ્યથી આપ ﷺએ પરદો ઉઠાવ્યો તો ઈન્સાની દિમાગ આશ્ચર્ય ચકીત થઈ ગયું. "કુવ્વત" શબ્દની તફસીર (સ્પષ્ટતા) વર્ણન કરતાં આપ ﷺએ ફર્માવ્યું, ખબરદાર ! આ કુવ્વત (શક્તિ) "રમી" છે. ખબરદાર ! આ કુવ્વત "રમી" છે. ખબરદાર ! આ "કુવ્વત રમી" છે. *(મુસ્લિમ શરીફ, ૧૪૩–૨)*

અરબી ભાષામાં ''રમી''નો અર્થ ''ફેંકવું'' થાય છે. જેમ કે હજજમાં શૈતાનો ઉપર કાંકરીઓ ફેંકવામાં

આવે છે એટલા માટે તેને ''રમી'' કહેવામાં આવે છે. આ હદીષે પાકમાં હુઝૂર ﷺએ એ તમામ હથિયારોનું વર્ણન ફર્માવ્યું જે આજે આપણી નજરો સમક્ષ છે અને ''કુવ્વત'' (ફેંકવું)નું સંતુલન તે દેશોના માટે છે જેની પાસે આ હથિયારો છે જેમ કે ખતરનાક એટમ બૉંબ, મિસાઈલ, રોકેટ વગેરે આ બધા હથિયારો ફેંકવામાં આવે છે અને ''કુવ્વત''ના રહસ્ય તથા તેના ભેદ બની ગયા છે.

હદીષોનો અભ્યાસ કરશો તો તમને ગૈબી ખબરોનો એક સમુદ્ર જોવા મળશે.

અને જે કાંઈક ઉપર વર્ણન કરવામાં આવ્યું તેના સારાંશમાં આપણને ''ઈલ્મે ગૈબ'' વિશે નિમ્નલિખિત હક઼ીક઼તો જાણવા મળી. આ હક઼ીક઼તો તથા વાસ્તવિકતાઓને સારી રીતે ધ્યાનમાં રાખવી જોઈએ :

(૧) પ્રથમ વાત એ જાણવા મળી કે ''ઈલ્મે ગૈબ'' (ગુપ્તતાનું જ્ઞાન) એક હક઼ીક઼ત છે.

(૨) બીજી વાત એ જાણવા મળી કે ''ઈલ્મે ગૈબ'' (ઝાતી) અલ્લાહ તઆલાના માટે જ છે.

(૩) ત્રીજી વાત કે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મેહબૂબ ﷺને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો છે.

(૪) ચોથી કે અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامને ''ઈલ્મે ગૈબ'' અતા ફર્માવ્યો છે.

(૫) પાંચમી કે હુઝૂર ﷺએ ''ઈલ્મે ગૈબ'' સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને બતાવ્યો છે, અને તેઓએ આપણને બતાવ્યો છે.

હાલમાં ઈસ્લામી જગત વૈશ્વિક સ્તરે કાવતરાંઓનો શિકાર છે. ઈસ્લામના દુશ્મનોનું નિશાન રસૂલુલ્લાહ ﷺની પવિત્ર જાત છે. અને તે જ દિલો નઝરનું એવું કેન્દ્ર છે જેના દ્વારા જિંદગી મળે છે. આ રીતના કાવતરાં મુજબ જગતના મુસ્લિમોને તેવી દરેક વાત તથા વિચારો તેમજ દરેક તેવા અમલોથી રોકવામાં આવે છે જેનાથી દિલો દિમાગમાં હુઝૂર ﷺ પ્રત્યે મહોબ્બત તથા અઝમત (મહાનતા)ની ભાવના તીવ્ર થતી જાય, આવાં કાવતરાંઓ તથા પ્રોપેગંડાઓથી આપણે પોતાને સુરક્ષિત રાખવા જોઈએ અને આપણે એ યક઼ીન રાખવું જોઈએ કે અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લો કરમથી હુઝૂર ﷺને બધું જ અતા ફર્માવ્યું છે. બેશક :–

**લોહ્ ભી તૂ, કલમ ભી તૂ, તેરા વજૂદ અલકિતાબ**
**ગુંબદે આબગીના રંગ તેરે વુજૂદ મેં હિબાબ**

– *(ડૉ. ઈકબાલ)*


## અણમોલ કિતાબો મંગાવો !

★ **બહારે શરીઅત ભાગ–૧ થી ૫ તથા ભાગ–૬ થી ૧૦** (બે જિલ્દોમાં) અક઼ીદા, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, નિકાહ, તલાક.....વગેરે લગતી હદીષો તથા મસાઈલનો અજોડ ખજાનો. ૧ સેટના રૂા. ૩૦૦/– (ટપાલ ખર્ચ ૨૫/– રૂા.)

★ **કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન** (કુર્આન શરીફનો આ'લા હઝરતે કરેલ ઉર્દૂ તર્જુમો તથા સદરુલ અફાઝિલની લખેલ તફસીરનો ગુજરાતી અનુવાદ) હદિયો : **૩૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૨૫/– રૂા.) ગુજરાતીમાં કુર્આન સમજવા જરૂરથી મંગાવશો.

★ **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી** (ભાગ–૧) હદિયો : **૧૫૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.)

★ **નુઝહતુલ ક઼ારી શરહે બુખારી** (ભાગ–૨) હદિયો : **૧૮૦/–**રૂા. (ટપાલ ખર્ચ ૧૫/– રૂા.)

★ **બુઝુર્ગોના અક઼ીદા** (પેજીસ–૩૩૬) હદિયો : **૧૦૦/-** રૂા. (ટપાલ ખર્ચ ૫/– રૂા.)

પ્રાપ્તિ સ્થાન : અંજુમને રઝાએ મુસ્તફા, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

ફઝાઈલે
# અહલે બૈત
### અને અમુક
### બનાવટી રિવાયતો


# ફઝાઈલે અહલે બૈત
અને અમુક
બનાવટી રિવાયતો


રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)

અલ્લાહ તઆલાએ આ કાઈનાતમાં અસંખ્ય તથા અગણિત મખ્લૂકને પેદા ફર્માવી અને પછી તેમાં શરાફત તથા બુઝુર્ગીનો સુનેહરો તાજ ઈન્સાનોના માથે સજાવ્યો અને એહસાન પર એહસાન એ કે અક્કલ અને સમજની ન ખત્મ થનાર નેઅમત અતા ફર્માવી જેનાથી બીજી મખ્લૂક મેહરૂમ છે. પરંતુ ઈન્સાનોના વચ્ચે ઈન્સાન હોવાની દષ્ટિએ કોઈ ફઝીલત ન રાખી. એવી જ રીતે ઈન્સાન બીજી મખ્લૂકો ઉપર એક સર્વોત્તમ શાન ધરાવે છે તે એ છે કે ઈન્સાની સમાજમાં સામૂહિક્તા અને કૌટુંબિક જીવન પદ્ધતિનો ખયાલ છે જે બીજા પ્રાણીઓમાં નથી જોવા મળતો, પરંતુ છતાંય વ્યક્તિને વંશ અને ખાનદાનની બુનિયાદ પર શર્ફ અને બુઝુર્ગી પ્રાપ્ત નથી બલ્કે અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં શરાફત અને બુઝુર્ગીની બુનિયાદ તક્વા અને પરહેઝગારી ઉપર રાખેલ છે. અલ્લાહનો ઈર્શાદ છે, "બેશક ! અલ્લાહ તઆલાની બારગાહમાં તમારામાં ઈજ્જતવાન એ છે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર છે." *(સૂરએ હુજુરાત)*

અને હજ્જતુલ વિદાઅના મોકા ઉપર સમાનતાનો સબક આપતાં ફર્માવ્યું, આજથી કોઈ અરબીને કોઈ અજમી (અરબની સિવાય) ઉપર કોઈ ગોરાને કોઈ કાળા ઉપર કોઈ ફઝીલત નથી. પરંતુ આ ધરતી ઉપર અમુક વ્યક્તિઓ એવી પણ છે જેમને વંશની બુઝુર્ગી પણ પ્રાપ્ત છે અને ખાનદાની શરાફત પણ, જેમને શારીરિક પવિત્રતા પ્રાપ્ત છે તો રૂહાની પાકીઝગી પણ, જેની ગવાહી જાતે કુર્આને મજીદ આપી રહ્યું છે :–

**انما یرید الله لیذهب عنکم الرجس اهل البیت**

"હે નબી (ﷺ)ના ઘરવાળાઓ ! અલ્લાહ તઆલા ચાહે છે કે તમારાથી નાપાકીને દૂર ફર્માવી દે અને તમને ખૂબ ખૂબ પાક ફર્માવી દે." *(પા. ૨૨, રુ. ૧)* અને રસૂલે અકરમ ﷺએ એક ઠેક ઠેકાણે અહલે બૈતની મહોબ્બતની પ્રેરણા આપી અને તેમનાથી દુશ્મની અને વેર ઉપર ખૌફનાક અને ભયભીત કરનાર ઈર્શાદ ફર્માવ્યા. તેમનાથી મહોબ્બતને ઈમાનની નિશાની ઠરાવી દીધી અને તેમના દામનથી વાબસ્તા રહેવાને નજાતનો માર્ગ ઠરાવી દીધો તો આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો કે, "મારી અહલે બૈત હઝરત નૂહ علیہ السلامની નાવડીની જેમ છે, જે તેમાં સવાર થઈ ગયો તે નજાત પામી ગયો."

સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર*
*નજમ હૈં ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ ﷺ કી*

## અહલે બૈત કોણ છે ?

મોહક્કિકે અલલ ઈત્લાક હઝરત અલ્લામા શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની વિખ્યાત કિતાબ "મદારેજુન્નબુવ્વત"માં લખે છે કે અહલે બૈત વિશે થોડાક કથનો છે. કદીક એ લોકો ઉપર અહલે બૈતનો ઉચ્ચાર થાય છે જેમના ઉપર સદકો હરામ છે. તેઓ, આલે અલી, આલે જાફર, આલે આકીલ, અને આલે અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે, અને કદીક તેમાં રસૂલુલ્લાહ ﷺની ઔલાદ અને આપની પવિત્ર બીવીઓનો પણ સમાવેશ થાય છે. અને કદીક ખાસ હઝરત સૈયદા ફાતિમા, ઈમામ હસન, ઈમામ હુસૈન અને હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین મુરાદ હોય છે એટલા માટે કે તેમનામાં ફઝીલત વધુ છે.

અહલે બૈતના સંબોધનમાં આ તફસીરી કથનો વચ્ચે વર્ગીકરણ આ રીતે છે કે બૈતના ત્રણ પ્રકારો છે : એક છે બૈતે નસબ, બીજું છે બૈતે સુકના અને ત્રીજુ

બૈતે વિલાદત.

તો આ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબની ઔલાદ "અહલે બૈતે નસબ" છે અને અજવાઝે મુતહ્હરાત "અહલે બૈતે સુકના" અને આપની ઔલાદ "અહલે બૈતે વિલાદત" છે. અને સૈયદના અલી મુર્તઝા ભલે ને ઔલાદમાંથી નથી પરંતુ હઝરતે સૈયદા ફાતેમાના વસીલાથી "અહલે બૈતે વિલાદત"થી મળેલ છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, "હું તમારામાં બે એવી વસ્તુઓ છોડી રહ્યો છું કે જો તમોએ તેને મજબૂતીની સાથે પકડી રાખી તો કદાપી ગુમરાહ નહીં થાવ : (૧) અલ્લાહની કિતાબ (૨) મારા અહલે બૈત. તો હવે વિચારો કે એ બંનેવમાંથી તમે કોનો કાનૂન ભંગ કરી શકો છો. અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "આલે મુહમ્મદ ﷺને ઓળખવું જહન્નમની આગથી નજાતનો માર્ગ છે અને આલે મુહમ્મદ ﷺથી મહોબ્બત રાખવી પુલસિરાતથી ગુઝારે છે અને આલે મુહમ્મદ ﷺથી અકીદત અઝાબે ઈલાહીથી અમાન છે." અને ઓળખવાથી મુરાદ તેમનો દરજ્જો અને મર્તબો ઓળખવો છે કે હુઝૂર ﷺથી તેમને શું નજદીકી પ્રાપ્ત છે ? અને જ્યારે તેમની નિસ્બતને જેને અલ્લાહ તઆલાએ નાઝિલ ફર્માવી છે, ઓળખી લીધી તો પછી માલૂમ થઈ જશે કે કેવી રીતે તેમના વિરુદ્ધ કરવાથી ગુમરાહી લાઝિમ આવે છે, અને તેમનો એહતેરામ તથા પૈરવી કરવાથી ગુમરાહી અને અઝાબથી નજાત મળે છે.

ઉમર બિન અબી સલમા رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે આયતે કરીમા **رحمة الله وبركاته اهل البيت** નાઝિલ થઈ તો તે વખતે હુઝૂર ﷺ સૈયદા ઉમ્મે સલમા رضی اللہ عنہاના ઘરે તશરીફ ફર્મા હતા તે વેળા હુઝૂર ﷺએ સૈયદા ફાતિમા, હસન અને હુસૈન رضی اللہ عنہمને બોલાવ્યાં અને તેઓને એક ચાદરમાં છુપાવીને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, હે ખુદા ! આ છે મારાં અહલે બૈત. અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم, હુઝૂર ﷺની પીઠ મુબારક પાછળ ઉભા હતા. એક રિવાયતમાં છે કે હઝરાતે હસન અને હુસૈનને ગોદમાં લીધા અને એક હાથ વડે હઝરત અલી અને બીજા હાથ વડે હઝરત ફાતિમા رضی اللہ عنہاને પકડયાં અને પોતાની સાથે મિલાવીને અર્ઝ કરી, હે ખુદા ! આ મારાં અહલે બૈત છે, એમને નાપાકીથી દૂર કરી ખૂબ પાક અને સુથરાં બનાવ.

મુફસ્સિરોનો આમાં મતભેદ છે કે આયતે કરીમામાં અહલે બૈતથી કોણ મુરાદ છે. વધુ પડતા મુફસ્સિરોની રાય છે કે તેનાથી મુરાદ હઝરત ફાતિમા, હઝરત હસનૈન કરીમૈન અને હઝરત અલી છે. જેમ કે કેટલીક રિવાયતો પુરવાર કરી રહી છે, પરંતુ ઈન્સાફનો તકાઝો એ છે કે તેમાં અજવાઝે મુતહ્હરાત (બીવીઓ) પણ સામેલ છે, એટલા માટે કે આયતે કરીમાનો શાને નુઝૂલ અને તેનું આગળ પાછળનું વર્ણન અજવાઝે મુતહ્હારતના વિષયમાં છે. જેવી રીતે અલ્લાહ તઆલાના ઈર્શાદમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં બીવી પણ સામેલ છે. ઈર્શાદે બારી તઆલા છે :–

**رحمة الله وبركاته اهل البيت** *(સૂરએ હૂદ)* અને જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મારા અહલે બૈતમાંથી કોઈ એક સાથે દુશ્મની નહીં રાખશે, પરંતુ એ જ જેને અલ્લાહ તઆલા જહન્નમમાં દાખલ કરશે. અને હુઝૂર ﷺનું એ ચારેવ પવિત્ર જાનોને બોલાવી અને તેમને આગોશમાં લઈ તેમને ચાદર શરીફમાં છુપાવી આ દુઆ માંગવી : **اللهم ان هولاء اهل بيتى** "હે ખુદા ! આ મારાં અહલે બૈત (ઘરવાળા) છે." આમાં અઝવાજે મુતહ્હરાતનો સમાવેશ, નાપાકીથી દૂર કરવાની ફઝીલત અને પાકી અને સફાઈમાં તેમના સમાવેશમાં કોઈ તફાવત નથી. વધુ હઝરત જરીરની રિવાયત જે સૈયદા ઉમ્મે સલમા رضی اللہ عنہاથી મરવી છે તેમાં તે ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પણ આપના ઘરવાળાઓમાંથી છું ?! ફર્માવ્યું, તમે પણ ભલાઈ પર છો.

એ જ રીતે આયતે કરીમા :–

**قل لا اسئلكم عليه اجرا الا المودة فى القربى**

આ આયતે કરીમાની તફસીરમાં પણ મતભેદ છે. જેમ કે રિવાયતમાં છે કે જ્યારે આયતે કરીમા નાઝિલ થઈ તો સહાબાએ કિરામે પૂછયું, **من اهل قرابتك** આપનાં ઘરવાળાં કોણ છે ? ઈર્શાદ ફર્માવ્યો, "અલી,

ફાતેમા અને તેમનાં બંનેવ ફરઝંદો رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ છે." પરંતુ સત્ય એ જ છે કે તેમાં હુઝૂર ﷺના બધાં ઘરવાળાંઓ સામેલ છે અને એ બધા ઘરવાળાઓમાં આ ચાર (અલી, ફાતિમા, હસન, હુસૈન) ફઝીલતવાળાં છે, અને બાકી તેમના થકી સામેલ છે.

## અમુક બનાવટી રિવાયતોની ઓળખાણ

ઉપરોક્ત રિવાયત અહલે બૈતના ફઝાઈલ ઉપર દલીલ પૂરી પાડે છે એના સિવાય ઘણી બધી રિવાયતો મૌજૂદ છે જેનાથી અહલે બૈતની અઝમત અને બુઝુર્ગી પુરવાર થાય છે. નિઃશંક ! આ તે પાક રૂહો અને પવિત્ર જાતો છે જેની અઝમત અને મર્તબાનો આપણે જાતે સાચો અંદાઝો નથી લગાડી શક્તા. અગણિત હદીષો છે જે આ બાબતે આપણી રહનુમાઈ કરતી નજર આવે છે. આપણે અહલે સુન્નત વ જમાઅત તેમનાથી મહોબ્બત પણ કરીએ છીએ અને અક઼ીદત પણ રાખીએ છીએ અને તેઓના ફઝાઈલ અને સદ્‌ગુણો બયાન કરવા માટે મેહફિલોની વ્યવસ્થા કરીએ છીએ. ખાસ કરીને મોહર્રમ શરીફમાં ઠેર ઠેર મેહફિલો કરીને શોહદાએ કર્બલાથી મહોબ્બત અને પ્રેમનો સુબૂત પેશ કરીએ છીએ. પરંતુ અમુક નામના આલિમો અલ્લાહ ﷻ અને તેના હબીબ ﷺથી નીડર થઈ ઓછા જ્ઞાનના લીધે અમુક એવી રિવાયતો બયાન કરે છે જે એકદમ નિંદનીય તથા કુખ્યાત હોય છે, અને અમુક તો એવી હોય છે જેના વિશે વિશ્વસનીય મુહદ્દિષોએ મનઘડ઼ત (બનાવટી) હોવાનો હુકમ લગાડયો છે. જયારે રાફઝીઓએ અહલે બૈતની ફઝીલતમાં "ત્રણ લાખ હદીષો" બનાવટી ઘડ઼ી કાઢી છે. *(હવાલો : મુક઼દ્દમા જામેઉલ અહાદીષ)*

તો આવી સ્થિતિમાં જરૂરી અને અનિવાર્ય છે કે રિવાયતોની તહક઼ીક઼ કરી લેવામાં આવે. આપણા સમક્ષ અહલે બૈતની ફઝીલત એવી જ રીતે સર્વ માન્ય છે જેમ કે બપોરનો સૂરજ, પરંતુ જે રિવાયતો સાબિત નથી તેના અસ્વીકૃત હોવામાં પણ કોઈ શક નથી.

અલ્લામા હાફિઝ ઈબ્ને કષીર અલ્ બિદાયા વન્નિહાયામાં લખે છે : "શીઆ હઝરાતે આશૂરાના દિવસ વિશે અતિશયોક્તિથી કામ લીધુ છે, અને એ બાબતે તેઓએ ઘણી બધી જૂઠી હદીષો ઘડ઼ેલી છે." અને અમુક લીટીઓ પછી અલ્લામા ઈબ્ને કષીર લખે છે : "આના સિવાય ઘણી બધી જૂઠી હદીષો છે, અને બનાવટી હદીષો છે જેમાંથી કોઈ પણ સાચી નથી." *(ભાગ : ૫, પેજ : ૬૧૨)*

હુસૈન મુહમ્મદ યૂસુફ પોતાની કિતાબ "સૈયદો શબાબે અહલિલ્ જન્નત"માં "અલ્ બિદાયહ્ વન્નિહાયહ્"નું લખાણ નક઼લ કરીને લખે છે, "સંક્ષિપ્ત ખુલાસો એ છે કે આ બધી નકામી વાતો અને બકવાસથી હઝરત ઈમામ હુસૈનની શાન અને દરજજો ન ઘટશે અને ન વધશે. એટલા માટે આવી હદીષો મક઼બૂલ (સ્વીકૃત) તથા મરદૂદ (અસ્વીકૃત) હોવા બાબતે અમુક સિદ્ધાંતો અને નિયમો લખવામાં આવે છે જે આ બાબતે મદદગાર થશે."

હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ "મક઼ાલાતે શારહે બુખારી"માં હદીષના સહીહ તથા ઝઈફ બાબતે ચર્ચા કરતાં લખે છે : હસન પછી ઝઈફનો દરજ્જો છે, એનો પરિચય એ છે કે હદીષે સહીહમાં જે શર્તો માન્ય છે એમાંથી સંપૂર્ણ અથવા અમુક ન હોય એની ત્રણ કક્ષાઓ છે : ઝઈફ બઝઅફે અખફ તે કે જેના રાવી વિશે ભેળસેળ અથવા કમજોર બુદ્ધિ જેવા હલકા આક્ષેપો હોય. પછી ઝઈફ બઝઅફે ખફીફ, જેમ કે રાવીનું જૂઠો અને ફાસિક઼ હોવું વગેરે જેવા સખ્ત આક્ષેપો હોય. ત્રીજી ઝઈફ બ ઝઅફે શદીદ કે બિલ્કુલ હદીષ જ ન હોય, બલ્કે કોઈ નીડરે બનાવટ કરેલ હોય. "ઝઈફ બઝઅફે અખફ" પુરાવા પામીને હસન લિગૈરિહી બલ્કે સહીહ લિ ગૈરિહીની મંઝિલ સુધી પહોંચી જાય છે.

એના આ પ્રમાણે સાત પ્રકારો છે :–

(૧) સહીહ લિ ઝાતિહી (૨) સહીહ લિ ગૈરિહી (૩) હસન લિ ઝાતિહી (૪) હસન લિ ગૈરિહી (૫) ઝઈફ બઝઅફે અખફ (૬) ઝઈફ બ ઝઅફે ખફીફ (૭) ઝઈફ બ ઝઅફે શદીદ એહલે મૌઝૂઅ (બનાવટી રિવાયત)

પ્રથમ ચારેવ પ્રકારની હદીષો અહકામ, સીરત અને

ગઝવાત, ફઝાઈલ અને સદ્‌ગુણો સર્વમાં દલીલ માટે માન્ય છે. પાંચમો પ્રકાર શવાહિદ અને મુતાબેઆત વગેરેમાં સ્વીકાર્ય છે. અને જો પુરાવો પામી હસન લિ ગૈરિહી અથવા સહીહ લિ ગૈરિહીના મર્તબા સુધી પહોંચી જાય તો અહકામમાં પણ ભરોસાપાત્ર છે. છઠ્ઠી સૂરત અહકામમાં અસ્વીકૃત છે પરંતુ સીરત અને ગઝવાતમાં, ફઝાઈલ અને સદ્‌ગુણોમાં સહમતિ સાથે સનદ પામેલ છે. સાતમી સૂરત ન હદીષ છે અને ન કોઈ તેનો એ'તેબાર છે.

ત્યારબાદ જો મુહદ્દિષ કોઈ હદીષને મૌઝૂઅ (બનાવટી) કહે તો તુરંત એ હુકમ નથી લગાડી શક્તા કે તેનું મતન (મૂળ લખાણ) પણ મૌઝૂઅ છે, બલ્કે તેની છાનબીન જરૂરી છે. એટલા માટે કે કદી હુકમ સનદના બનાવટી હોવા બાબતે પણ લાગે છે. પરંતુ તે હદીષ અધિક તરીકાઓથી રિવાયત પામેલ હોય, ભલે ને તે હદીષ ઝઈફ પણ હોય પરંતુ તેનો મતન (મૂળ લખાણ) સ્વીકૃત ગણાશે.

અલ્લામા અબ્દુલ હકીમ શાહજહાંપૂરી મતન અને સનદમાં અહકામના ફર્ક વિશે લખે છે : રાવી (રિવાયત કરનાર)નું કમજોર તથા નિંદનીય હોવાનો સંબંધ સનદથી થાય છે. હદીષના મતનનો હુકમ બીજા લક્ષણોના એતેબારથી થાય છે. એટલા માટે કે શક્ય છે કે કોઈ સહીહ હદીષને કોઈ બનાવટી રાવી રિવાયત કરે તો એ સનદના એતેબારથી તો એ હદીષ બનાવટી કહેવામાં આવશે, પરંતુ જાતે તે હદીષને મૌઝૂઅ કહેવામાં નહીં આવે, અલ્બત્ત જ્યારે કોઈ હદીષની સનદમાં કોઈ બનાવટી રાવી હોય અને એ હદીષનું મતન બીજા કોઈ તરીકાથી સાબિત ન હોય તો તે હદીષ મોઝૂઅ કહેવામાં આવશે. તેનું ઉદાહરણ એ છે કે અલ્લામા શમ્સુદ્દીન ઝહબી "મિઝાનુલ એઅ્તેદાલ"માં બયાન કરે છે કે હઝરત ઈમામ અહમદ બિન હંબલે :–

**عن ابراهيم بن موسى المزروى عن مالك عن نافع عن ابن عمر رضى الله عنهما حديث طلب العلم يفسه** (છેવટ સુધી)

આ હદીષને બનાવટી ઠરાવી છે. અલ્લામા ઝહબી ફર્માવે છે કે આ હદીષ આ સનદના માધ્યમથી મૌઝૂઅ છે, નહીં તો જાતે હદીષ બીજા ઝઈફ તરીકાઓથી સાબિત છે.

આના સિવાય પણ અમુક હદીષોને મુહદ્દિષો ઝઈફ માને છે અને કહે છે :–

**هذا حديث موضوع بهٰذا الا سناد** તો જો આ હદીષ અથવા એના સિવાય કોઈ હદીષ જેને કોઈ મુહદ્દિષ મૌઝૂઅ (બનાવટી) કહી હોય અને તે હદીષ અધિક સનદોથી મરવી હોય તો એ ઝઈફ પણ કેમ ન હોય તેનું મતન (મૂળ લખાણ) મક્બૂલ હશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧)*

## મૌઝૂઅ (બનાવટી) રિવાયત–૧

આ બાબતે એ રિવાયત જે વર્તમાન યુગની દરેક કિતાબમાં મૌજૂદ છે અને લોકો તેને સત્ય માની બયાન પણ કરે છે તે એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હું સરકાર ﷺની પાસે બેઠો હતો આપની જમણી બાજુ સરકાર ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ અને આપની ડાબી બાજુ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ બેઠા હતા. સરકાર કદીક હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہને બોસો આપતા તો કદીક હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہને બોસો આપતા. એ દરમ્યાન હઝરત જિબ્રઈલ علیہ السلام વહી લઈને તશરીફ લાવ્યા. તેમના ગયા પછી સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું, હે મુહમ્મદ ! ﷺ આપના રબે આપને સલામ કહ્યા છે અને આપના બંનેવ સાહબઝાદાઓમાંથી એકને પાછા માંગે છે. તો સરકાર ﷺ બંનેવ તરફ જોઈ રડવા લાગ્યા. પછી ફર્માવ્યું, ઈબ્રાહીમના ઈન્તેકાલ પર માત્ર મને ગમ થશે અને હુસૈનના ઈન્તેકાલથી હઝરત અલી અને હઝરત ફાતિમા અને મને પણ ગમ થશે. તો સરકાર ﷺએ ઈબ્રાહીમના બદલામાં હુસૈનને પસંદ ફર્માવ્યા.

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ પોતાની કિતાબ "અલ્લઆવીલ મસ્નૂઅહ ફી અહાદીષિલ મૌઝૂઅહ"માં આ હદીષ નકલ કર્યા બાદ ફર્માવે છે :–

**موضوع : والآفية فيه من النقاش وشيخه هوابن صاعد وقد دلسته وماذاك الاشر۔**

એના પછી લખે છે :–

**وقال الدار قطنی : الحدیث باطل وحسبه وقع للنقاش موضوعاعلی ابی محمد بن صاعد فظنه من صحیح حدیثه وانه سمع منه فروا**-------

આપ તેઓ એવા મુહદ્દિષ છે જેમને ખાતિમુલ હુફ્ફાઝ કહેવામાં આવે છે. જ્યારે તે કોઈ હદીષ વિશે કહે કે આ હદીષ બનાવટી છે તો યકીનન ! તેમનું કહેવું ભરોસાપાત્ર છે. કેમ કે તેઓ જ્યારે કોઈ હદીષ વિશે મૌઝૂઅ અથવા ઝઈફ હોવાનું કહે છે તો ઘણી છાનબીન અને સોચ વિચારથી જ હુકમ લગાડે છે. ઈબ્ને જવઝીની જેમ મુતસાહિલ (ગફલત વર્તનાર) નથી કે કોઈ રાવીને કમજોર અથવા કુખ્યાત પામ્યા તો મૌઝૂઅ કહી દીધું, બલ્કે જે હદીષોને ઈબ્ને જવઝીએ પોતાની કિતાબ ''મૌઝૂઆત''માં મૌઝૂઅ ઠરાવી તો ઈમામુલ હુફ્ફાઝે તેની ઘણી સારી પકડ ફર્માવી છે અને ઘણી બધી હદીષો વિશે એ વાતનુ સુબૂત પેશ કર્યું છે કે તે હદીષો બીજા તરીકાથી (સનદ)થી ઝઈફ છે પરંતુ મોઝૂઅ (બનાવટી) નથી. એવી જ રીતે એ હદીષ જે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની સનદથી મરવી છે ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

**اذاکان یوم القیمة نادی مناد من وراء الحجاب یااهل الجمع عضوا ابصارکم عن فاطمة بنت محمف حتی تمر** (છેવટ સુધી)

ભાવાર્થ : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે કયામતનો દિવસ હશે તો એક પર્દાની ભીતરથી પોકારનાર પુકારશે, હે અહલે મેહશર ! પોતાની નજરોને ઝુકાવી લો જેથી હઝરત ફાતિમા બિન્તે મુહમ્મદ صلی اللہ علیہ وسلم પસાર થઈ જાય ત્યાં સુધી કે હઝરત ફાતિમા رضی اللہ عنہا પસાર થઈ જશે. ઈમામ મનાવીએ કહ્યું કે હકીમ અબૂ અબ્દુલ્લાહે આ હદીષને ઈમામે મુસ્લિમની શર્ત ઉપર સહીહ બતાવી છે. તો હાફિઝ શમ્સુદીન ઝહબીએ કહ્યું :–

**لا بل والله موضوع والعباس راوية قال الدار قطنی : کذاب**

નહીં, બલ્કે ખુદાની કસમ ! આ હદીષ મૌઝૂઅ (બનાવટી) છે, અને અબ્બાસ જે આ હદીષના રાવી છે તેના માટે ઈમામ દારેકુતની ફર્માવે છે તે જૂઠો છે. અલ્લામા સિયૂતિએ તેમની પકડ કરી તેના પુરાવા પેશ કર્યા જેનાથી સાબિત થાય છે કે મતન મૌઝૂઅ નથી. ''હદીષ'' **اختلاف امتی رحمة**ને જ્યારે ઘણી બધી તપાસ અને છાનબીન પછી પણ ન પામી શક્યા તો એ ન કહ્યું કે મૌઝૂઅ છે. બલ્કે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ પોતાના રિસાલા ''સફાએહુલ લજૈન ફી કવનિત્તસાફેહિ બિ કફ્ફીલ્ યદૈન''માં લખે છે : ઈમામ જલાલુદ્દીન સિયૂતિ જેવા હાફિઝે જલીલે કિતાબ જામે સગીરમાં ઝિક્ર ફર્માવી અને તેનો હવાલો ન બતાવી શક્યા કે કયા મુહદ્દિષે પોતાની કિતાબમાં રિવાયત કરી છે. અમુક આલિમોના નામ લખી જેમણે વગર સનદે પોતાની કિતાબોમાં લખી દીધી છે કે શક્ય છે કે એ હદીષના હાફિઝોની અમુક કિતાબોમાં રિવાયત કરવામાં આવી હોય જે આપણા સુધી ન પહોંચી હોય.

આ ચર્ચાથી આપની છેલ્લા દરજ્જાની કાળજીનો અંદાજો ખબર પડે છે. મુહદ્દિષ જ્યારે કોઈ રિવાયતને બનાવટી બતાવે તો માનવું પડશે કે સૌ પ્રથમ તેમણે પુરાવાઓની તપાસ કરી હશે અને ન મળવાની સ્થિતિમાં બનાવટી હોવાનો હુકમ લગાડયો હશે.

અને બીજી હદીષ જે આયતે કરીમા :– **ویطعمون الطعام علیٰ حبه مسکینا ویتیما واسیرا** ના શાને નુઝૂલ વિશે મુફસ્સિરોએ બયાન કરી છે.

## મૌઝૂઅ (બનાવટી) રિવાયત–૨

એક વેળા હઝરાત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما બીમાર પડી ગયા અને સહાબાએ કિરામ તેમની ખબર લેવા માટે ગયા. કોઈએ તેમનાથી મશ્વેરો આપ્યો કે હે અલી ! کرم اللہ تعالیٰ وجہہ الکریم તમે નઝર કેમ નથી માની લેતા કે જો અલ્લાહ તઆલા તેમને શિફા આપે તો આપ નઝર પૂરી કરશો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ રોઝા રાખવાની નઝર માની. અલ્લાહ તઆલાએ શિફા આપી. હવે નઝર પૂરી કરવાનો સમય આવી ગયો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ઘરમાં રોઝો ઈફતાર કરવા માટે કોઈ

વસ્તુ ન હતી. જેથી આપ શમઉન યહૂદીને ત્યાં તશરીફ લઈ ગયા અને ત્રણ સાઅ જવ કર્ઝ રૂપે અથવા મજદૂરી રૂપે લઈ આવ્યા. સવારે સર્વ ઘરવાળાઓએ રોઝો રાખ્યો. હઝરત સૈયદાએ એક સાઅ જવ પીસ્યા અને તેની પાંચ રોટીઓ બનાવી. સાંજે નમાઝ પછી હઝરત અલી كرم الله تعالى وجهه الكريم તશરીફ લાવ્યા તો બધા ઘરવાળા રોઝો ઈફતાર કરવા માટે બેઠા. અચાનક દરવાજા પર કોઈએ દસ્તક આપી અને કહ્યું, હું મિસ્કીન છું ! ભૂખો છું ! આપે બધી રોટીઓ ઉઠાવી તેને આપી દીધી અને જાતે બધા પાણી પીને સૂઈ ગયાં. આ ઘટના સતત ત્રણ દિવસો સુધી ચાલતી રહી. ત્રણ દિવસ અને રાત સતત ભૂખથી બાળકોની હાલત કમજોર થઈ ગઈ. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم તેમને લઈ બારગાહે રસૂલ صلى الله عليه وسلمમાં હાજર થયા. હુઝૂર બધાને લઈને સૈયદા ફાતિમા رضی الله عنهاના ઘરે તશરીફ લાવ્યા. જોયું કે કમજોરીના સબબથી સૈયદા પણ એક ખૂણામાં બેઠેલાં છે. હુઝૂર صلى الله عليه وسلم ઘણા પરેશાન થયા. હઝરત જિબ્રઈલ عليه السلام સૂરએ દહરની આ આયતે કરીમા લઈને હાજર થયા.

પરંતુ સંશોધકોએ આ રિવાયતને કૃબૂલ કરવાનો ઈન્કાર કર્યો છે. તેઓ કહે છે કે આ (હદીષ) રિવાયત તથા દિરાયત (સમજ) બંનેવ રીતે સહીહ નથી. અલ્લામા કર્તબીએ ઘણી વિસ્તારથી તેના પર ટીકા કરી છે. તેઓ કહે છે કે જો ફકીર આવ્યો હતો તો તેને એક રોટી આપી દેવામાં આવતી અને બાકીની પાંચેવ હઝરાત ખાઈ લેતા. એવી જ રીતે બીજા અને ત્રીજા દિવસે પાંચેવ રોટીઓ આપવામાં કોઈ કારણ નજર નથી આવતું. વધુમાં નાના બાળકો હજુ મુકલ્લફ (બંધાયેલાં) નથી અને હજુ હમણા બીમારીથી શિફા પામ્યાં છે, તેમને સતત ત્રણ રોઝા રાખવાની ઈજાઝત આપવી શરીઅતની દૃષ્ટિએ જાઈઝ નથી. એટલા માટે અલ્લામા કર્તબી લખે છે કે આ હદીષ મનઘડ્ત અને ઝઈફ છે. *(હવાલો : તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ–૫, પેજ–૪૪૪)*

હુસૈન મુહમ્મદ યૂસુફ ''સૈયદો શબાબે અહલિલ જન્નત''માં લખે છે કે ખતીબ શરબીની એ ''અસ્સિરાજુલ મુનીર'' ભાગ–૪, પેજ–૩૭૬માં લખ્યું છે :–

**فقال : وما رواه البيضاوى تبعا لز مخسرى عن ابن عباس ان الحسن والحسين (رضى الليه عنهما مر ضا) ثم ذكر بقية القصة باختصار، من نذر الصيام، واعداد الطعام وغير ذلك، ثم قال عن كل ذلك : انه (حديث موضوع)**

અને એ પણ કે હુસૈન બિન મુહમ્મદે એ જ કિતાબમાં લખ્યું છે કે અલ્લામા કસ્તલાનીએ પોતાની કિતાબ ''ઈર્શાદુસ્સારી લિ શરહિલ બુખારી'' ભાગ–૭, પેજ–૩૭૪માં લખ્યું છે કે આ હદીષ બે કારણોથી બાતિલ છે. પ્રથમ એ કે સૂરએ દહ્ર પછી સૂરએ હશ્ર નાઝિલ થઈ અને સૂરએ દહ્રનો નુઝૂલ સૂરએ હશ્ર પછી છે. તો તેનો મતલબ એ થયો કે તે વેળા હઝરત હસન ૯ મહિનાના પણ ન હતા અને હઝરત હુસૈન પેદા પણ ન થયા હતા. તો હઝરત હુસૈન અને તેમના મોટા ભાઈ જે હમણા નવ મહિનાના પણ ન હતા તેઓ કઈ રીતે ત્રણ દિવસ ખાધા પીધા વગર રોઝાદાર રહ્યા ?!

અને બીજુ કારણ એ છે કે તે હદીષના પ્રારંભમાં છે કે હઝરાતે હસ્નૈન કરીમૈનને શિફા મળી ગયા પછી આ ઘટના થઈ. અહલે બૈતના ઘરમાં કાંઈ ન હતું જેથી હઝરત અલી كرم الله تعالى وجهه الكريم શમ્ઊન યહૂદીને ત્યાં ગયા અને તેની પાસેથી ત્રણ સાઅ જવ લઈને આવ્યા. ત્યારબાદ અલ્લામા કસ્તલાની ફર્માવે છે કે શું હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને કર્ઝ લેવા માટે યહૂદી જ મળ્યો ! શું અકાબિર સહાબાએ કિરામ મૌજૂદ ન હતા ? જ્યારે કે સહાબીઓમાં અમુક તો ઘણા માલદાર હતા તેઓ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની જરૂરત પૂરી કરી શકતા હતા, પણ અહીંયાં મામલો એકદમ ઓપોઝિટ છે. જ્યારે અકૃલ તથા નકૃલ બંનેવ રીતે આ હદીષનું બનાવટી હોવું સાબિત થઈ ગયું તો વધુ શક્યતા એ છે કે મુસલમાનોના દિમાગને બગાડવા માટે યહૂદીઓએ એને ઘડી લીધું છે. અને અહલે બૈતે અત્હાર પર પોતાની બડાઈ સાબિત કરવા માટે બનાવટ કરી છે કે યહૂદી ન હોત તો ફાતિમાના સાહબઝાદાઓ હલાકૃ થઈ ગયા હોત. (નઊઝુબિલ્લાહ !)
*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, જાન્યુ.–માર્ચ, ૨૦૧૦)*

# ઈસ્લામ અને ભાઈચારગી

રજૂકર્તા : **મુહમ્મદ તૌસીફ બિન શરીફ-પાલેજ** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

આજકાલ વર્તમાનપત્રોમાં અવાર નવાર સમાચારો વાંચવા મળે છે કે મિલ્કતના ઝઘડામાં ભાઈએ ભાઈને પતાવી દીધો, નાના ભાઈએ મોટા ભાઈનું ખૂન કર્યું, ભત્રીજાએ કાકાને કે કાકાએ ભત્રીજાને કુહાડી વડે રહેંસી નાખ્યો.... વગેરે. આ વાત ગૈર મુસ્લિમો પૂરતી જ સીમિત નથી બલ્કે અખ્લાક઼ તથા ક઼ુર્બાનીની ભાવનાની જે મઝહબ તા'લીમ આપે છે તેને માનનારા કહેવાતા મુસલમાનોમાં પણ આવા બનાવો બને છે ! અને ભાઈ ભાઈમાં કુટુંબીઓમાં અબોલા તો વારે તહેવારે પ્રસંગોપાત જાહેર થતા જ રહે છે, ઈલ્લા માશા અલ્લાહ ! તો વાંચકોની હિદાયત માટે આ સંક્ષિપ્ત લખાણ રજૂ કરી રહ્યો છું જેને વાંચીને જો તમારા ભાઈથી તમારે અનબન છે તો કોશિશ કરો કે સંબંધ સુધરી જાય.

ઈસ્લામ એક પવિત્ર અને સાફ સુથરો ધર્મ છે અને તે પોતાની અંદર અસંખ્ય ખૂબીઓ ધરાવે છે, તેમાંથી એક ખૂબી ભાઈચારગી છે. અને એ વાતમાં કોઈ શક નથી કે જાહેરી રીતે જોતાં વ્યવહારની દુનિયા રોશન અને જગમગ થઈ ગઈ છે, પણ ઈન્સાફની નજરથી જોવામાં આવે તો દિલની દુનિયામાં એકલો જ અંધકાર જોવા મળે છે. આજે મહોબ્બત અને ભાઈચારગીને દૂરથી જ સલામ કરવામાં આવે છે. દૌલતની લાલચે ચૈન અને સુકૂનનું નામો નિશાન મિટાવી દીધું છે. સ્વાર્થવૃત્તિએ હમદર્દી અને ભાઈચારગીનો ખયાલ જ સમાપ્ત કરી નાખ્યો છે. અને આ જ કારણે આજે ઈન્સાન મૌજ મસ્તી કરી રહ્યો છે, પણ ઈન્સાનિયત રડી રહી છે, ઈન્સાન જાહેરી તૌર પર પ્રગતિ કરી રહ્યો છે, પણ માનવતા નીચતાના ઊંડા ખાડામાં પહોંચી ગઈ છે.

*આજકલ રોશની ને કર દિખાએ કામ દો*
*ઘર કો રોશન કર દિયા દિલ મેં અંધેરા કર દિયા*

હાલમાં સ્વાર્થની ઉધઈએ આમ લોકોની જેમ મુસલમાનોને પણ અંદરથી ખોખલા કરી નાખ્યા છે જેના કારણે સમાજનો પાયો ડગમગ ડગમગ થઈ રહ્યો છે.

પ્યારા વાંચક મિત્રો ! એ વાતને સારી રીતે દિલમાં બેસાડી લો કે એ ક઼ૌમ ક્યારે પણ પ્રગતિના રસ્તા પર નથી આવી શકતી જે ભાઈચારાના નામ પર ધબ્બો હોય અને હમદર્દી તથા ક઼ુર્બાનીના જઝબાથી ખાલી હોય.

પ્યારા વાંચક મિત્રો ! તમે આજથી ૧૪૦૦ વર્ષ પહેલાંના ઈતિહાસનો અભ્યાસ કરો તો તમને જાણવા મળશે કે હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ મક્કા શરીફ છોડીને મદીના શરીફ હિજરત કરી હતી. એવી હાલતમાં કે તેમની પાસે જીવન નિર્વાહ કરવાનો કોઈ સામાન ન હતો. તે દીનની હિફાઝત માટે પોતાનું ઘરબાર બધુ જ છોડીને આવ્યા હતા. અને પરેશાનીની વાત એ હતી કે તે પોતાનું જીવન કેવી રીતે પસાર કરે. તો હુઝૂર ﷺ એ તેમના અને મદીનાના સહાબાએ કિરામના વચ્ચે ભાઈચારગીનો સંબંધ બાંધ્યો. એક દિવસે રસૂલે અકરમ ﷺ એ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ના મકાનમાં બધા જ અન્સાર તથા મુહાજિરીનને ભેગા કર્યા. અન્સાર એ છે જેમણે મક્કાથી આવેલા સહાબાએ કિરામની મદદ કરી અને મુહાજિર એ સહાબા છે જે મક્કાથી હિજરત કરીને આવ્યા હતા. અને અન્સારને સંબોધીને કહ્યું કે આ બધા જ મુહાજિર તમારા ભાઈ છે. પછી અન્સાર અને મુહાજિરોમાંથી એક એકને બોલાવતા અને ફર્માવતા કે આ અને તમે ભાઈ ભાઈ છો. મદીના

શરીફના મુસલમાનોને હુઝૂર ﷺથી એટલી સાચી મહોબ્બત હતી કે આપ ﷺ જે વાતનો પણ હુકમ આપતા અન્સાર તેના પર તરત જ અમલ કરતા. જ્યારે તેમને રસૂલ તથા રસૂલના દીનથી એટલી મહોબ્બત હતી તો પછી રસૂલ ﷺએ તેમના તથા મુહાજિરોના વચ્ચે જે ભાઈચારગીનો સંબંધ ઊભો કર્યો હતો તેને તે દિલો જાનથી કેમ ન સ્વીકારતા ! એટલા માટે તેમણે આ ભાઈચારગીના સંબંધને ઘણી જ સારી રીતે નિભાવ્યો. દરેક અન્સાર પોતાના મુહાજિર ભાઈને પોતાના ઘેર લઈ ગયા અને ઘરનો બધો જ સામાન સામે લાવીને કહ્યું, તમે અમારા ભાઈ છો એટલા માટે આ સામાનમાં અડધો તમારો ભાગ છે અને અડધો અમારો, ત્યાં સુધી કે ઘર અને ખેતીમાં પણ અડધો અડધો હિસ્સો કરી આપ્યો. તેમના વચ્ચે સગાભાઈથી પણ વધારે મહોબ્બત થઈ ગઈ. જેનું દૃષ્ટાંત દુનિયાના કોઈ ઈતિહાસમાં નથી મળતું. હઝરત સઅદ બિન રબીઆ અન્સારી رضی اللہ عنہ જે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہનાભાઈ બનાવવામાં આવ્યા હતા તેમણે પોતાનો બધો જ સામાન અડધો અડધો કર્યા પછી કહ્યું કે મારી પાસે બે પત્નીઓ છે એમાંથી તમે જેને પસંદ કરો હું તેને તલાક આપી દઉં છું તમે તેણી સાથે નિકાહ કરી લો !

પ્યારા વાંચક મિત્રો ! આ ભાઈચારગી હતી જે અલ્લાહના રસૂલ ﷺએ અન્સાર અને મુહાજિરીન વચ્ચે સ્થાપિત કરી હતી. પણ આજે જોવામાં આવે છે કે માણસ પોતાના સગા ભાઈ સાથે પણ મહોબ્બત નથી કરતો. તમે શું એવું જાણો છો કે હુઝૂર ﷺએ આ ભાઈચારગી કેવળ અન્સાર અને મુહાજિરીન વચ્ચે જ કાયમ કરી હતી ? નહીં ! બલ્કે અલ્લાહના રસૂલ ﷺએ સહાબાએ કિરામના વચ્ચે આ ભાઈચારગી કાયમ કરીને કયામત સુધીના ઈન્સાનોને બતાવી દીધું કે તમે પણ એકબીજા સાથે આવી જ મહોબ્બત કરો ! કેમ કે જે માણસના દિલમાં એકબીજાની મહોબ્બત અને હમદર્દી હશે તે જ પ્રગતિ કરી શકશે.

આવો ! આપણે સહાબાએ કિરામની મહોબ્બતનો જઝબો પણ જોઈ લઈએ. હઝરત અબૂ જહમ બિન હુઝૈફા કહે છે કે યરમૂકની લડાઈમાં હું મારા કાકાના છોકરાની શોધમાં નીકળ્યો અને મેં મારી સાથે એક નાની મશક પણ લઈ લીધી. કારણ કે તેમને જો પાણીની જરૂરત હોય તો પાણી પીવડાવું. અચાનક મારો ભાઈ મને એવી હાલતમાં મળ્યો કે તેનો જીવ નીકળવાનો જ હતો. તો મેં તેને પાણીનું પૂછ્યું, તેણે પોતાનું માથુ હલાવી હામાં ઈશારો કર્યો. એટલામાં નજીકથી એકબીજા સહાબીનો દર્દભર્યો અવાજ આવ્યો તો અમે એ બાજુ ધ્યાન આપ્યું તો ખબર પડી કે એ સહાબીને પણ પાણીની જરૂરત છે. જેથી મારા ભાઈએ મને કહ્યું કે મને એવું લાગે છે કે મારા તે ભાઈને મારાથી વધારે પાણીની જરૂરત છે ! મારા ભાઈએ મને તે સહાબી પાસે પાણી લઈ જવાનો ઈશારો કર્યો. જ્યારે હું તેમની પાસે પાણી લઈને પહોંચ્યો તો ખબર પડી કે આ તો હશ્શામ બિન અબુલ આસ છે. એમની પાસે પહોંચ્યો જ હતો કે નજીકથી એક અન્ય સહાબીનો અવાજ આવ્યો. હશ્શામે મને તેમની પાસે જવાનો ઈશારો કર્યો. જ્યારે હું તેમની પાસે પહોંચ્યો તો મેં જોયું કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો. હું પાછો ફરીને હશ્શામ પાસે પહોંચ્યો તો જોયું કે તેમનો પણ ઈન્તેકાલ થઈ ગયો છે. પછી હું જલ્દીથી પોતાના ભાઈ પાસે પહોંચ્યો તો મેં જોયું કે તેમનો પણ ઈન્તેકાલ થઈ ગયો છે. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رَاجِعُوْنَ તો મારા પ્યારા વાંચક મિત્રો ! આ વાત સારી રીતે દિલો દિમાગમાં બેસાડી લો કે આ જઝબો જે પણ માણસમાં હશે તે જરૂર પ્રગતિ કરશે. જે સમાજમાં હશે તે સમાજ પ્રગતિ કરશે, જો દુનિયાનો માલો અસ્બાબ મેળવવા માટે આનો ઈસ્તેમાલ કરવામાં આવે તો એમાં પ્રગતિ થશે. જો દીની મકસદોની પ્રાપ્તિ માટે આનો ઈસ્તેમાલ કરવામાં આવે તો એમાં પ્રગતિ થશે. જેથી જરૂરત એ વાતની છે કે આપણે આપણો ભૂલેલો સબક યાદ કરીએ, આપણા અખ્લાકોથી કિરદારની ખોખલી બુનિયાદોને મજબૂત કરીએ, ઈજ્જત અને બુઝુર્ગીની કમજોર દીવાલોને સમારીએ.

*મુસલમાનો ઝરૂરત હૈ કે ફિર ઝર્રા બન જાઓ*
*સદાએ વક્ત હૈ ફિર પયકરે ઈષાર બન જાઓ*

### તફસીરે "ખઝાઈનુલ ઈર્ફાન"ના કર્તા

# સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

સદરુલ અફાઝિલ, ઉસ્તાઝુલ ઉલ્મા, મરજઉલ ફુઝલા, ઈમામુલ મુનાઝિરીન, રઈસુલ મુતકલ્લિમન હઝરત અલ્લામા અલ્હાજ હાફિઝો કારી હકીમ મુહમ્મદ નઈમુદ્દીન સાહબ મુરાદાબાદી رحمۃ اللہ علیہની ઝાતે ગિરામી દુન્યાએ ઈસ્લામની એ મહાનતમ વ્યક્તિઓમાંથી છે જેમને મિલ્લતે ઈસ્લામિયાનો સુતૂન અને દીને હક્કના ઈમામ કહેવામાં આવે તોય અતિશયોક્તિ નહીં થાય. આપનું જીવન ચરિત્ર અને કારનામાંઓ વિગતવાર લખવામાં આવે તો એક દળદાર કિતાબ તૈયાર થઈ શકે છે. અત્રે આપના પવિત્ર જીવનના અમુક અંશો પર પ્રકાશ નાખવાનો પ્રયાસ કરીશું જેથી તેને દીવાદાંડી બનાવી આપણે પણ દીન દુનિયામાં સફળતા મેળવી શકીએ.

**વિલાદત** : આપનું ઐતિહાસિક નામ "ગુલામ મુસ્તફા" છે, આપ એક આલી નસબ અને ઉચ્ચ ખાનદાનમાં પેદા થયા. આપના વાલિદે માજિદ અને પૂર્વજો હઝરત મૌલાના નઈમુદ્દીન "નુઝહત" બિન મૌલાના અમીનુદ્દીન બિન મૌલાના કરીમુદ્દીન "આરઝૂ" પોતપોતાના દોરમાં ફારસી તથા ઉર્દૂ સાહિત્યના ઉસ્તાદ અને ઈમામ માનવામાં આવ્યા છે. આપના વાલિદે માજિદના કેટલા પુત્રો હાફિઝ થઈ બાળપણમાં જ ઈન્તેકાલ ફર્માવી ગયા જેથી આપના વાલિદે માજિદે મન્નત માની હતી કે અલ્લાહ તઆલા પુત્ર અતા ફર્માવે તો તેને દીનની ખિદમત માટે વકફ કરી દઈશ, જો જેહાદ થાય તો મેદાને જેહાદમાં તેને કુર્બાન કરી આપીશ. ૨૧ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૩૦૦માં અલ્લાહ તઆલાએ આ બાબરકત ફરઝંદ અતા ફર્માવ્યો.

**પ્રારંભિક તા'લીમ** : તા'લીમની શરૂઆત કુર્આન શરીફથી થઈ. અલ્લાહ તઆલાએ આપને એવું દિમાગ અને સ્મરણશક્તિ અતા ફર્માવી હતી કે માત્ર આઠ વરસની ઉમરમાં સંપૂર્ણ કુર્આન હિફ્ઝ કરી લીધું અને આખી જિંદગી છેવટ તરાવીહમાં કુર્આન શરીફનું ખતમ કરતા. આપની સાથે લોકોને એટલી અકીદત હતી કે ભીડના કારણે જમાઅતમાં લોકોને જગા ન મળતી. ઉર્દૂ ફારસીની તા'લીમ વાલિદે માજિદથી અને અરબી તા'લીમ જામેએ મા'કૂલો મન્કૂલ અલ્લામા ફઝ્લ અહમદ તથા અન્ય ઉસ્તાઝોથી પ્રાપ્ત કરી. (رحمۃ اللہ علیہ)

તા'લિબે ઈલ્મીના જમાનામાં જ આપની દિમાગ શક્તિનો ચર્ચો હતો, માટે ઉસ્તાઝે ગિરામી પણ ઘણી જ શફકત (હેત) કરતા, હઝરત અલ્લામા ગુલ મુહમ્મદ رحمۃ اللہ علیہથી દૌરએ હદીષ મુકમ્મલ કર્યો. અઢાર વરસની ઉમરમાં સર્વ ઉલૂમે અકલિયા તથા નકલિયા અને તિબ્બે યુનાની પ્રાપ્ત કરી લીધાં. બે વરસ અધિક ઉસ્તાઝે મોહતરમની ખિદમતમાં રહી ફત્વા નવેસી વગેરેની આ'લા ખિદમતો આપી. હિ.સ. ૧૩૨૦માં ઘણી જ શાનો શૌકત સાથે દસ્તારે ફઝીલતથી સરફરાઝ થયા. એ પ્રસંગે આપના વાલિદ માજિદે પ્રસન્ન થઈ ફર્માવ્યું :

*નુઝહત" નઈમુદ્દીન કો યે કેહ કે સૂના દે*
*દસ્તારે ફઝીલત કી હૈ તારીખે ફઝીલત*

—(હિ.સ. ૧૩૨૦)

## ★ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની બારગાહમાં હાજરી ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની બારગાહમાં આપની હાજરી ઘણી જ અદ્‌ભૂત રીતે થઈ. રાજપુતાનાનો એક દેવબંદી મોલ્વી ઈદરીસ ઘણો જ ચર્બ ઝબાન હતો. તેણે આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિરુદ્ધ નિઝામુલ મલિક સમાચાર પત્રમાં એક લેખ પ્રકાશિત કર્યો. આપે એ લેખ વાંચ્યો તો એ જ દિવસે એનો જવાબ લખી એ સમાચાર પત્રને પ્રકાશન માટે મોકલી આપ્યો. અખ્બારનો માલિક વહાબી ખયાલનો હતો, તેને પ્રકાશિત કરવા તૈયાર ન થયો, પરંતુ જ્યારે તેને બતાવવામાં આવ્યું કે અખ્બારના પ્રકાશન પર અસર પડશે અને અખ્બાર સુન્ની, દેવબંદી સર્વ લોકો વાંચે છે ! તો લાલચમાં આવી આપનો લેખ પ્રકાશિત કરી દીધો. મોલ્વી ઈદરીસે તેનો જવાબ આપ્યો, આપે ફરી તેનો જવાબ લખ્યો, આ રીતે ઘણા દિવસો સુધી આ ક્રમ સતત ચાલુ રહ્યો. અમુક જગ્યાના સુન્ની લોકોએ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ખિદમતમાં પત્રો લખ્યા કે નિઝામુલ મલિક અખ્બારમાં આપના જે લેખો પ્રકાશિત થાય છે તે અમને મોકલી આપશો, તો એ પત્રો વાંચી આ'લા હઝરત رحمۃ اللہ علیہને આશ્ચર્ય થયું કે મેં તો અખ્બારને કોઈ લેખ નથી મોકલ્યો ! પછી અખ્બારના કાર્યાલયથી તે લેખ મંગાવ્યા તો વાંચી ઘણા જ પ્રસન્ન થયા અને દલીલ કરવાની પદ્ધતિ પસંદ ફર્માવી. મુલ્લા મુહમ્મદ અશરફ મુરાદાબાદી رحمۃ اللہ علیہ જે અધિક્તમ આપની ખિદમતમાં રહેતા હતા એમને પત્ર લખી બોલાવ્યા અને આ લેખો સંબંધે પૂછપરછ કરી તો તેમણે જણાવ્યું કે એ લેખો એક ફાઝિલ નૌજવાન અલ્લામા મુહમ્મદ નઈમુદ્દીન સાહબના છે. ફર્માવ્યું, આપ તેમને અહિંયાં કદી નથી લાવ્યા ? તો પછી મુલ્લા મુહમ્મદ અશશરફ رحمۃ اللہ علیہ હઝરત સદરુલ્ અફાઝિલ رحمۃ اللہ علیہને લઈ બરેલી શરીફ હાજર થયા. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ઘણી જ મહબ્બત અને શફ્કત સાથે મળ્યા, ત્યાર પછી તો મુલાકાતનો એવો ક્રમ ચાલુ થયો કે દર અઠવાડિયે હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ આ'લા હઝરત رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થતા. કદી મુલાકાત થવાને વધુ દિવસો થઈ જતા તો આ'લા હઝરત رحمۃ اللہ علیہ બેચૈન થઈ જતા અને કોઈકની સાથે અથવા પત્ર દ્વારા આપને બોલાવતા.

સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہના વાલિદે માજિદ હઝરત અલ્લામા મુઈનુદ્દીન ''નુઝહત'' رحمۃ اللہ علیہના વિસાલ પર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ નિમ્ન અશ્આર લખ્યા હતા :–

*એક શહાદત, વફાત દર રહમઝાં*
*રોઝે જુમ્આ શહાદતે દીગર અસ્ત*

*મર્ઝે તપ શહાદતે સોમી*
*બહરે હર સહ શહાદતે ખબર અસ્ત*

*દર મઝાર અસ્ત ચશ્મ વા યઅ્ની*
*પએ દીદારે યાર મુન્તઝિર અસ્ત*

*મુર્દા હરગિઝ ન મુઈનુદ્દીન*
*કે તોરા ચું નઈમુદ્દીન પિસર અસ્ત*

આપના વાલિદે માજિદની આંખો વિસાલ પછી ઉઘાડી રહી હતી, કોશિશ કરવા છતાં બંધ ન થઈ. હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہનાં મોટા બહેને કહ્યું, ભાઈ ! આંખો બધ કરવાની કોશિશ ન કરો ! શું તમને યાદ નથી કે હયાતીમાં વાલિદે મરહૂમે પોતે જ ફર્માવ્યું હતું :–

*ખુલી હૈં આંખે જો બાદે મુરદન કિસી કે ઈન્તેઝાર મેં હૂં*
*યે કૌન આતા હૈ આનેવાલા કે મુન્તઝિર મૈં મઝાર મેં હૂં*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પણ આ તરફ ઈશારો કર્યો છે :–

*દર મઝાર અસ્ત ચશ્મ વા યાઅ્ની*
*પએ દીદારે યાર મુન્તઝિર અસ્ત*

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہની ઝાત પર આ'લા હઝરત رحمۃ اللہ علیہને એવો ભરોસો હતો કે અધિક્તમ આપના મશ્વરા વિના કોઈ કામ ન કરતા. કોઈ મુનાઝરો હોતો અથવા કોઈ મહત્વનું કાર્ય હોતું તો આપને જ મોકલતા અથવા આપને જ સોંપતા.

## ★ મુનાઝરા માટેની પાત્રતા ★

અલ્લાહ તઆલાએ આપને મુનાઝરા માટેના ફન (કલા)માં એવી સંપૂર્ણ મહારત અતા ફર્માવી હતી કે પલભરમાં વિરોધીઓ લાજવાબ થઈ જતા. દરેક બાતિલ ફિર્કાવાળા અને દરેક જૂઠા ધર્મના મુનાઝિરો સાથે

મુનાઝરો કરવાની લાયકાત કોઈ એક જ વ્યક્તિમાં હોય એવું ઘણુ જ મુશ્કેલ છે, પરંતુ અલ્લાહ તઆલાએ આપને એ લાયકાત અર્પણ ફર્માવી હતી કે વિરોધી વહાબી દેવબંદી હોય કે ઈસાઈ અથવા આર્ય સમાજી હોય કોઈ આપના સમક્ષ ટકી ન શકતો.

### ★ તાલિબે ઈલ્મીના જમાનામાં એક આર્ય સાથે મુનાઝરો ★

તાલિબે ઈલ્મીના જમાનામાં જ આપે ઘણા મુનાઝરા કર્યા. એક આર્યની બદલી મુરાદાબાદ થઈ. તેણે મહોલ્લા ગુલ શહીદના કબ્રસ્તાન પાસે એક મકાન ભાડે લીધું. તે મુસલમાનોને એ રીતે પરેશાન કરતો કે કબ્રસ્તાનમાં ફાતિહા માટે જતા મુસલમાનોને કહેતો કે મૃત્યુ પછી તો રૂહ બીજા અવતારમાં પરિવર્તિત થઈ ગઈ, હવે ત્યાં શું રાખ્યું છે તે તમે ત્યાં ઊભા રહી કાંઈક પઢો છો ?! દીનની વાતોથી નાવાકેફ મુસલમાનોમાં કોઈ તેની વાતો સાંભળી ચુપચાપ નીકળી જતો, તો કોઈ કાંઈક જવાબ દેતો તો એ તેને ખામોશ કરી દેતો. છેવટે લોકો આપની બારગાહમાં આવ્યા અને કહ્યું કે અમે મદરસા શાહીમાં ગયા કે ત્યાંના કોઈ આલિમને બોલાવી તે આર્યને ખામોશ કરાવીએ પરંતુ કોઈ તૈયાર ન થયું, એવા મદરસા શું કામના જે કાફિરોને જવાબ ન દઈ શકે ! તે સમયે આપ તાલિબે ઈલ્મ હતા છતાં ફર્માવ્યું, ચાલો ! હું આવું છું ! એ લોકો સાથે આપ કબ્રસ્તાન ગયા, ફાતિહા પઢી આદત મુજબ આર્યએ આપને પણ બોલાવ્યા. આપ તેના મકાન તરફ તશરીફ લઈ ગયા, સાથે એ લોકો પણ હતા જેઓ તેને જવાબ ન દઈ શકતા હતા. આર્યએ આદત પ્રમાણે વાંધો ઉઠાવ્યો તો આપે રૂહના બાકી રહેવા ન રહેવાની બહષ છેડી દીધી, બફઝલેહી તઆલા હઝરતે એવી દલીલો રજૂ કરી કે તે આર્ય લાજવાબ થઈ ગયો અને વાયદો કર્યો કે હવે કોઈ મુસલમાનને નહીં છેડે.

### ★ એક પંડિતથી મુનાઝરો ★

એકવાર બરેલી શરીફમાં આર્યોના મશહૂર મુનાઝિર પંડિત રામચંદ્રએ મુનાઝરાની ચેલેંજ કરી. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હઝરત સદરુલ અફાઝિલને બોલાવ્યા. આપે પંડિત સાથે મુનાઝરો કર્યો અને ઘણા જ ઓછા સમયમાં તેને લાજવાબ કરી દીધો.

### ★ અરબીમાં મુનાઝરો ★

ભાગલપૂર (બિહાર)ના વહાબીઓએ ઉશ્કેરણી કરી અને મોલ્વી મુહમ્મદ અલી મોનગીરીને બોલાવ્યો જે મદરસા સવલતિયા મક્કા મુઅઝ્ઝમામાં વીસ વરસ સુધી મુદર્રિસ રહી ચૂક્યો હતો. તેને ઘમંડ હતું કે હિંદુસ્તાનમાં તેની જેમ કોઈ અરબી નથી બોલી શકતું. તેણે ચેલેંજ કરી કે એહલે સુન્નતના ઉલમામાંથી જે ચાહે મારી સાથે અરબીમાં મુનાઝરો કરે. ત્યાંના સુન્નીઓએ આ'લા હઝરત رحمۃ اللہ علیہને ટેલીગ્રામ કર્યો. આપે હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ અને હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને ત્યાં મોકલી આપ્યા. હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہએ કહ્યું, અરબીમાં મુનાઝરો કરવાની શરત અમને મંજૂર છે પરંતુ અમારી પણ બે શર્તો છે કે મુનાઝરો અરબીમાં કાવ્ય પદ્ધતિ પર થાય અને કોઈ નુકતાવાળા શબ્દનો પ્રયોગ ન થવો જોઈએ. એ શર્તો સાંભળતાં જ મોલ્વી મોનગીરી અને તેના ચેલાઓ હક્કાબક્કા રહી ગયા અને મેદાન છોડી નાસી ગયા. સુન્નીઓએ ફતેહનો જશ્ન મનાવ્યો જેમાં હઝરતે અત્યંત ફસીહો બલીગ (ઉમદા વાણીમાં) તકરીર ફર્માવી.

**તકરીર** : આપની તકરીર પણ ઘણી જ મા'લૂમાતી અને અસરકારક હોતી, આપની તકરીરનું એક વાક્ય પણ છોડવા કોઈ ન ઈચ્છતું. ઈલ્મો ઈર્ફાનની વર્ષા થતી, ફયૂઝના દરિયા વહેતા, આયતો અને હદીષોથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ફઝાઈલમાં એવા નુકતા બયાન કરતા કે જય્યદ ઉલમા પણ દંગ રહી જતા. દરેકવાર એક એક આયત પર નવું જ બયાન થતું. સારાંશ કે દરેક ઈલ્મો ફનમાં આપને કમાલ હાંસલ હતો, ફલ્સફા તથા મન્તિકના મુશ્કેલ મસ્અલાઓ, શરીઅત તથા તરીકતની બારીક બાબતોને ઈશારામાં હલ ફર્માવી દેતા. વિરોધીઓ પણ આપની ખુદાદાદ સલાહિયતોને સ્વીકારતા હતા.

### ★ પ્રથમ સફરે હજ્જ ★

હિ.સ. ૧૩૫૪માં આપે પહેલી હજ્જની સફર કરી જેમાં સુલ્તાનુલ મશાઈખ, કુત્બે દોરાં હઝરત અલ્લામા

અશ્શાહ સૈયદ અશ્રફીમિયાં સાહબ કિછોછવી رحمۃ اللہ علیہ અને હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તથા અન્ય ઉલ્મા, અકાબિર તથા હઝરત ખતીબે આ'ઝમ મૌલાના મુહમ્મદ નઝીરુલ અકરમ رحمۃ اللہ علیہ તથા પુષ્કળ સંખ્યામાં અક઼ીદતમંદો આપની સાથે હતા. કલકત્તાની બંદરગાહથી આ કાફ઼લો રવાના થયો.

રવાનગી પહેલાં સઊદી હુકૂમતને કલકત્તાના અમુક અગ્રણી લોકોએ ટેલીગ્રામ કર્યો કે હિંદુસ્તાનના અકબિર અને મશાઈખની એક જમાઅત સફરે હજ્જ માટે આવી રહી છે જેમના અક઼ીદા સઊદી હુકૂમતના અક઼ીદાઓ વિરુદ્ધ છે, તેઓ તમારા અક઼ાઈદને ગલત માની તમને ઈસ્લામથી ખારિજ જાણે છે, તેઓ તમારી જમાઅતથી અલગ નમાઝો પઢશે, હજ્જના બીજા અરકાન પણ પોતાની રીતે કરશે માટે સઊદી હુકૂમત તેમના પ્રતિ પોતાનું વલણ સ્પષ્ટ કરે કે તેમની સાથે શો વર્તાવ કરશે. એના જવાબી તારની એક નકલ જહાઝમાં જ હઝરતની બારગાહમાં પણ આવી, જેમાં લખ્યું હતું કે સઊદી હુકૂમતને અમુક જિમ્મેદારો તરફથી ઉપરની વિગતનો તાર મળ્યો છે તેનો જવાબ એમને પણ મોકલવામાં આવ્યો છે અને એક નકલ આપને પણ મોકલવામાં આવી રહી છે કે આપ શોખથી પધારો, નમાઝ અને બીજા અરકાન ઈચ્છા મુજબ અદા કરો, સઊદી હુકૂમત તરફથી કોઈ જાતની દખલગીરી નહીં કરવામાં આવે, સઊદી હુકૂમતની ખ્વાહિશ છે કે આપ તેના મહેમાન બનો, હુકૂમત આપના માટે સવારી તથા મકાન વિગેરેની વ્યવસ્થા કરશે. જવાબમાં આપે લખ્યું કે અમે ફક઼ીર લોકો છીએ જેથી હુકૂમતની મહેમાની કોઈ રીતે અમારા લાયક નથી, બસ એ જ પૂરતુ છે કે અમારા કોઈ કામમાં દખલગિરી કરવામાં ન આવે. તેમ છતાં જિદ્દાના સાહિલ પર હુકૂમતના કાર્યકર્તાઓએ ઘણા પ્રયાસ કર્યા કે આપ સઊદી હુકૂમતની મહેમાની ક઼બૂલ કરી લે પરંતુ આપે ન સ્વીકારી.

મદીના શરીફના ક઼યામ દરમિયાન આપે જોયું કે સઊદી પોલીસકર્મીઓ રોઝએ અત્હર તરફ પીઠ કરીને બલ્કે જાલી મુબારક સાથે ટેકો લગાડીને બેસે છે, જ્યારે આશિક઼ જાલી મુબારકને ચૂમવા ઈચ્છતો તો મર્દને હાથ પકડી ખેંચી લેતા અને ઔરતના સીના પર હાથ મારી પાછળ ધકેલી દેતા. દરબારે રિસાલતમાં આવી ગુસ્તાખી આપનાથી બરદાશ્ત ન થઈ, તુરંત જ અરબીમાં તેમને કડક શબ્દો સંભળાવ્યા કે નામહરમ ઔરતને હાથ લગાડવો આમ જ હરામ છે અને દરબારે રિસાલતમાં તો સખત હરામ છે ! તેઓ આપનો જલાલ જોઈ ગભરાઈ ગયા, તેમણે જાણ કરી ક઼ાઝીએ શહર અને કોતવાલને બોલાવ્યા. હઝરતે તેમને પણ એ જ કહ્યું, થોડીવાર બહષ ચાલી, મિસ્ર, તુર્કી, શામ અને ઈરાકના ઘણા લોકો ભેગા થઈ ગયા. છેવટે ક઼ાઝીને સ્વીકારવું પડયું કે આ ખોટું છે, અને હઝરતથી માફી માંગી, જ્યાં સુધી આ મુબારક જમાઅત ત્યાં રહી નજદી સિપાહીઓને ગુસ્તાખીની હિંમત ન થઈ. આપના ઈલ્મો ફઝ્લની ખ્યાતિ સાંભળી અન્ય દેશોના અકાબિર ઉલમા મુલાકાત માટે આવતા રહ્યા, આ મુબારક સફર એક અનોખો સફર રહ્યો.

**તબ્લીગનો જઝ્બો** : એહલે સુન્નતમાં એકતા અને ઈત્તેહાદ પેદા કરવા મુસ્લિમોને એક કેન્દ્ર પર લાવવા માટે આપના દિલમાં એક સાચો જઝ્બો હતો, એના માટે આપે ઘણી કોશિશો કરી, રાત દિવસ સફર કરતા, તકલીફો ઉઠાવી દરેક પ્રકારની કુર્બાની આપી. અલ્લાહ તઆલાએ તેના હબીબ ﷺના સદક઼ામાં એવી સફળતા અતા ફર્માવી કે દુનિયા દંગ રહી ગઈ અને બનારસમાં એપ્રિલ ઈ.સ. ૧૯૪૫માં ઓલ ઈન્ડિયા સુન્ની કોન્ફરન્સનું ભવ્ય આયોજન થયું, આ અઝીમુશ્શાન કોન્ફરન્સમાં અખંડ ભારતના ખૂણા ખૂણાથી અકાબિર ઉલ્મા તથા મશાઈખ આપની દા'વત પર તશરીફ લાવ્યા.

### ★ આપની અઝીમ યાદગાર ★

સદરુલ અફ઼ાઝિલ رحمۃ اللہ علیہની એક અઝીમ યાદગાર જામિઆ નઈમિયા છે, જેનો ફય્ઝાન દેશ વિદેશમાં જારી છે. તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન કુર્આનની ઉમદા તફસીર છે એ ઉપરાંત આપની ઘણી કિતાબો પણ છે.

**વફાત** : અમુક મહત્વના કાર્યો અધૂરાં હતાં કે એવામાં ૧૮ ઝિલ હજ્જ હિ.સ. ૧૩૬૭માં ૬૭ વરસની ઉંમરમાં વિસાલ ફર્માવ્યો.

*યે ઝિંદા હૈ કરામત અય અમીરે કારવાં તેરી*
*લહદ મેં જાકે ભી બાક઼ી હૈ શાને રહબરી તેરી*

–(*પયામે હરમ–જમદાશાહી, માર્ચ–૨૦૧૦*)

# બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

**★ બરકાતે ખ્વાજા, મસ્લકે આ'લા હઝરતનું બેનમૂન તર્જુમાન ! ★**

મુહિબ્બે ગિરામી, મુજાહિદે એહલે સુન્નત મોહતરમ આલી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી, સલામ મસ્નૂન બાદ જણાવવાનું કે, આપનો તંત્રી લેખ ''મહબ્બે રસૂલ ﷺનો તકાઝો અને મહોબ્બતના દાવેદારોની હાલત'' બધુ જ વલવલા અંગેઝ પેશ કરેલ છે. તે ખુદાએ લમયઝ તમામ સુન્ની ભાઈઓની સમજમાં આવી જાય તો બદ્મઝહબોથી જરૂર અલગ નજર આવશે. આપની મુજાહિદાના કોશિસો ચાલુ રાખશો. ''બરકાતે ખ્વાજા'' (માસિક) તર્જુમાને ''મસ્લકે આ'લા હઝરત'' છે, ખુદા કદીર તેને દિન બ દિન તરક્કી આપે. (આમીન) અન્ય લેખો સરસ અંદાજથી રજૂ કરેલ છે જેમાં ''હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ''ની શાનમાં હઝરત શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી જીલાનીનો લેખ સરસ છે. *–અબ્દુલસત્તાર રઝવી નૂરી (વઢવાણસિટી)*

**તલાલાગીર** : તા. ૨–૧૧–૨૦૧૦ મંગળવારે જશ્ને સરકાર બિલાલે હબશી رضی اللہ عنہ મનાવાયો જેમાં પીરે તરીકત હઝરત સૈયદ દાદામિયાં બાપુ સાવરકુંડલાવાળાની સદારતમાં ખતીબુલ હિંદ હઝરત અલ્લામા મુફતી અન્વાર એહમદ કાદરી (ઈન્દોર, એમ.પી.)એ શાનદાર બયાન કર્યું હતું તેમજ મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી જનાબ સુલ્તાન (રઝા) વડોદરાએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. નિઝામત હઝરત મૌલાના નજમુલ હુદા સાહેબે નિભાવી.

**વેરાવળ** : તા. ૩–૧૧–૨૦૧૦ બુધવારે રાત્રે જશ્ને પંજતન પાક બાગે યૂસુફ કોલોનીમાં મનાવાયો જેમાં ખતીબુલ હિંદ હઝરત અલ્લામા મુફતી અન્વાર અહમદ કાદરી (ઈન્દોર) સાહેબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું તેમજ જનાબ સુલ્તાન રઝા સાહબે નઅતો પેશ કરી હતી. (રજૂ. હાજી કાલુ કરવત રઝવી, પ્રમુખ : અલબરકાતી ગૃપ–વેરાવળ)

**★ શાદી મુબારક ★**

**સૂરત** : જનાબ મકસૂદભાઈ રાજવાનીની નેક દુખ્તર બુશ્રાના નિકાહ મુહમ્મદ નવાઝ (S/o. અમીન હારૂન પોથીવાલા) સાથે મસ્જિદે આરિફિયા (અડાજણ પાટીયા– સૂરત) ખાતે થયા જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ નઅત તથા બયાન અનોખા અંદાજમાં પેશ કર્યું. રાત્રે ઈશા બાદ સગરામપુરામાં મૌલાના શાકિર અલી નૂરી તેમજ મુફક્કિરે ઈસ્લામ હઝરત કમરૂઝ્ઝમાંખાં આઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)એ ફિક્રઅંગેઝ ઈમાન અફરોઝ બયાન હજ્જની હિકમતોના અનુસંધાનમાં કર્યું હતું.

**નડિયાદ** : જનાબ અબ્દુર્રહમાનભાઈ અ. ગની મેમણની નેક દુખ્તર ફઈમ્માબાનુની શાદી મુહમ્મદ ઈર્શાદ (S/o. મુહમ્મદ અનીસ બસમતવાળા–સૂરત) સાથે તા. ૭–૧૧–૨૦૧૦ના રોજ રાખવામાં આવી એ નિમિત્તે ૬–૧૧–૨૦૧૦ના રોજ ઈશા બાદ મેહફિલે નઅત સજાવવામાં આવી જેમાં મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ રઝા સાહબે મુંબઈથી તશરીફ લાવી શાનદાર નઅતો પેશ કરી હતી.– મુબારકબાદ ! તંત્રી

**કપડવંજ** : મિસ્ત્રી બશીરભાઈ ઈસપભાઈની નેક દુખ્તર સીફાનાબાનુની શાદી અબુલ હસન સાથે તથા તેમની બહેનો રેહાનાબાનુની શાદી અ.કૈયૂમ સાથે અને રૂબીનાબાનુંની શાદી સુલેમાન સાથે તા. ૨૪–૧૧–૨૦૧૦ બુધવારે રાખવામાં આવી. *મુબારકબાદ ! તંત્રી*

**જંબુસર** : જુમ્આ મસ્જિદ પાસે, સૈયદવાડ ખાતે જનાબ સૈયદ ઈમ્તિયાઝ અલી મુઝફફરઅલી ઉર્ફે મજુમિયાં બાપુની નેક દુખ્તર સૈયદા ઈરફતજહાંની શાદી કાદરી રફીકુદ્દીન (S/o. ઈલ્મુદ્દીન હિસામુદ્દીન કાદરી ગોઠડાવાલા) સાથે તા. ૨૨–૧૧–૨૦૧૦ના સોમવારે રાખાવમ આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**વેરાવળ** : મુકામે જનાબ અબ્દુલ મજીદ અ. ગની ચોહાણના નેક ફરઝંદ મૌલાના મુહમ્મદ મુહમ્મદ ઈદ્રીસના નિકાહ શબાનાબાનુની સાથે તા. ૩૦/૧૦/૨૦૧૦ શનિવારે ઈશાની નમાઝ પછી

મસ્જિદે તુર્કીયામાં નિકાહખ્વાની રાખવામાં આવેલ હતી જેમાં હઝરત મૌલાના મહબૂબ સાહબ રાજકોટવાલાએ તક઼રીર ફર્માવી અને નિકાહ પણ એમને પઢવ્યા હતા. આ શાદીમાં તમામ સુન્ની ઉલમાઓએ હાજરી આપેલ હતી. *–રજૂકર્તા : હાજી કાલુ કરવત રઝવી*

**દયાદરા** : જનાબ ઈબ્રાહીમ ઈસ્માઈલ રૂડીના નેક ફરઝંદ "સરફરાઝ"ની શાદી તા. ૨૪–૧૦–૨૦૧૦ના રોજ યૂસુફભાઈ ઈસ્માઈલ રૂડીની નેક દુખ્તર "મેહઝબીન" સાથે રાખવામાં આવી. જે પ્રસંગે ખુશીમાં રૂા. ૨૦૦/– અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ને ઈબ્રાહીમભાઈ રૂડીએ આપ્યા છે. (જઝાકલ્લાહ ! મુબારકબાદ ! –તંત્રી)

**દયાદરા** : જનાબ ઉષ્માન મુહમ્મદ શેઠની નેક દુખ્તર મશહૂદાની શાદી તા. ૬–૧૧–૨૦૧૦ના રોજ દાઊદભાઈ પટેલ (જમાલપુર–અમદાવાદ)ના નેક ફરઝંદ ફારૂક઼ સાથે રાખવામાં આવી. (મુબારકબાદ ! –તંત્રી)

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

**નબીપુર** : મક઼ામે અહમદ આદમ દસુનો તા. ૨૬–૧૦–૨૦૧૦ના રોજ અચાનક હાર્ટ એટેક થવાથી દુઃખદ ઈન્તેકાલ થઈ ગયો છે.

**દયાદરા** : ખાતે સુલેમાન ઈબ્રાહીમ ભાનો તા. ૨૭–૧૦–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

**દયાદરા** : ખાતે જનાબ યૂસુફ શેઠ બોનાન્ઝા STD PCOવાળાનાં વાલિદા સાહિબા મોટા ચકલા પર આયશાબેન મુહમ્મદ શેઠનો તા. ૬–૧૧–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

ઉપરોક્ત મર્હૂમોની રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં કરવટ કરવટ મગફેરત ફર્માવે તથા જન્નતમાં આલાથી આલા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. મર્હૂમો માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરવામાં આવ્યો તથા મગફેરતની દુઆ કરવામાં આવી. *–તંત્રી*

**લેખ હરીફાઈમાં ભાગ લો : કરજ લેનાર તથા આપનાર અને ઈસ્લામી શરીઅત**

વર્તમાનકાળમાં સામાન્યતઃ લોકો કરજ ઉધાર–ઉછીના લઈને આપનારને પરત કરતા નથી. તો આમ કરવું શરીઅતની રૂએ કેવું છે ? સાથોસાથ કરજ આપવાની ફઝીલત શું છે ? તથા કરજદારને મોહલત આપનાર તથા માફ કરનાર માટે શી ફઝીલતો છે ? તથા કરજ લઈને ખોટા કરનાર પર શરીઅતનો શું હુકમ લાગે છે તેની વિગતો સાથે લેખ મોકલવો.

**તા. ૧૦–૦૧–૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો. *–તંત્રી***


૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો **કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?**

મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો.

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

**૨૦ રૂા. મ.ઓ. કરી કિતાબ મંગાવો "નવ મિનિટમાં નવ કુર્આન" (કિતાબ)**

કુર્આની સૂરતો ફઝીલત સાથે અસલ અરબી મતન તથા ગુજરાતી લિપિયાંતરવાળી કિતાબ મંગાવો : (ટપાલ ખર્ચ સહિત રૂા. ૨૦) પ્રકાશક : અબ્દુલગની મિયાં અહમદ રાજેભાઈ (M.A.LL.B.)
સરનામુ : ૫/૨૦૨૫, આસિફ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર–૩૮૩ ૦૦૧ મો. : ૯૯૨૪૧ ૫૯૯૧૯

**૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો (કિતાબ) મહઝબી સવાલ જવાબ (ભાગ–૨)**

પેજીસ–૬૦ દીની માલૂમાતમાં, જનરલ નોલેજમાં વધારો કરવા માટે જરૂરથી મંગાવશો.

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની કવાર્ટર્સ, નં. ૯૧–ડી, મુ હાપા–૩૬૧ ૧૨૦ જિ. જામનગર

**સખીદાતાઓ ! એક નઝર ઈધર ભી !**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
**Web. :www.barkatekhwaja.net   Email : anjuman2006@hotmail.com**

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી, સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયૂઝાને કરમથી આપણી પ્યારી સંસ્થા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ક્રમે ક્રમે તરક્કી કરી રહેલ છે. ઈ.સ. ૨૦૦૨થી સામાન્ય હોલમાં "હિફ્ઝ કલાસ" ઉમદા કારીની તા'લીમ હેઠળ પીરે તરીકત હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદી (શાહઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہ)ની ભલી દુઆઓ સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવીની નિગરાનીમાં શરૂ થયો અને **આજે તજવીદ સાથે સહીહ કુર્આન પઢવા બાબતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના હાફિઝો તથા તલબા પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અલ્હમ્દુલિલ્લાહ !** પાંચ વરસ પર આલિમ કલાસની શરૂઆત કરી હતી આજે રાબેઆ જમાઅત સુધી તલબા પહોંચ્યા છે. દર વર્ષે એક જમાઅત આગળ વધે છે, જેમની પાછળ ઉમદા ઉસ્તાદો મહેનત કરી રહ્યા છે. અમામાની તથા સુન્નતોની પાબંદી સાથે લિબાસમાં ડિસિપ્લીન સાથે તલબાને યોગ્ય તા'લીમ સાથોસાથ અંગ્રેજી તથા કોમ્પ્યુટરની તા'લીમના પિરિયડમાં દરેકને ફરજીયાત તા'લીમ અપાય છે તથા પરીક્ષા પણ એની લેવાય છે. તેમજ દીની ખિદમત કરવાની પ્રેરણા માટે સતત તર્બિયત ઉસ્તાદો થકી ડેઈલી થાય છે. આસપાસ ગામોમાં **નૂરી કાફલા** મોકલી તબ્લીગે દીન કરવામાં આવે છે. હાલ લગભગ ૭૦ તલબા ઉપરાંત ૫– મિસ્બાહી આલિમોમાં એક મુફ્તી સાહબ, ૨–કારી સાહબો તથા અન્ય થઈને ૧૦નો સ્ટાફ છે. ખર્ચ દિવસે દિવસે વધી રહ્યો છે જેને પહોંચી વળવુ કઠિન જણાય છે. માટે કેવળ અલ્લાહની રઝાને ખાતર આ તરફ સહાયનો હાથ લંબાવવા અપીલ છે.

## ✯ અમારી જરૂરતો પ્રતિ લક્ષ કરશો ! ✯

★ દારુલ ઉલૂમનો અનાજ–પાણી, પગાર વગેરેનો હાલ વાર્ષિક ખર્ચ લગભગ **રૂા. ૧૨ લાખ છે.**

★ હાલ ચાર રૂમો ફર્સ્ટ ફલોર પર બંધાય છે તેનું દેવું **રૂા. ૧.૨૫ લાખ** બાકી છે.

★ મસ્જિદ તથા દારુલ ઉલૂમ બંને માટે વુઝૂ ખાનુ, હોજની જરૂરત હોવાથી **રૂા. ૫.૫૦ લાખ** ખર્ચ થયો, જે ફાળાની રકમ પર જ થયો છે, કોઈ સખીદાતા આગળ આવે અને તેને પોતાના મર્હૂમોના સવાબે જારીયા અર્થે ચૂકવી આપે.

★ લાયબ્રેરી હોલ બનાવવો બાકી છે જેનો ખર્ચ **રૂા. ૮ લાખ** થશે.

★ ફેમિલી ક્વાટર્સ સંપૂર્ણ કરવા **રૂા. ૩ લાખ ખર્ચ** થશે જેમાં બે ફેમિલી (૧ રૂમ રસોડુ) રહી શકશે.

આ ઉપરાંત અન્ય યોજનાઓ અનુકૂળતા પ્રમાણે અમલમાં આવશે તો આપનાથી ભરપુર સહકારની અપેક્ષા છે. તમારા થતા મર્હૂમોના સવાબ અર્થે બાંધકામમાં લિલ્લાહ તેમજ ખેરાત ઉપરાંત ઝકાત, સદકા, ન્યાઝ, કુર્બાનીની ખાલો વગેરેથી સહાય કરશો.

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)   ✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**

આલમી તેહરીક "સુન્ની દાવતે ઈસ્લામી"નો ૨૦મો વાર્ષિક

# સુન્ની ઈજતેમા અભૂતપૂર્વ કામયાબ !

—કાર્યાલય

**મુંબઈ** : આઝાદ મેદાન (વાદીએ નૂર) ખાતે તા. ૩૦–૧૦–૨૦૧૦ જુમ્આની નમાઝ બાદ બહેનો માટે ઈજતેમા જનાબ કારી રિયાઝુદ્દીન અશરફીની તિલાવતથી શરૂ થયો. બુલબુલ બાગે મદીના અલ્હાજ કારી રિઝવાનખાન સાહબે નઅતિયા કલામ પેશ કર્યા બાદમાં મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી સૈયદ અહમદ સાહબની દુઆ સાથે બયાનાતનો ક્રમ શરૂ થયો. દુઆની કબૂલિયત, પડોશીના હક્કો, પતિ પત્નીના હક્કો પર સૈયદ સાહબે ચર્ચા કરી. અમીરે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવીએ "તર્બિયતે ઔલાદમાં માનો રોલ" એ વિષયે તથા મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)એ સહાબિયાતના જીવન ચરિત્રોના દાખલા આપી તેના જેમ જીવન બનાવવા બહેનોને સૂચન કર્યું.

તા. ૩૦–૧૦–૧૦ શનિવારે મર્દોનો ઈજતેમા ફજર બાદ તિલાવતે કુર્આનથી શરૂ થયો, નમાઝે ઈશ્રાક, ચાશતની ફઝીલતો દર્શાવાયી અને નમાઝો પઢાવાઈ. ૧–૩૦ વાગે જામિઆ હિરા–મહાપુલીના તાલિબે ઈલ્મે નઅત પઢી પછી જામિઆ ગૌષિયા–મુંબઈના તાલિબે ઈલ્મ મુહમ્મદ હુસૈને "ઈલ્મે દીનની અહમિયત અને મકામે ઉલમા" પર હસીન અંદાઝમાં બયાન કર્યું. ઈમ્ત્યાઝ રઝા–ભિવંડીએ "મુહબ્બતે રસૂલ" પર બયાન કરી અમુક સુન્નતો શીખવાડી. મૌલાના અબુલહસન નૂરીએ નમાઝ પર, મુહમ્મદ સાદિક મુબલ્લિગે "મલ્ટિ મીડિયા અને આપણે" એ વિષયે, મૌલાના મુહમ્મદ કાસિમ અઝહરી દુબઈએ "દાવત તથા તબ્લીગ" પર, મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (ભરૂચ)એ "ઈખ્તિયારાતે મુસ્તફા" પર સરસ બયાન કર્યું. મુફસ્સિરે ઈસ્લામ આઝમી સાહબે "ઈસ્લામકા નિઝામે અદ્લ વ મુસાવાત" ના વિષયે ઈમાન અફરોઝ બયાન આપ્યું. અલ્લામા નસીમ અશરફ જયબી (ડર્બન)એ સમાજની સુધારણા તથા શાંતિ માટે ઈસ્લામ પર ચાલવાનું મહત્વ સમજાવ્યું. અમીર સુન્ની દાવતે ઈસ્લામીએ "ઝબાનની હિફાઝત" પર વલવલા અંગેઝ બયાન કર્યું. દુઆ હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (બાની : દારુલ કલમ–દિલ્હી)એ કરી છેવટે મુબલ્લિગોએ હલકામાં વિવિધ મસાઈલ, સુન્નતો શીખવાડી.

તા. ૩૧–૧૦–૨૦૧૦ રવિવારે ઈજતેમાની શરૂઆત તહજ્જુદની નમાઝથી થઈ, તહજ્જુદના ફઝાઈલ બયાન થયા. જનાબ અઝમતુલ્લાહ સાહબ બેંગ્લોર, હાફિઝ મુહમ્મદ અમીન–સૂરતે સબ્ર તથા નમાઝ પર, સૈયદ અમીનુલ કાદરી–માલેગાંવે બીમારની ખબર લેવા (બીમારપુર્સી) પર, ખ્વાજાએ ઈલ્મો ફન હઝરત ખ્વાજા મુઝફ્ફર હુસૈન સાહબે ખત્મે બુખારી કરાવી અને ૩૫ ઉલમા, હુફ્ફાઝ તથા કારીઓની દસ્તારબંદી થઈ. મુહક્કિકે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબે ઘણા બધા પબ્લિકના દીની સવાલોના જવાબો આપ્યા. અમીરે સુન્ની દાવતે ઈસ્લામીએ "અઝાબે ઈલાહી ઉતરવાના સબબો" પર ઈબ્રતનાક બયાન કર્યું. અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી સાહબે "ઈસ્લામકા નિઝામે અદ્લ"એ વિષયે વિગતવાર અસરકારક બયાન આપ્યું. અઝીઝે મિલ્લત અલ્લામા અબ્દુલ હફીઝ સાહબ કિબ્લા સરબરાહે આ'લા જામિઆ અશરફિયા–મુબારકપુરએ સુન્ની દાવતે ઈસ્લામી તેહરીક તથા અમીરે સુન્ની દાવતે ઈસ્લામીને આ મહાન તર્બિયતી ઈજતેમા બદલ મુબારકબાદ" આપી સમર્થન કર્યું. હઝરત શયખ અબૂબક્ર (બાની અષ્ષકાફતુસ્સુન્નિયા–કેરાલા) તેમજ હઝરત અલ્લામા યાસીન અખ્તર–મિસ્બાહી, હઝરત મુફતી સલીમ સાહબ, હઝરત અલ્લામા ગુલામ ગૌષ અલ્વી અને મુંબઈ તેમજ મુંબઈ બહારના પુષ્કળ ઉલમા સ્ટેજ પર મૌજૂદ રહ્યા. અમીરે સુન્ની દાવતે ઈસ્લામીની રિક્કતઅંગેઝ દુઆ તથા સલામો સલામ પર ઈજતેમા પૂર્ણ થયો. એ સમયે પૂરું આઝાદ મેદાન લાખો માનવોના પુરની જેમ મોજાં મારતુ હતું.